# સ્મૃતિસંતાપ

લેખક: જયંતીભાઈ પટેલ

Smrutisantap

Gujarati novel

by

Jayantibhai Patel

(C) Jayantibhai Patel

First edition, July, 2015

Price $ 10.00

# અર્પણ

**ક્રીએટ સ્પેસ અને એમેઝોન પરથી**

**મારાં પુસ્તકો ખરીદીને વાંચતા**

**મારા પ્રિય વાંચકો**

**ને**

**મારાં પુસ્તકોની ભલામણ કરનાર**

**સૌ સ્નેહી મિત્રોને**

**સપ્રેમ**

# કથાની કથા

જે વાંચકો મારી લેખનશૈલીથી પરિચિત છે એમને ખબર છે જ કે હું બહુધા પ્રણયત્રિકોણવાળી કથાનું સર્જન કરતો નથી.

પણ કેટલાક સમય પહેલાં મને વિચાર આવ્યો કે જો પ્રણયત્રિકોણને બદલે પ્રણયનો ચતુષ્કોણ રચાયો હોય તો? ને એમ આ કથાનું સર્જન થયું.

આ કથા જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ એમાં નવા નવા વળાંક આવતા ગયા. છેવટે એ એક એવા ત્રિભેટે આવીને અટકી કે મારે એને પૂરી કરતા પહેલાં છ મહિનાનો સમય લેવો પડ્યો.

આમ છતાં મને ભય છે કે આ કથાના અંત અંગે વાંચકોને ઘણું કહેવાનું મન થશે. ઘણાને એનો અંત અપૂર્ણ લાગશે. પણ હું એ અંગે લાચાર છું.

આ નવલકથા હું મારાં અન્ય પુસ્તકોની જેમ મારી વેબસાઈટ પુસ્તકાલય.કોમ તથા ક્રીએટ સ્પેસ તથા એમ. એમ. સાહિત્ય મારફતે પણ પ્રસિધ્ધ કરી રહ્યો છું.

આશા છે કે વાંચકો મારી અન્ય કથાઓની જેમ આને પણ વધાવી લેશે.

આપને આ નવલકથા અંગે કાંઈ કહેવું હોય તો મને મારા ઈમેલ પર આપ જણાવી શકો છો. મારું ઈમેલનું સરનામું આ પ્રમાણે છે: jd4books@gmail.com

હું છું આપનો
જયંતીભાઈ પટેલ

# અનુક્રમ

૧. રાગિણી..................................૭
૨. અદરાયાં...............................૧૯
૩. રાગિણીનો નવો રાગ..............૨૯
૪. પહેલો પત્ર............................૪૨
૫. સ્મૃતિના સંતાપ.......................૫૨
૬. બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન..................૬૨
૭. શાલિનીનું તત્વજ્ઞાન................૭૦
૮. સુરતથી ડુમ્મસ.......................૮૦
૯. અકસ્માત................................૯૫
૧૦. ગજગ્રાહ...............................૧૦૪
૧૧. સુરતની સહેલગાહ................૧૧૨
૧૨. સિનેમામાં..............................૧૨૦
૧૩. મેઘના ને જીતુભાઈ................૧૨૬
૧૪. રાગિણીની દ્વિધા.....................૧૩૪
૧૫. વડીલોની દ્વિધા.......................૧૩૮
૧૬. પ્રણવનો કેસ પિતાની કૉર્ટમાં....૧૪૫
૧૭. બે સમદુખિયાં........................૧૫૮

# લેખકનાં અન્ય પુસ્તકો

સ્વર્ગયાત્રા
ધરતીને છેડે ઘરડાઘર?
સ્મૃતિસંતાપ
બેગમ
અંતાણી નિવાસ
ગોમતીગઢનો ખજાનો
મનેખ માટીનાં
મેલા મનનું માણસ
જો થઈ છે!
સમણાં
શેઠ વરણાગીલાલ
ધરતીનો બીજો છેડો
વસમા ઓરતા
હસતાં સૌ સુખિયાં થયાં (રમૂજી ટુચકા સંગ્રહ)
થોડી હસી મજાક (હળવી વાર્તાઓ)
જાસુસ (નવલકથા, અન્ય લેખકો સાથે)
હરિયાળી ધરતીનાં મનેખ (નવલકથા. અન્ય લેખકો સાથે)
છૂટાછેડા (નવલકથા, અન્ય લેખકો સાથે)

# ૧. રાગિણી

માધાભાઈ આર્ટ્સ કૉલેજનો રંગીન ઉદ્યાન, ફૂલેભરી ક્યારીઓ પર આમથી તેમ ઊડતાં રંગબેરંગી પાંખોવાળાં પતંગિયાં, તાજાં વર્ષા છાંટણાંથી ભીંજાયેલી ધરતીની મીઠી મહેંક અને પવનની લહેર સાથે ડોલતી વૃક્ષની ડાળીઓ પરથી ટપકતાં અમીછાંટણાં.

આવામાં પ્રણવ અને મેઘના જ બહાર નીકળવાનું વિચારે. રાગિણીએ પહેલાં એમ જ વિચારેલું છતાં પ્રણવ અને મેઘનાની તપાસ કૉલેજમાં કર્યા પછી, એમને ત્યાં ન શોધી શકતાં એ ઉદ્યાન તરફ વળેલી.

રાગિણીની ચાતક નજરે જાણે મેઘ ભાળ્યો હોય એમ એણે પ્રણવ અને મેઘનાને સાથે ઊભેલાં જોયાં એટલે એનાથી એ તરફ ગયા સિવાય રહેવાય જ કેમ! જો કે તેમ છતાં પોતે અજાણ્યે જ એ તરફ આવી ચઢી હોય એમ દેખાવ કરવાનું પણ તે ચૂકી નહીં. તેને બીજી તરફ ચાલી જતાં જોઈને મેઘના બોલીઃ ‘કેમ રાગલી, કશા વિચારમાં છે કે શું?’

‘ઓહ, તમે બેય અહીં જ છો!’ જાણે મેઘનાના અવાજથી જ એને એ બેય અહીં હોવાની હમણાં જ જાણ થઈ હોય એમ રાગિણી બોલી. વાસ્તવમાં એ પહેલાં કૉલેજની લૉબીથી લાયબ્રેરી સુધી એમને શોધવાનું ચક્કર માર્યા પછી જ એમને શોધતી અહીં આવી હતી.

‘અમનેય તેં કહ્યું ત્યારે જ ખબર પડી કે અમે અહીં છીએ, કેમ મેઘના?’ પ્રણવે એના સદાયના રમૂજી લહેંકા સાથે કહ્યું.

‘તો ક્યારનાંય બેય કોઈ બીજી જ દુનિયામાં વિહરતાં હતાં કે શું?’ રાગિણી આવી મજાક સાંભળીને એનો જવાબ ન આપી શકે

એવી અરસિકા ન હતી.

‘અમે તો સખી, તારી જ રાહ જોતાં હતાં એમ કહીશું તો અમારી વાત તારા માન્યામાં નહીં આવે.’ મેઘનાએ પણ તેને ઉડાવતાં કહ્યું.

‘આવી મોસમમાં મલ્હાર ગાતી હું અહીં આવવાની હોઈશ એવું માનવું તમારી વાતને અસત્ય સાબિત નથી કરી રહ્યું શું?’

‘અમારી વાત તો તું અહીં આવી એ વાતથી જ સાબિત થઈ જ ગઈ છે, પછી ખોટો વિવાદ શાને!’

પ્રણવ એક આકર્ષક અને વાચાળ યુવક હતો. એ આખી કૉલેજમાં જાણીતો ને બધાને ગમતો પણ હતો. કેટલીક વાતોમાં તો એ વગર ચૂંટાયા છતાં આગેવાન ગણાતો હતો. કૉલેજનો જનરલ સેક્રેટરી પણ વખત આવ્યે એની સલાહ લેતો હતો ને!

એ સ્વભાવે થોડો ટીખળી ખરો પણ અભ્યાસમાં કાયમ પ્રથમ વર્ગમાં જ પાસ થતો હતો. અભ્યાસ સિવાયની બીજી પ્રવૃત્તિયોમાં પણ એ વારંવાર ચમકતો રહેતો હતો. વાળ સમારવાથી માંડીને કપડાંની પસંદમાં પણ તે બધાથી જુદો તરી આવતો હતો. કૉલેજના બીજા તેનું અનુકરણ કરતા હતા. એમ કહેવાય કે બધી ફેશનની શરૂઆત પ્રણવથી જ થતી હતી.

મેઘના ને પ્રણવનાં ઘર પાસે પાસે એટલે બેય બાળપણથી સાથે જ ઉછરેલાં. સાથે રમેલાં, સાથે જ નિશાળમાં બેઠેલાં નાનપણમાં લેસન પણ સાથે કરતાં ને ક્યારેક ઝઘડાં પણ સાથે. બાકી હોય તેમ પાછાં કૉલેજમાં પણ સાથે જ હતાં. હા, તેમનું પેલું બાલિશ ઝઘડવાનું તો જાણે ઓછું થઈ ગયું હતું પણ તેનું સ્થાન હવે દલીલબાજીએ લીધું હતું.

મેઘના હવે કિશોરી મટીને મુગ્ધા બની ગઈ હતી. તેની વાચાળતા ઘણી વખત શરમનું આવરણ ઓઢી લેતી હતી. તેની સુંદરતા જે ઝડપથી નિખરી હતી એ જોતાં પ્રણવ પણ હવે તેનાથી જાણે અંજાતો હોય તેમ ક્યારેક તેની સામે ધારીને જોતાં ખચકાતો હતો.

તેની સપ્રમાણ દેહયષ્ટીની સાથે સુરખીભર્યો ધવલ રંગ, આસમાની છાયવાળાં નયન, ગાલમાં પડતાં ખંજન ને તેનો હલકભર્યો કર્ણપ્રિય અવાજ એ બધાં એવાં તો એક રસ થઈ જતાં હતાં કે એની સાથે અક વખત પરિચય થયા પછી કોઈ એને વિસરી શકતું ન હતું.

‘કેમ રાગિણી, આમ બારોબાર જ ચાલી જતી હતી? કોઈના વિચારમાં તો ન હતી ને!’

‘તમને જોઈને જ બીજી તરફ ફંટાતી હતી એવું કહું તો તમે નહીં માનો પણ મને થયું કે નકામાં કોઈના સીક્રેટમાં માથું મારવું સારું નહીં.’ તે બોલી ને પ્રણવ અને મેઘનાની વચમાં આવીને એવી રીતે ઊભી રહી ગઈ કે પેલાં બેયને એકએક ડગલું પાછળ ભર્યો જ છૂટકો થયો.

પ્રણવ ને મેઘના કોઈ અંગત વાતો કરતાં ન હતાં છતાં રાગિણીના આવવાથી તેમની વાતોનો તંતું તો તૂટ્યો જ, એટલે જ મેઘનાને કહેવું પડ્યુંઃ ‘ચાલ અમારું સીક્રેટ પૂરું થયું હવે તું તારું સીક્રેટ શરૂ કર, બસ?’

‘અમારે વળી સીક્રેટ કેવું? સીક્રેટ તો તમારે હોય. તે વગર કૉલેજનાં લેક્ચર છોડીને આસોપાલવની નીચે અમસ્તાં નહીં ઊભાં રહ્યાં હો ને! ખોટું કહું છું, પ્રણવ?’ કહેતાં રાગિણી પ્રણવ તરફ ફરી. મેઘના અને રાગિણી જ્યારે ભેગાં મળે ત્યારે જો પ્રણવની ત્યાં હાજરી હોય તો બેય યુવતીઓ પ્રણવને કેન્દ્રમાં રાખીને જ વાતો કરતી હતી.

‘અમારું તો હવે ઓપન સીક્રેટ જેવું છે. અમે તો આ વખતના એન્યુઅલ ફંક્શનની વાતો કરતાં હતાં. આપણી ગુજરાતી સમિતી તરફથી બધાં જુલિયસ સીઝરનો અનુવાદ ભજવવાનો વિચાર કરે છે પણ મને એવો કોઈ અનુવાદ ભજવવાનું બરાબર લાગતું નથી. આપણે કોઈ મૌલિક કોમેડી ભજવીએ તો કેવું એમ હું પ્રણવને કહેતી હતી.’

‘પણ હજુ તો પહેલી ટર્મ ચાલે છે. અત્યારથી ઍન્યુઅલ

ફંક્શનની ચિંતા કરવાની શી જરૂર છે?'

'આપણે અગાઉથી તૈયારી કરી હોય તો જ બીજાં ગ્રુપનો સામને સારી રીતે કરી શકાય ને!'

'તારો એમાં ભાગ લેવાનો વિચાર ખરો?' પ્રણવે રાગિણીને પૂછ્યું.

'આપણને તમારી નાટકોની વાતમાં રસ નથી. મને તો એમ હતું કે તમે બેય કૉલેજમાંથી ગાપચી મારીને આમ આંબા નીચે જમાવી છે તે લગ્નની કે પ્રેમની વાતો કરતાં હશો.' રાગિણી પોતાના મનના વહેમનો જાણે જવાબ શોધતી હતી. એને પ્રણવ અને મેઘનાની નિકટતા પાછળ એ બે વચ્ચે પ્રેમનો અણસાર વર્તાવા માંડ્યો હતો. છતાં મનને ઊંડે ખૂણે એને એક વાતનું આશ્વાસન પણ હતું. એ એમ માનતી હતી કે એ બેય કઝીન હતાં.

'અમારાં લગ્ની વાત તો વડીલોના હાથમાં છે. તારે કેવી પરિસ્થિતિ છે?' પ્રણવે લાગ જોઈને ટકોર કરી લીધી.

'મારે તો હજુ બહુ વાર છે. તમારી લગામ કોઈને સોંપવાની વાત તો નથી ચાલતી ને?' રાગિણીએ મેઘનાની તરફ ઈશારો કરતાં પૂછ્યું. બીજો પ્રશ્ન એટલો જ સૂચક. એની પાછળ પણ પેલું જ શંકાશીલ હૈયું. ને જવાબ જાણતી હોવા છતાં મેઘના પણ પ્રણવનો જવાબ સાંભળવા એકકાન થઈ રહી.

'તારી વાત સાચી છે. બાપાએ એક છોકરી પસંદ કરી છે.' ગંભીર દેખાવાનો પ્રયત્ન કરતાં પ્રણવે કહ્યું ને જાણે પોતાની વાતને મશ્કરીમાં ખપાવવા હોય તેમ હસી રહ્યો.

'તેં છોકરીને જોઈ છે? આ રાગિણી જેવી ચિબાવલી હોય તો બહુ સારું.' મેઘના રાગિણીને ઉડાવતાં હસી રહી. હસતી મેઘનાના ગાલમાં પડતાં ખંજનમાં પ્રણવ જાણે ડૂબકાં ખાઈ રહ્યો.

પણ રાગિણી આવી મજાકનો જવાબ વાળવાનું ચૂકે એવી ક્યાં હતી! એણે કહ્યું: 'કે પછી આ તમારી મેઘના જેવી મોટી મા હોય તો વધારે સારું.' ક્યારેક ગંભીર થઈ ભારેખમ થઈ જવાની

મેઘનાની ટેવને કારણે બધી બેનપણીઓ એને મોટી મા જેવા નામથી સંબોધતી હતી.

‘અહં મેં એને હજુ જોઈ નથી પણ—’

‘કદાચ કોઈ અપ્સરાય હોય.’ પ્રણવને વચમાં જ અટકાવતાં રાગિણી બોલી ઊઠી.

‘એટલે તો મેં બાપાને કહી દીધું છે કે એમનો વિચાર એ મારો વિચાર, પણ લગ્ન નક્કી કરતા પહેલાં મને એકવાર તો એ અપ્સરાને જોઈ લેવા દેજો.’ પ્રણવે નાટકીય ચાળો કરતાં કહ્યું ને હસવાનો પ્રયત્ન કરવા છતાં મેઘના શરમાઈ રહી. રાગિણી તો આ બધું મશ્કરીમાં જ લેતી હતી એટલે એ હસી શકી.

‘ચાલો હવે જલ્દી જોઈ લો તમારી એ અપ્સરાને કે પેંડાનો પ્રોગ્રામ થઈ જાય. મેઘના તારે નથી માગવાના કે શું?’ શંકાને સાદા પ્રશ્નાર્થ પાછળ છુપાવતાં રાગિણીએ મેઘનાને પૂછ્યું.

‘તને પેંડા ખવરાવીશ તો એને બાકી નહીં જ મૂકું. પણ હજુ તો ભેંસ ભાગોળે ને છાશ—’

‘પણ હવે પરણવાનું નક્કી જ કરી લીધું છે તો પછી વાટ કોની જુઓ છો? જલ્દી પાકું કરી દો તો અમારે મશ્કરી કરવા એક ભાભીય વધે, કેમ મેઘના?’ રાગિણી હસતાંય મોઘમ વાત કરતી હતી પણ મેઘનાનું મૌન એને મૂંઝવતું હતું.

‘તું મારે માટે બહુવચનમાં વાત કરતી ક્યારથી થઈ ગઈ? હજુ મારું દ્વિવચનનું ઠેકાણું નથી ત્યાં તું મારે માટે બહુવચન ક્યાંથી વાપરવા માંડી?’ પ્રણવે તેને વધુ ઉત્તેજી.

‘જો તમને એમ લાગતું હોય તો તમે દ્વિવચનમાં પડ્યા સિવાય સીધા બહુવચનમાં જ કૂદી પડજો ને!’ રાગિણી બોલી. મેઘનાએ પ્રણવની સામે જોયું ને એ બેય કાંઈક માર્મિક કહી શકાય તેવું હસી પડ્યાં.

‘હું એકલી જ બોલ્યે જાઉં છું ને મોટી મા આજે કેમ ચૂપ છે? પ્રણવ, કાંઈ થયું તો નથી ને!’ રાગિણીની શંકા મેઘનાની

ચૂપકીદી સહન કરી શકતી ન હતી.

'થયું જ છે ને બાજુમાં બે બાંકડા પડ્યા છે છતાંય આપણે ક્યારનાંય આમ ઊભાં ઊભાં વાતો કર્યા કરીએ છીએ ને એને પણ ઊભાં રહેવાની સજા કરીએ છીએ એટલે—'

'મને કાંઈ થાક નથી લાગ્યો.' મેઘના બોલવા ગઈ.

'તો પછી મારી મોટી મા ક્યારની ચૂપ કેમ ઊભી છો?' મેઘનાની કમર પર હળવો હડસેલો મારતાં રાગિણીએ કહ્યું. મેઘના પ્રણવ સાથે અથડાતાં રહી ગઈ.

'મારા મનથી એમ કે જ્યાં સુધી તારી જીભને જંક્શન ન મળે ત્યાં સુધી મૂંગાં રહેવું એ જ બરાબર કહેવાય. આપણને કાંઈ તારી જેમ ફાસ્ટ હાંક્યે રાખતાં થોડું જ આવડે છે!-'

પણ તેને અધવચ્ચેથી અટકાવતાં પ્રણવે કહ્યું: 'તમે બન્ને જો નહીં થાક્યાં હો તો લઢી રહ્યા પછી થાકશો જ ને તમે લઢી રહો ત્યાં સુધી મારે ઊભા રહીને થાકવું નથી એટલે હું તો બેસી જ જઈશ.' કહેતાં પ્રણવ બાંકડા પર ગોઠવાઈ ગયો.

'તો અમારેય ક્યાં લઢવું છે?' મેઘના બોલી ઊઠી ને એય બાંકડાને બીજે છેડે બેસી ગઈ.

'એય આમ બેસ ને!' કહેતાં રાગિણીએ મેઘનાને પ્રણવ તરફ હડસેલી પણ મેઘના ન ખસી એટલે રાગિણી પોતે જેમ ઈચ્છતી હતી એમ બેયની વચમાં ગોઠવાઈ ગઈ.

'હવે બોલો, શી વાત છે નાટકની?' તેણે બરાબર ગોઠવાયા પછી પૂછ્યું.

'આ વરસે ઓવર્સિસ ગ્રૂપ મેકબેથનો કોઈ પીસ ભજવવા માગે છે એટલે આપણામાંના કેટલાક માને છે કે આપણે પણ કોઈ ઈંગ્લીશ કોમેડી ભજવીએ, અલબત્ત ગુજરાતીમાં જ.' પ્રણવે કહ્યું.

'પણ તને નથી લાગતું કે આપણે એવા ઈંગ્લીશના અનુવાદને બદલે શાકુંતલ કે મેઘદુતથી તેમની હરીફાઈ કરવી જોઈએ?' રાગિણીએ કહ્યું.

'મેં પણ પહેલાં એવો જ વિચાર કર્યો હતો પણ પછી થયું કે એમાં પેલાં ઓવર્સિસ ટટ્ટુઓને સાંધાનીય સમજણ ન પડે એવું નાટક ભજવીને આપણે ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું થશે. આપણા નિર્ણાયકો પણ હજુ અંગ્રેજીના અહોભાવમાંથી બહાર ક્યાં નીકળ્યા છે? ગયે વરસેય તેમણે એમને જ પહેલું ઈનામ આપેલું ને!'

બધી કૉલેજોમાં હોય છે એમ એમની કૉલેજમાંય ઘણાં બધાં ગ્રૂપ હતાં પણ જ્યારે ઓવર્સિસ કે હિન્દી ગ્રૂપની વાત આવે ત્યારે બાકીનાં બધાં ગ્રૂપ ભેગાં મળીને એક ગુજરાતી ગ્રૂપ બની જતું હતું. એવી નાનીમોટી હરીફાઈઓ પણ થયા કરતી હતી.

'તો પછી આપણે કોઈ ગુજરાતી નાટિકા ભજવવી જોઈએ. હવે તો ગુજરાતીમાં પણ જોઈએ તેટલી નાટિકાઓ મળે છે. યુનિવર્સિટી કૉમ્પિટિશનમાં ગુજરાતીમાં રજૂઆત કરવાની મંજૂરી ક્યાં નથી મળી?'

'ને અંગ્રેજી નાટકનો ગુજરાતીમાં અનુવાદ કર્યા પછી એની પકડ એવી જ નથી રહેતી એનો અનુભવ તો બે વરસ પહેલાં આપણને થઈ જ ગયો છે.' હવે મેઘના પણ રાગિણી સાથે જોડાઈ.

'ને તોય જો તારું મન ન માનતું હોય તો ધૂમકેતું, પાઠક કે બ્રેકરની કોઈ નવલિકાનું નાટ્ય રૂપાંતર કરીને ભજવીએ તો?'

'અને જો તેમાં કુંદનરાયની રાગિણીને ભેળવીએ તો નાટિકા સંગીતમય થઈ જાય. ઈનામ પછી આપણને કેમ ન મળે! તને કેમ લાગે છે?' કહેતાં પ્રણવે રાગિણીને ઉશ્કેરી.

'મને એમ ભેળવવાની કે ભોળવવાની રહેવા દો. એમ કરતાં નાટકને બદલે ક્યાંક—'

'ભવાઈ થઈ જશે એમ જ કહેવું છે ને તારે! પણ પ્રણવ બધું પડતું મૂકીને આપણે ભવાઈનો જ કોઈ વેશ ભજવીએ તો?' મેઘના કાંઈક વિચારતાં બોલી ઊઠી. ને પ્રણવ પણ વિચારમાં પડી ગયો.

ત્યાં તો રાગિણી બોલી ઊઠી: ‘હે રંગલા, રાતાં દીસે છે લોચનિયાં, ઉજાગરા ક્યાં રે કીધા?’

ને એની આ મશ્કરીમાં સામેલ થઈ જતાં પ્રણવ બોલી ઊઠ્યો: ‘અમે રહ્યા’તા રાધાજીને મો’લ જો, ઉજાગરા ત્યાં રે થયા. હોં કે રંગલી.’

પ્રણવના આવા ચાળાથી કંઈક શરમાતી ને મનમાં કંઈક આનંદ પામતી રાગિણીને કોણી મારતી મેઘના હસી રહી. ત્યાં કૉલેજનો બેલ પણ પડ્યો. ‘ચાલો હું પ્રૉફેસર ત્રાગડિયાને મળીને ભવાઈની વાત કરતો આવું. તમે બેય અહીં બેસો જ છો ને!’ કહેતાં પ્રણવ ઊઠ્યો.

‘તું જો અડધા કલાકમાં પાછો આવવાનો હોય તો અમે બેસીએ, પણ ત્રાગડિયા તને એમનાં હાઈકુ સાંભળવાની શિક્ષા ફરમાવશે તો માની લેજે કે તું જ્યારે પાછો આવશે ત્યારે અમે ઘેર પહોંચીને ખાઈને ઊંઘી પણ ગયાં હોઈશું.’ રાગિણીએ કહ્યું.

આ પ્રૉફેસર ત્રાગડિયા ગુજરાતીના પ્રૉફેસર હતા. એ પોતાને જાણે હાઈકુ સમ્રાટ માનતા હતા ને કોઈ ગરજાઉ શ્રોતા મળી જાય તો એને માથે એમનાં અનેક હાઈકુનો મારો કરીને પેલાને અધમૂઓ કર્યા સિવાય છોડતા ન હતા.

કૉલેજના વિદ્યાર્થિઓ એમની આ હાઈકુ ઘેલછાથી પરિચિત હતા. કેટલાક એમને હાઈકુ સમ્રાટ કહીને ઉડાવતા પણ હતા (અલબત્ત ખાનગીમાં જ) પણ જો ત્રાગડિયાને કાને કોઈનું આવું બોલવું પડી જાય તો મનમાં ફુલાઈને ફાળકો થઈ જતા ને પેલાને પંદરવીસ હાઈકુથી ઘાયલ કર્યા સિવાય છોડતા નહીં.

પ્રણવ ગયો એટલે રાગિણી મેઘના તરફ ફરી: ‘મેઘના, તું આજે રોજના કરતાં વધુ ગંભીર લાગે છે. મને ક્યારનુંય એમ લાગી રહ્યું છે કે ચોક્કસ કશુંક થયું છે.’

મેઘના એની સામે તાકતાં બોલી: ‘તને એવું કેમ લાગ્યું એ જ મને સમજાતું નથી.’

રાગિણી તેની વાત ન માનતી હોવા છતાં પોતાના સ્વભાવ વિરુધ્ધ ચૂપ રહી. એને થયું કે જો મેઘનાને વાત ન કરવી હોય તો એને આગ્રહ કરવો નકામો છે. રાગિણી આમ ભલે ભખ્ખાબોલી લાગતી હોય પણ છતાં એ બધાંને ગમતી હતી. એ બને ત્યાં સુધી કોઈનું દિલ દુભવતી ન હતી.

હા, એને ગંભીર બનીને વર્તતી જોવી એ તો સૂરજને પશ્ચિમમાં ઊગતો જોવા જેવી વાત હતી. એને કોઈ એક વખત મળતું તો એ એના મિત્રમંડળમાં આપોઆપ જ સામેલ થઈ જતું. મેઘના ને રાગિણી કૉલેજના પહેલા દિવસે આમ જ મળેલાં અને મિત્રો બની ગયેલાં જે આજ સુધી મિત્રો જ હતાં. પ્રણવની સાથે રાગિણીને મેઘનાને કારણે જ ઓળખાણ થયેલી.

મેઘના ને પ્રણવ તો બાળપણથી સાથેનાં સાથે જ હતાં. કૉલેજમાં પણ એમની નિકટતા બધાની આંખે ચઢી જાય તેવી હતી. બન્ને એમના બળપણમાં બની ગયેલા પ્રસંગોની વાત બીજાંને કરતાં તો સાંભળનારને એમ જ લાગતું કે જાણે એ બે જણ વચ્ચે કશી જુદાઈ જ ન હોય. રાગિણી પણ એમની આવી નિકટતાથી એમને સગાં નહીં તો બેચાર પેઢી દૂરનાં ભાઈબહેન જ સમજતી હતી.

‘સાચું કહું! મારી સામે એક ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયો છે, લગ્નનો.’ મેઘનાએ છેવટે મૌન તોડતાં શરમાઈને કહ્યું.

‘લગ્ન કોની સાથે?’ ચમકી ઊઠતાં રાગિણી બોલી ઊઠી.

‘પ્રણવ સાથે સ્તો. છેલ્લાં બે વરસથી અમે બેય આ વાતને પાછળ ઠેલી રહ્યાં હતાં પણ હવે તો મારાં બા-બાપુજી વધારે રાહ જોવાની ના પાડે છે.’ મેઘનાએ કહ્યું ને રાગિણી કાપો તો લોહી ન નીકળે એવી ફીક્કી પડી ગઈ. પણ મેઘનાની નજરો આ વાત કરતાં શરમથી ઝૂકી ગયેલી હતી એટલે તેની નજરે રાગિણીની આ હતાશા ન પડી.

રાગિણી છેલ્લાં બે વરસથી પ્રણવને મનમાં સંઘરી બેઠી હતી.

'તે એમાં તને વાંધો શો છે? સાચું કહું, મારા વિવાહ એની સાથે કરવાની વાત હોત તો હું તો હું તો પૂછ્યા પહેલાં જ હા પાડી દેત. મને તો એમ હતું કે તમે બેય નજીકનાં કઝીન છો એટલે મેં આ બાબતમાં હજુ સુધી તમારી મશ્કરીય કરી ન હતી.'

પ્રણવ અને મેઘનાનાં ઘર પાસે પાસે હતાં ને એ બેઉ ઘર વચ્ચે સંબંધ પણ એવો ગાઢ કે બધાં એમ જ માનતાં કે પ્રણવ અને મેઘના બહુ દૂરનાં નહીં પણ મામા-ફોઈનાં કઝીન જ હશે.

વળી બન્ને કૉલેજમાં આવતાં પણ સાથે ને જતાં પણ સાથે જ. વળી કૉલેજની બીજી પ્રવૃત્તિઓમાં પણ બેય સાથેનાં સાથે જ હોતાં. રાગિણી કદીક વાતવાતમાં મેઘનાને કહેતીય ખરી: 'આ તારો કઝીન બહુ પાક્કો છે હોં.' ને મેઘનાએય આજ સુધી એમાં ક્યાં વાંધો લીધો હતો!

'તેં પ્રણવની હાજરીમાં આ વાત કરી હોત તો એને ઉડાવવાની મઝા પડત. પણ વાંધો નહીં હવે તમે ઉતાવળ કરજો હોં. મારાથી તો દોસ્તોમાં આવી વાત કર્યા સિવાય નહીં રહેવાય. આવી તમતમતી વાત હું છુપાવવાની ગમે તેટલી કાળજી રાખું તોય મારાથી તો બફાઈ જાય.' પોતાની વ્યથા છુપાવતાં રાગિણી બોલી.

'બાફવાનો તો જાણે તારો ઈજારો જ છે પણ રાગલી, તું ક્યારેય તારું કશું બાફતી નથી. કાયમ બીજાંનું જ બાફતી હોઉં છું.'

ને જિંદગીમાં પહેલી વાર રાગિણી ટકોરનો જવાબ ન દઈ શકી. તેનું મન હજુ મેઘના ને પ્રણવનાં લગ્નની વાતને પચાવી શકતું ન હતું. તે સ્વસ્થ દેખાવા બાથોડિયાં મારી રહી હતી.

એનું મન પ્રણવ પ્રત્યે આકર્ષાયું તેની પાછળ પ્રણવ અને મેઘના કઝીન હોવાનું એણે જે માની લીધેલું, એ જ કારણભૂત હતું. બાકી મેઘનાને પ્રણવની નિકટતા જોતાં કોઈ એમની વચમાં પોતાનું સ્થાન કરી શકે એવું કોઈ વિચારી પણ ન શકે.

પણ પોતે આમ મૂંગી બની રહે તે યોગ્ય નહીં એમ સમજીને રાગિણી બોલી: 'હવે એવું આડુંઅવળું વિચાર્યા વગર

તરત દાન ને મહાપૂન્ય કરી નાંખો. બેય જણાં નાનપણથી બાળપણથી આજ સુધી સાથે રહ્યાં છો તો ક્યારેક ઘરઘર પણ રમ્યાં જ હશો ને હવે વરવર રમવા માંડો.'

'એની જ બધી પંચાત છે ને! બાપુજીનો વિચાર એમ છે કે દિવાળી પછી તરત જ વિવાહ નક્કી કરી દેવા અને બીજે જ મહિને લગ્ન પણ લઈ લેવાં.'

'તે તારે તો ત્રણ જ દિવસમાં લગ્ન લેવડાવવાં હશે!' આંખનો ચાળો કરતાં રાગિણીએ કહ્યું.

'બધાં તારા જેવાં થોડાં હોતાં હશે! હું તો વિચારું છું કે પ્રણવનું છેલ્લું વરસ છે અને જો વચમાં લગ્ન થાય તો તેની કેરિયર—' મેઘના બોલવા ગઈ.

'લે હવે મોટી કેરિયરવાળી. એ બધું પડતું મૂકીને એક વખત પેંડાનો પ્રોગ્રામ નક્કી કરો. સાંજે કોઈ સારી ફિલ્મમાં પણ જવું પડશે. અત્યારથી જ પ્રણવની ચિંતા કરવા માંડીશ તો એની કેરિયર બગડે તે પહેલાં તારી તબિયત બગડી જશે.' રાગિણીની જીભ હવે પેલા આંચકામાંથી બહાર આવતી જતી હતી.

'તને તો બધામાં મશ્કરી જ સૂઝવાની.' શરમાતાં મેઘના બોલી.

'તને જે લાગતું હોય એ પણ પેંડા ખાવાની ને ફિલ્મની વાતમાં હું પૂરેપૂરી ગંભીર છું. બોલ, ક્યારે ફિલ્મ જોવા જવું છે? પછી મારી મોટી મા, તારે સાવ મોળું બોલવું હોય તો તું જાણે.'

પછી બેય છૂટાં પડ્યાં તે પહેલાં આવા તો કેટલાય પ્રોગ્રામ ફિક્સ થઈ ગયા હતા.અલબત્ત ઘેર પહોંચ્યા પછી રાગિણીનું હૈયું હાથ ન રહ્યું. ખાવાની અનિચ્છા દર્શાવી એ પોતાની રૂમમાં પેસી ઓશિકામાં મોં છુપાવી ક્યાંય સુધી રડતી રહી. પાછલી અડધી રાતેય અધવારી ગઈ ત્યાં સુધી એનો વલોપાત ચાલુ જ રહ્યો.

# ૨. અદરાયાં

પ્રણવ અને મેઘનાના વિવાહની વાત આમ તો તરીને ટોચે પહોંચી હતી પણ હજુ સુધી બેમાંનાં કોઈનાં વડીલે તેમને કશું પૂછ્યું ન હતું. એમણે તો જાણે મનથી નક્કી કરી જ મૂક્યું હતું કે એ વાતમાં એમાંનાં કોઈને પૂછવાની જરૂર જ ન હતી.

જે વાત વડીલોએ મનમાં વિચારી મૂકી હતી અને એ બેય જણાંના વર્તન પરથી વડીલોને જે દેખાતું હતું એનાથી આ બેયનેય એમાં પોતાની ઈચ્છાનું પ્રતિબિંબ પડતું લાગી રહ્યું હતું. એમને એમ જ હતું કે બેય જણાં એમના પૂછવાની જ જાણે રાહ જોઈ રહ્યાં હતાં.

‘છેલ્લા એક વર્ષથી તો મેઘના અને પ્રણવે પણ વડીલોની આ મનીષાને પોતાના મનને ખૂણે છુપાવીને વ્યવહારિક દૃષ્ટિકોણથી પણ પોતાના લગ્નના આ પ્રશ્નને મનોમન ક્યાં વિચારવા માંડ્યો ન હતો! તેમને એક વાતનો સંતોષ હતો કે વડીલો સામે ચાલીને તેમની આ મનીષાને મૂર્ત સ્વરૂપ આપવા તલસતાં હતાં. અલબત્ત એ લોકો લગ્ન જે ઉતાવળથી લેવા માગતાં હતાં એ વાત આ બેયને રુચે તેવી ન હતી.

◇

આજે પ્રણવ ઘરમાં દાખલ થયો ત્યારે તેને લાગ્યું કે એનાં બા-બાપુજી એના લગ્નની જ વાત કરી રહ્યાં હતાં. એને જોતાં એમની વાતમાં થોડો અંતરાય તો પડ્યો જ ને એનાં બાએ કહ્યું: ‘આ પ્રણવ આવ્યો.’

પોતાનું નામ લેવાયું એટલે જાણ્યા છતાં અજાણ્યા થતાં પ્રણવે પૂછ્યું: ‘શું છે?’

‘આવ બેસ,’ ને મનમાં મલકાતાં પ્રણવ બેઠો એટલે તેના પિતા સન્મુખરાયે કહ્યું: ‘જો હવે આપણે તારા વિવાહ કરવાનો સમય પાકી ગયો છે. તારાં બાની ઈચ્છા એવી છે કે તારા વિવાહ કરીને લગ્ન પણ એક જ મહિનામાં લઈ લેવાં. પણ તને જો તારો

અભ્યાસ બગડવાની ચિંતા હોય તો આપણે લગ્ન તારી પરીક્ષા પતે પછીને મહિને લેવાનું રાખીએ. પણ વિવાહ તો આવતે મહિને કરી જ નાખીએ એટલે સામેવાળાનેય ધરપત રહે ને એમનેય લગ્નની તૈયારી કરવાની સમજણ પડે.'

પોતે કાંઈક બોલવું જોઈએ એમ માની પ્રણવે કહ્યું: 'એમ તો વિવાહની પણ શી ઉતાવળ છે? અત્યારે તો વિવાહ અને લગ્નની વચ્ચે મહિનાનું અંતરેય ન હોય તોય ચાલે જ છે ને!' જો કે પોતે બોલી ગયો પછી એ મનમાં વિચારી રહ્યો: આ પોતે સાચા મનથી બોલ્યો હતો કે પોતાની શરમ બોલી ગઈ હતી!

'તારે ઉતાવળ ન હોય પણ તારાં બાને તો હોય ને! એમણે તો આખા વરસથી ગળામાં જીભ ઘાલી નથી. અત્યાર સુધી તો મેં તારા અભ્યાસનું બહાનું કાઢીને એમને રોકી રાખ્યાં હતાં પણ આપણે સામેવાળાંનોય ખ્યાલ રાખવો જોઈએ ને. કુંદનરાયે પણ મને બે ત્રણ વખત બાંધેભારે ટકોર કરી હતી. તું મને એ કહીશ કે તને વિવાહ કરી દેવામાં શો વાંધો છે?'

પ્રણવ મનમાં જ હસી રહ્યો. તેના વિવાહની વાત આટલે પહોંચ્યા પછી પિતાએ સામા પક્ષવાળાનો ઉલ્લેખ આજે પહેલી વાર જ કર્યો હતો, અને તેય પોતાની મરજી કે નામરજી જાણવા માટે નહીં જ. જો કે વડીલોને આવું વિચારવા માટે આડકતરું પ્રોત્સાહન એમણે જ તો પૂરું પાડ્યું હતું.

આમ તો વિવાહ કરી રાખવામાં મેઘના કે પ્રણવને ક્યાં વાંધો હતો? પણ પેલી શરમ! ને પિતાજી એનું મન રાખવા વિવાહ મહિનો પાછા ઠેલવાની વાત કરે એ પહેલાં પેલી શરમને કોરે મૂકતાં એ બોલી ઊઠ્યો: 'ભલે, તમને એમ લાગતું હોય તો વિવાહ કરી રાખો પણ લગ્ન તો મારી પરીક્ષા પતે પછી જ લેવાનાં ગોઠવો.' કહેતાં શરમાઈને એ પોતાના રૂમમાં પેસી ગયો.

મન તો એનું ક્યારનુંય આનંદસાગરમાં ડૂબકાં મારી રહ્યું હતું. એમના પ્રેમની વાત પર આજે પિતાજીએ વ્યવહારની મહોર મારી દીધી હતી એ વાત મેઘનાને જણાવવા એ થનગની રહ્યો હતો.

હજુ જમવાને થોડી વાર હતી એટલે એ ઘરમાંથી બહાર

નીકળ્યો ને મેઘનાના ઘર તરફ ઊપડ્યો. એ એને ઘેર પહોંચ્યો ત્યારે મેઘનાનાં બા રોહિણીબેન બહાર ઓસરીમાં જ બેઠાં હતાં.

'મેઘના નથી કે શું?' એણે રોજની પરિચિત ઢબે પૂછ્યું ને જવાબની રાહ જોયા સિવાય એ મેઘનાના રૂમ તરફ ચાલ્યો. પણ આજે તેને આ પૂછતાં જરા સંકોચ થયો. એને એની પોતાની રોજની હલક આજે પોતાના અવાજમાં ન વર્તાઈ.

એને થયું પોતાના અવાજમાં આવેલા પરિવર્તનની નોંધ રોહિણીબેનના ધ્યાનમાં આવી તો નહીં ગઈ હોય ને! કે આજે રોહિણીબેન પણ પોતાનામાં પ્રણવને બદલે ભાવિ જમાઈનાં દર્શન કરતાં હશે!

જો કે એણે પાછા ફરીને જોયું હોત તો પણ એને રોહિણીબેનના મોં પર કશો ફેરફાર જણાયો ન હોત કારણ કે એ તો એનામાં વરસોથી પોતાના જમાઈનાં જ દર્શન કરતાં આવ્યાં હતાં. કોઈ ફેરફાર જો થયો હોય તો એક પ્રણવની નજરમાં જ થયો હતો.

'એ બેઠી એના ઓરડામાં.' એમણે જવાબ આપ્યો પણ એ પહેલાં તો પ્રણવ મેઘનાના રૂમમાં દાખલ પણ થઈ ગયો હતો. ને રોહિણીબેન મર્માળું હસી રહ્યાં.

પ્રણવ રૂમમાં દાખલ થયો છતાં મેઘનાનું તેના તરફ ધ્યાન ગયું ન હતું. એ તો એના વાંચવામાં મગ્ન હતી. પ્રણવ પણ એનું ધ્યાન પોતાના તરફ વાળવાના ખ્યાલમાં ન હતો. એ દબાતે પગલે એની પાછળ પહોંચ્યો ને એના ઓશિકાની ધાર પર બેસી ગયો.

વાંચવામાં તલ્લીન થઈ ગયેલી મેઘના એકદમ ચમકીને બેઠી થઈ ગઈ. ખાલી થયેલી જગા પર પગ લંબાવીને આડા પડતાં પ્રણવે કહ્યું: 'થેંક યૂ.'

આ બધું એટલી ઝડપથી બની ગયું કે આવનાર પ્રણવ છે એ જાણ્યા પછીય મેઘના ગભરાટની મારી એક વખત તો પલંગ પરથી નીચે કૂદીને બારણા તરફ દોડી જ ગઈ.

'એવો લુચ્ચો છે તું!' વધારે પડતો ગભરાટ દર્શાવી દેવાયાથી શરમાતાં મેઘના બોલી ઊઠી.

‘કેવો?’ પ્રણવે આંખને ચાળો કરતાં જરા ધીમેથી પૂછ્યું.

અવાજ જેટલો ધીમો હતો એટલો જ પ્રશ્ન નફ્ફટ હોવાની મેઘનાને ખાતરી હતી એટલે જ જવાબ વાળવાને બદલે એ બીજું જ બોલી નેઃ ‘નફ્ફટ માણસોના પ્રશ્નોના જવાબ હું નથી આપતી.’

‘નફ્ફટ માણસોને તું ચા તો પાય છે ને?’ કહેતાં પ્રણવે પાછો આંખનો ચાળો કર્યો.

‘એમ સામે ચાલીને માગીને પીનારા માટે મને માન નથી.’

‘આમાં માન અપમાનનો સવાલ નથી. એક કપ ચાનો જ સવાલ છે, મેમ સાબ.’ મેઘના કાંઈ બોલી નહીં પણ પ્રણવની સામે તાકી રહી. પ્રણવ પણ એની સામે એમ જ તાકી રહ્યો હતો. ને એ થોડી મૌન પળોમાં મેઘના ને પ્રણવનાં હૈયાંઓએ કોણ જાણે કેટલીય વાતો કરી લીધી.

‘આજે પિતાજીએ મને વાત કરી.’ છેવટે પ્રણવે જાણે પેલી મૌન વાતના અનુસંધાનમાં હોય તેમ કહ્યું.

‘શાની વાત કરી?’ પ્રણવની વાતનું ધડમાથું ન સમજાતાં મેઘનાએ પૂછ્યું ને તરત જ કંઈક અંદાજ આવી જતાં શરમાતાં એ મૌન થઈ ગઈ.

‘એમણે મને કહ્યું કે જો મને તારી સાથે લગ્ન કરવામાં વાંધો ન હોય તો એ આપણા વિવાહ કરી નાખવા માગે છે.’

‘પછી તેં શું વિચાર્યું?’

‘મેં એમને કહ્યું કે છોકરી તો જાણે બહુ પસંદ પડે તેવી નથી પણ —’

‘તો પછી આપ સાહેબને અહીં સુધી આવવાની તસ્દી લેવાનું કશું કારણ ન હતું. તમને જે પસંદ પડે એવીને ત્યાં જ જવું હતું ને!’ પ્રણવને અટકાવતાં મેઘના વચમાં જ બોલી ઊઠી.

પણ પ્રણવે જાણે તેનું બોલવું સાંભળ્યું જ ન હોય તેમ પોતાનું બોલવું આગળ ચલાવ્યુંઃ ‘પણ એ હસે છે ત્યારે એના ગાલમાં જે ખંજન પડે છે તેને ચૂમવાનું મન થઈ જાય છે.’

પ્રણવની આવી નફ્ફટાઈથી ચમકતાં મેઘના પાછી હઠી

ગઈ. એણે ગુસ્સે થવાનો પ્રયત્ન કર્યોય ખરો પણ એનો એ પ્રયત્ન પ્રણવના હાસ્યમાં અટવાઈ ગયો. ને ઝડપથી નજીક સરતાં પ્રણવે એ ખંજન પર ચૂંબનની મહોર મારવા પ્રયત્ન કર્યો પણ એની આ ચાલ સમજી જતાં મેઘના રૂમમાંથી બહાર નીકળી ગઈ.

થોડી વારે એ ટ્રેમાં ચાના બે કપ લઈને પાછી આવી ને બોલી: 'લે ચા પી ને ચાલવા માંડ.'

'કેમ ધરાઈ ગઈ અત્યારથી જ! હજુ તો માત્ર વિવાહની જ વાત થઈ છે. જ્યારે લગ્ન થશે ને...'

'ત્યારની વાત ત્યારે. પણ હવેથી જ્યાં સુધી લગ્ન ન થાય ત્યાં સુધી તારું અહીં આવવાનું બંધ.'

'કેમ? મમ્મીએ એકદમ કર્ફ્યુ જાહેર કરી દીધો કે શું?'

'તારે જેમ માનવું હોય એમ માન.'

'પણ કોઈ કારણ? એમ કેમ ચાલશે?' ગૂંચવાઈ જતાં પ્રણવ બોલી ઊઠ્યો.

'ચાલે કે ન ચાલે પણ હવેથી લગ્ન પતે ત્યાં સુધી તારું અહીં આવવું બંધ. ને બહાર પણ તારે મને મળવાનો પ્રયત્ન નહીં કરવાનો.'

'તે તું કૉલેજમાં બોડીગાર્ડ લઈને તો નથી આવવાની ને! ત્યાં તને મળતાં મને કોણ રોકશે? છતાંય જો તું મને આમ હેરાન કરીશ તો હું તને ઉપાડી જઈશ. પછી ભલે ને કાકા ને માસી મારી પાછળ પોલીસ દોડાવતાં.'

'તું બહારવટિયા જેવું બોલે છે. જો કોઈ સાંભળી જશે તો લગ્ની વાત તો એકબાજુ રહી પણ વિવાહની વાતેય ઊડી જશે. પછી વગાડજે મંજીરાં. હવે પંચાત કર્યા વગર ચા પી ને ચાલવા માંડ.'

'ચા પીતા પહેલાં મારા હોઠ ભીના થવા તલસે છે. તારા હોઠ શું વિચારે છે?'

'મારા હોઠ ભિડાવાના મૂડમાં છે, જો તું વેળાસર બહાર ચાલ્યો નહીં જાય તો.'

'એનાથી કોણ ગભરાય છે.' કહેતાં પ્રણવે ચા પીવા માંડી. ચા પૂરી કરતાં એણે પાછો વાતનો દોર સાંધ્યો: 'મેઘના, લગ્ન ક્યારનાં લઈશું?'

'એની આપણે શી પંચાત? વડીલો નક્કી કરશે બધું એમની જાતે.'

'સમજ કે એ લોકો એ નક્કી કરવાનું આપણા પર છોડે તો?'

'તો મે મહિના પછી ગમે ત્યારે, પણ એ પહેલાં તો નહીં જ.'

'મે! મેઘના તને નથી લાગતું કે એ તો બહુ દૂર કહેવાય?'

'તને બહુ ઉતાવળ આવી ગઈ હોય એમ લાગે છે. પણ મારે જો નક્કી કરવાનું હોય તો એના પહેલાંની કોઈ તારીખ હું ન સ્વીકારું.'

'હમણાં તો પેલી ચા ઠંડી થઈ જતી હતી એમ તું જ કહેતી હતી!' પ્રણવે આંખો નચાવતાં કહ્યું.

'એ તો ચાની વાત હતી.' કાંઈક સમજાતાં મેઘના શરમાતાં બોલી.

'એને આ મેઘનાની વાત છે. તું જ કહે, એ બેમાં કેટલું સામ્ય છે!'

ને મેઘના વધારે શરમાઈ રહી. પછી થોડી વાર જાણે મૌનનું સામ્રાજ્ય સ્થપાયું હોય એમ બેય જણાં ચૂપ થઈ ગયાં. પણ હૈયાં તો એમનાં કેટલીય વાતો કરી રહ્યાં. છતાં જાણે આગળ બોલવા માટે કોઈને બીજી વાત જ ન સૂઝતી હોય તેમ. ગમે તેમ પણ બન્ને એકબીજાની નજરથી દૂર જવા જ નહોતાં માગતાં એ વાત પણ એટલી જ સાચી હતી.

વર્ષોથી પ્રણયની વેલને બેય એ અમીસિંચન કરી રહ્યાં હતાં એ વેલને આજે લગ્નસમ પુષ્પ ખીલવા માંડ્યું હતું ત્યારે બેય જાણે સાવ મૂંગાં બનીને એકબીજાની સામે તાકી રહ્યાં હતાં.

છેવટે મૌન ન જીરવાતાં મેઘના ચાનાં કપરકાબી અંદર

મૂકી આવવા ઊઠી ત્યારે જ એમના મૌનને જાણે વાચા ફૂટી: 'તો હું જાઉં હવે.' પ્રણવે કહ્યું. જવાનું એને મન ન હતું પણ બા બહાર તાકતાં બેઠાં હતાં ત્યારે ચા પીધા પછી અંદર બેસી રહેવુંય ઠીક ન હતું ને!

'હું આ કપરકાબી અંદર મૂકી આવું પછી તને એનો જવાબ આપું. કહેતાં મેઘના અંદર ચાલી ગઈ અને એક આજ્ઞાંકિત પતિ બનવા માગતો હોય એમ અર્ધો ઊભો થયેલો પ્રણવ પાછો બેસી ગયો. મેઘનાય પ્રણવનું સાનિધ્ય છોડવા ક્યાં માગતી હતી!

લગ્નનો પ્રશ્ન પ્રણવે ભલે આજે ઉઠાવ્યો હોય પણ મેઘનાએ તો જ્યારે નાનપણમાં ઘરઘર રમતાં હતાં ત્યારનો પ્રણવને પોતાના મનમંદિરના સિંહાસન પર બેસાડી જ દીધેલો હતો. જ્યારે થોડી વાર પછી એ પાછી આવી ત્યારે કપડાં બદલીને તૈયાર થઈને આવી હતી.

'કેમ તારો ક્યાંક બહાર જવાનો પ્રોગ્રામ છે કે શું?' પ્રણવથી પૂછી જવાયું.

'હા.' એકાક્ષરી જવાબ વાળતાં મેઘના હસી રહી. પ્રણવ પણ મનમાં મૂંઝાઈ રહ્યો.

'ક્યાં?' એનો પ્રશ્ન પણ એકાક્ષરી જ સર્યો.

'મારા પ્રેમી સાથે બહાર ફરવા જવાનો. બાને તો કહ્યું છે કે કૉલેજમાં ક્લાસ ભરવા જવાનું છે.'

'એ કૉલેજ કઈ તરફ આવી?' અજાણ હોવાનો મિથ્યા પ્રયાસ કરતાં પ્રણવે પૂછ્યું.

'એનો રસ્તો મને ખબર નથી પણ પ્રેમીને તો ખબર હશે જ ને!'

'એમ પાછળ દોરાવું બરાબર નહીં. પ્રેમી અજાણ્યે રસ્તે લઈ જાય તો?'

'એ તો ત્યારે જોઈ લેવાય. પણ હવે તારું ફિલોસોફીનું ભાષણ પડતું મૂકીને આગળ થા એટલે હું રૂમનું બારણું બંધ કરું.' કહેતાં મેઘનાએ એને જાણે બહાર ધકેલવા પ્રયત્ન કર્યો.

‘જો તારે બારણું બંધ કરવાની એટલી જ ઉતાવળ હોય તો અંદર આવીને જ બંધ કરી દે ને! જો હું જરાય વાંધો લઉં તો કહેજે.’ કહેતાં પ્રણવે આંખ ફાંગી કરી પણ મેઘનાએ રસોડા તરફ ત્રાસી નજર કરી કે પ્રણવ ભડકીને ઊભો થઈ ગયો. એના મનમાં કે બા આવતાં હશે.

◇

બન્ને બહાર નીકળ્યાં ત્યારે કોણ જાણે કેમ પણ બનેનેનાં મનમાં ક્ષોભ થતો હોય એમ એ અનુભવતાં હતાં. આમ તો એ બન્ને કૉલેજમાં કાયમ સાથે જ જતાં હતાં ને! એટલે આમ તો એમનું સાથે જવું સ્વાભાવિક જ હતું પણ પહેલાંના ને આજના સંબંધમાં બેયને ભેદ જણાતો હતો. હા, બહારના કોઈને એમાં નવિન લાગે તેમ ન હતું.

‘કઈ તરફ જઈશું?’ બહાર નીકળી થોડે દૂર ગયા પછી પ્રણવે પૂછ્યું.

‘મને શી ખબર! તું મને લેવા આવ્યો ને હું તારી પાછળ ચાલી આવી છું એમ જ માન.’ મેઘનાએ બેફિકરો જવાબ આપ્યો.

‘મંઝિલની તો ખબર છે ને!’

‘એનીય હવે તો ખબર નથી. સુકાન તારા હાથમાં સોંપી દીધું છે.’ નજરો ઢાળીને મેઘનાએ કહ્યું. પ્રણવ એ ઢળેલી નજરોનાં ઊંડાણ માપવા મથી રહ્યો. એમાં સફળતા ન મળતાં એને જે રસ્તાની ખબર હતી એ તરફ અગ્રેસર થયો. પણ થોડે દૂર જતાં મેઘના સાબરમતી તરફને રસ્તે ફંટાઈ એટલે પ્રણવથી ન રહેવાયું: ‘હમણાં તો કહેતી હતી કે તને રસ્તાની ખબર નથી.’

‘મને જે રસ્તાની ખબર છે એની મંઝિલની ખબર નથી ને જે મંઝિલની ખબર છે એના રસ્તાની ખબર નથી એટલે તો તને સુકાન સોંપ્યું ને!’ કહેતાં મેઘનાએ પાછી આંખો નચાવી.

‘જો મને સુકાન સોંપ્યું હતું તો પછી મારી પાછળ આવવાને બદલે આમ કેમ વળી?’

મેઘનાએ કશો જવાબ ન દીધો કદાચ પેલો સવાલ પણ જવાબની અપેક્ષા ન રાખતો હતો એની એને જાણ હતી એટલે.

રસ્તો અત્યારે લગભગ ઉજ્જડ જણાતો હતો રસ્તાની બેય તરફ હરિયાળી ફેલાયેલી હતી. જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી કોઈ ચહલપહલ જોવા મળતી ન હતી. 'હવે પછી આમ સાથે ફરવા નહીં નીકળાય.' મેઘનાનો ક્ષોભ આખરે બોલી ઊઠ્યો.

'કેમ?' પેલા પુરુષની લાપરવાહી સત્યને ઉવેખતી છતી થઈ. જો કે એનેય એની ખબર તો હતી જ. અરે, આજે મેઘનાના ઘર તરફ આવતાંય એના પગ પહેલાંની જેમ ક્યાં ઊપડતા હતા!'

'આપણા વિવાહ થઈ જશે ને બધાંને ખબર પડી જશે કે આપણે બેય પરણવાનાં છીએ એટલે એમની નજરોય આપણા પર પહેરો રાખતી હોય એવી થઈ જશે.'

'આ શહેર ઘણું મોટું છે ને આપણને ઓળખતાં હોય એના કરતાં આપણને ન ઓળખતાં હોય એવાં ઘણાં માણસોથી એ છલકાઈ રહ્યું છે.'

'તેથી શું? આપણને ઓળખતું કોઈ આપણને નહીં જ જોઈ જાય એમ કેમ મનાય? ને બા પણ હવે મને તારી સાથે આમ ફરવા બહાર નહીં નીકળવા દે જોજે ને!' મેઘના બોલી. તેના મનમાં એમ કે પ્રણવને બાના નામની ધાકથી ઢીલો પાડી શકાશે પણ એમાં એને સફળતા ન મળી.

'એનો વાંધો નહીં. તું જોજે ને ભણેલાં છોકરાંનાં મા-બાપોય જલ્દી સુધરી જતાં હોય છે.' પ્રણવ મનમાં સાચી પરિસ્થિતિ સમજતો હોવા છતાં બોલ્યો. એનેય એ વાતની ખાતરી હતી જ કે હવે તેમનું મળવું ને આમ સાથે બહાર નીકળવું કઠીન બનવાનું જ હતું. ને મેઘનાનું સ્ત્રીમાનસ તો એ વાત ક્યારનુંય સમજી ગયું હતું.

આજે પ્રણવને એના પિતાએ જે વાત કરી હતી એ હકીકત બનીને કાલે મેઘનાનાં માબાપ પાસે આવવાની જ હતી ને. ને પછી જ્ઞાતિની બીકને કારણે પાબંધી પણ. આજે બન્નેના મનમાં અનેક ઊર્મિયો ઊમટી રહી હતી પણ તેને વાચા આપવામાં બેય થડકતાં હતાં એટલે તો આમ સામાન્ય ટોળટપ્પાં કર્યા કરતાં હતાં ને!

જ્ઞાતિ અને સમાજની રીતે એમનાં લગ્ન શક્ય હતાં અને

એમાં પોતાનાં વડીલોની સંમતિ મળી જ જશે એ વિશ્વાસે તો એ લોકો આજ સુધી એમની પ્રેમની નૌકા હંકારતાં આવ્યાં હતાં. પણ આજે જ્યારે એમના મનની મુરાદ પાર પડવાની ઘડી આવી ત્યારે બેય કેવાં ભારેખમ બની ગયાં હતાં એ વાતનું આશ્ચર્ય એમનેય ક્યાં નહોતું થતું!

આખરે એ ભારેખમ મૌનનો પડદો હટ્યો. બેય જણાં લગ્નની વાત પરથી પ્રેમની ને એમાંથી કૉલેજમાં એમના લગ્નની જાહેરાત થયા પછી પડનારી અસરની વાતોમાં એવાં તો મગ્ન થઈ ગયાં કે અંધારાં ઘેરાઈ ગયાં એની ખબરેય એમને ખાસ્સી કલાક પછી પડી.

# ૩. રાગિણીનો નવો રાગ

પ્રણવ અને મેઘનાના વિવાહની વાતને લગભગ એક મહિના જેટલો સમય થયો હતો. બન્ને પક્ષનાં ઘરો વચ્ચે પહેલાં હતો એના કરતાંય વધારે ગાઢ સંબંધ શરૂ થઈ ગયો હતો.

પણ જે બે વ્યક્તિઓને કારણે આ વહેવાર શરૂ થયો હતો એ બે જણાં તો સમાજનાં બંધનોને કારણે જાહેરમાં મળી પણ નહોતાં શકતાં. અલબત્ત વડીલોની નજરે. બાકી કૉલેજ, નદીની રેતમાં, બાગમાં કે કદીક થિયેટરમાં તો — બધે ઓછાં વડીલોનાં સામ્રાજ્ય સ્થપાયેલાં હતાં! ત્યાં તો મેઘના ને પ્રણવ કલાકો સુધી ભાવિનાં મધુરાં સ્વપ્નોમાં રાચતાં હતાં ને એ સ્વપ્નોની સાક્ષી બનવા ક્યારેક રાગિણી નામના જીવને પણ સાથે ખેંચી જતાં હતાં.

રાગિણીની સ્થિતિ ખરખર વિચિત્ર હતી. એણે કૉલેજના પહેલા વર્ષથી જ પ્રણવને પોતાનો કરવા ધાર્યો હતો. ને એ માટે એણે એની સાથે દોસ્તી બાંધી હતી. પ્રણવને શું ગમતું હતું ને શું નહીં એની રજેરજની માહિતી એણે પોતાના મનમાં સંઘરી હતી. એના વિચારોમાં એણે એની કેટલીય રાતો ઊંઘવિહોણી પસાર કરી હતી. અરે, પાછલી રાતે જરીક આંખ મીંચાય તો સ્વપ્નોમાંય એ પ્રણવની સાથે નહોતી મહાલતી શું!

આજે એના મનનો માનીતો એ મોરલો બીજી ઢેલડી સાથે કળા કરી રહ્યો હતો. એ જાણે પારકો થઈ ગયો હતો. અરે, એટલું જ પુરતું ન હોય તેમ એ બન્નેના વખતોવખતના પ્રેમાલાપોની સાક્ષી પણ પોતાને બનવું પડતું હતું એને માટે રાગિણીનું હૈયું કેમેય કરીને એને સાથ દઈ શકતું ન હતું.

◇

પ્રણવ અને મેઘના બેય કઝીન ન હતાં ને એ બન્નેના વિવાહ થવાના હતા એ વાત જે દિવસે એણે જાણી તે દિવસે જ

એના હૈયાના હજારો ટુકડા થઈ ગયા હોય એમ એ ભાંગી પડી હતી. એમના વિવાહમાં પણ એને હાજર રહી સાક્ષી બનવું પડ્યું ત્યારે એની સ્થિતિ એવી થઈ ગઈ હતી કે એકાંત મેળવીને રડી લેવા એ વલખાં મારવા માંડી હતી. પણ વર ને કન્યા બેયની એ સાથીદાર એ એમ કેમ છટકી શકે!

પછીના દિવસોમાં પ્રણવ અને મેઘનાથી તેની આ ઉદાસી છૂપી રહી શકી ન હતી. ઘણું પૂછવા છતાં જ્યારે એના તરફથી કશા સંતોષકારક ખુલાસાને બદલે ગલ્લાંતલ્લાં જેવો જ જવાબ મળ્યો ત્યારે પેલાં બેયે માની લીધું કે એ કોઈ પ્રેમના ચક્કરમાં અટવાઈ હશે.

એ વિચારતાં હતાં કે જે હશે તે બેચાર દિવસમાં તો બહાર આવી જ જશે. પણ એમને એ ક્યાં ખબર હતી કે રાગિણીના પ્રેમનું આ ચક્કર નહીં પણ પ્રેમનો ત્રિકોણ હતો ને એ બેય એ ત્રિકાણના બીજા બે ખૂણા પર ઊભાં હતાં!

કૉલેજ શરૂ થયે લગભગ ત્રણ મહિના થવા આવ્યા હતા પણ રાગિણીનો જાણે ભણવા પરથી રસ જ ઊડી ગયો હોય એમ લાગતું હતું. તેના બોલવા, હરવા, ફરવા કે કપડાંની ટાપટીપ પાછળથી તેની ઉદાસી જાણે ડોકિયાં કરી રહી હતી.

એનું મન ભણવામાં લાગી શકતું ન હતું. છેલ્લા મહિનાથી તો કૉલેજમાં પણ એટલી અનિયમિત થઈ ગઈ હતી કે પ્રણવ ને મેઘનાય ચિંતામાં પડી ગયાં હતાં.

ને એક પ્રસંગ જો ના બન્યો હોત તો એણે કૉલેજ કદાચ છોડી પણ દીધી હોત. પેલી કહેવત છે ને કે ડૂબતો માણસ તરણું પકડે. તે રાગિણીને પણ એક તરણું પકડવાની તક સામે ચાલીને આવી ને એ તરણાને સહારે તરી જવા રાગિણી એને વળગી પડી. ને એની કૉલેજ છોડી દેવાની વાત પર પૂર્ણવિરામ મુકાઈ ગયું.

વાત એમ બની કે કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે એક ગુજરાતી એકાંકી ભજવવાનું નક્કી થયું હતું. આ એકાંકીની બધી જવાબદારી પ્રણવ પર આવી હતી. બધાં પાત્રોની વરણી પણ પ્રણવે જ કરી. હા, એકાંકીના મુખ્ય પાત્ર માટે ગુજરાતીના પ્રાધ્યાપક જોષીએ પ્રણવની વરણી પહેલેથી જ કરી દીધી હતી.

પછી તો પ્રણવ મેઘના સાથે નજીકના ભવિષ્યમાં પરણવાનો હતો એવું જાણતાં જોષી સાહેબે મેઘનાની વરણી એકાંકીની મુખ્ય નાયિકાના પાત્ર માટે કરી દીધી હતી. મેઘના ને પ્રણયને એમાં વાંધોય ક્યાં હતો! અને એટલે તો એ એકાંકીનાં રિહર્સલ પણ શરૂ થઈ ગયાં હતાં ને!

પણ જ્યારે વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન તરીકે વ્રજરાયનું નામ નક્કી થયું ત્યારે મોટો વાંધો આવી પડ્યો. વ્રજરાય મેઘનાના પિતાના પિતરાઈ હતા ને એમના ખાસ દોસ્ત પણ હતા. એટલે લગ્ન પહેલાં મેઘના પ્રણવની સાથે આમ નાટકમાં એમની સામે આવે તો એમને ગુસ્સે થવાનું કારણ મળી રહે.

મેઘનાને જે વાત હજુ સુધી સામાન્ય લાગતી હતી તે હવે ચિંતાજનક લાગવા માંડી હતી. તેને થયું કે વ્રજરાય મુખ્ય મહેમાન તરીકે આવવાના ન હોય તો પણ પોતે પ્રણવની સાથે આમ નાટકમાં ઊતરે એ એક પ્રકારની છોકરમત જ ગણાય.

એ મનમાં દુખી થઈ ગઈ. એને થયું કે એણે પહેલેથી જ આ વાતમાં સાથ આપવાની ના પાડી દેવી જોઈતી હતી.

પ્રણવ પણ મેઘનાની આ વાત સાથે સંમત થઈ ગયો. તેને થયું કે રિહર્સલ હજુ હમણાં જ શરૂ થયાં હતાં એટલે મેઘનાને સ્થાને બીજી કોઈ યુવતીને લઈ લેવામાં કશો વાંધો આવે તેમ ન હતો.

મેઘનાને સમજાવીને પરાણેય એને નાટકમાં ચાલુ રાખવા જોષી સાહેબ વિચારતા હતા તેમનેય પ્રણવે નાતની વાત આગળ કરીને પાછા પાડ્યા. એને તો પોતાના પાત્રની વ્રજરાય પર કેવી અસર પડશે એની પણ ચિંતા થવા માંડી હતી. પણ એનાથી તો છટકી શકાય એમ હતું જ ક્યાં?

મેઘનાએ પોતાને સ્થાને રાગિણીને મૂકવાની વાત કરી તો એ બધાને બરાબર લાગી. ને રાગિણી તો પોતે મનમાં જેમ ચાહતી હતી તેમ પ્રણવની સાથે તેની પત્નીના રૂપમાં આવવા થનગની ઊઠી. સાચે નહીં તો નાટકમાં. ને કદાચ એમ કરતાં બાજી પલટાઈને પોતાના પક્ષમાં આવી જાય પણ ખરી.

આવું વિચારતી વખતે એને મેઘનાનો કે એની સ્થિતિનો વિચાર કરવાની જરૂર જણાતી ન હતી. જીવનમાં પ્રણવને હારી ચૂકેલી રાગિણી નાટકમાં ને એના થકી જીવનમાંય પણવને જીતવા જાણે મેદાને પડી હતી.

નાટકમાં મેઘનાને સ્થાને રહેવા હા પાડી ત્યાં સુધી રાગિણીને એની ગંભીરતાનો પૂરો ખ્યાલ ન હતો. આ નાટકમાંના કેટલાય સંવાદો ફેરવીને સાચાં પતિ-પત્નીને મુખે શોભે એવા જ બનાવાયા હતા. કારણ કે મેઘના ને પ્રણવ પરણવાનાં હતાં એટલે આવા છૂટવાળા સંવાદો ચાલી શકે તેમ હતા. આ સંવાદો ફેરવવાનું મુખ્ય કારણ એ હતું કે એમને ઓવર્સિસ ગ્રૂપનો સામનો કરવાનો હતો.

જીવનમાં પ્રણવને ન પામી શકતાં નિરાશ થયેલી રાગિણીને નાટકમાં એની સાચી પત્નીનો અભિનય કરવામાં શરૂમાં થોડો ખચકાટ થતો હોય એમ લાગતું હતું પણ એક વખત પ્રણવને જીતી લેવાનો મનથી મક્કમ નિર્ધાર કર્યાં પછી રાગિણીના અભિનયમાં જાણે પ્રાણ પુરાયા હતા.

અન્ય પાત્રોમાં હોવાને કારણે રિહર્સલોમાં હાજર રહેતાં દરેક રાગિણીના આવા અભિનયથી છક થઈ ગયાં. એમને મનમાં થવા લાગ્યું કે રાગિણીના જેવો અભિનય કદાચ મેઘનાય ન કરી શકત.

એક દિવસ કૉલેજના ગાર્ડનમાં ટહેલતાં મેઘનાની શંકા ટકોર કરવાનું ન ભૂલી: ‘અલી રાગિણી, તમારો બેયનો અભિનય જોતાં લોકોને એમ જ લાગશે કે તમે બેય વાસ્તવમાય પતિ-પત્ની જ હશો.’

‘એનું નામ જ અભિનય, વહાલી સખી. એનું નામ જ અભિનય. પણ મને કાંઈક બળતું હોવાની ગંધ આવે છે. તને અદેખાઈ તો નથી આવતી ને!’

‘મારે અદેખાઈ કરવાનું કોઈ કારણ? તું તો એની સાથે નાટક કરી રહી છો એ ખરું પણ આખરે પ્રણવ પરણવાનો તો મારી સાથે જ છે ને!

‘તોય તારા સ્ત્રીમાનસમાં મારે માટે જેલસી ઉત્પન ન થાય

એ હું માનું નહીં. તને એમ નથી લાગતું કે તારા આ પ્રણયદોરમાં આ નાટક કરતાં હું ક્યાંક લંગર નાખી દઈશ.' રાગિણીએ હસતાં જ મનની વાત કહી દીધી.

'ના રે, મારે તો એક તરફ બચપણનો સાથી છે ને બીજી તરફ પ્રાણથીય અધિક પ્યારી સહેલી છે. હું કોના પર શક કરું?' રાગિણીની ટકોરે સાવધ થતી મેઘનાએ એને પોતાના પ્રેમને તાંતણે બાંધવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'એટલે તો પ્રણવની સાથે અભિનયમાં જરા પણ છૂટ લેતાં મને તારો ખ્યાલ રહ્યા કરે છે.' રાગિણીએ કહ્યું પણ મન તો એનું કહી રહ્યું હતુંઃ કદાચ મહિના બે મહિના પછી તારો મત બદલાઈ જાય તો મને દોષ ન દેતી.

'મને નથી લાગતું કે તું પ્રણવને મારી પાસેથી છીનવી લે. મને તારા પર જેટલો વિશ્વાસ છે એટલો જ પ્રણવ પર પણ છે.' રે મન એક તરફ એ ગભરાઈ રહ્યું છે તો બીજી તરફ વિશ્વાસની વાત કરીને તે પોતાને મનાવવાની ચેષ્ઠાય કરી રહ્યું છે.

પણ બીજે દિવસે રિહર્સલમાં મેઘનાએ રાગિણીનો અભિનય જોયો તો એ મોંમાં આંગળાં નાખી ગઈ. જીવ પર આવી ગયેલી રમણી શું કરી શકે છે એની પ્રતીતિ એણે મેઘનાને કરાવી દીધી. પ્રણવનો અભિનય એને રાગિણીની સામે સાવ મોળો લાગ્યો એટલે એણે બાગમાં ફરતાં જેમ રાગિણીને કહ્યું હતું એમ કહી પ્રણવને ઉત્તેજવાનો પ્રયત્ન કર્યો.

રાગિણીની સ્થિતિ તો હારેલા જુગારી જેવી હતી અને એમાં ભળી હતી મેઘનાની ટકોર. વળી એના મનમાં પ્રણવને પામવાની જે એષ્ણા હતી એ એમાં ઉમેરો કરતી હતી એટલે એ તો મન મૂકીને અભિનય આપી રહી હતી પણ પ્રણવ તો મનમાં સદાય મેઘનાને રાખીને રાગિણી સાથે દિલ વગરનો અભિનય કરી રહ્યો હતો.

◇

વાર્ષિકોત્સવ આવ્યો ને ગયો. પ્રા. જોષીની ને સૌની મહેનત પાણીમાં ગઈ. શ્રેષ્ઠ નાટિકા માટેનું ઇનામ ઓવર્સિસ ગ્રૂપને મળ્યું. ગુજરાતી નાટિકામાંનું પ્રણવનું પાત્ર ઘણું જ નબળું

જણાયું ને પરીક્ષકોને મતે એને કારણે જ નાટિકાનો બધો ચાર્મ માર્યો ગયો. હા, રીગિણીના અભિનયનાં સૌએ વખાણ કર્યાં. પણ તેથી શું?

પણ રાગિણી હિંમત હારી ન હતી. નાટિકામાં એણે પ્રણવને સમીપ ખેંચવાનો જે પ્રયત્ન કર્યો હતો તેની અસર ક્યારેક તો જણાયા સિવાય રહેવાની ન જ હતી એની તેને ખાતરી હતી.

મેઘનાએ નાટિકા પહેલાં એને જે ટકોર કરી હતી એનો ડંખ હજુ તેના દિલમાંથી ગયો ન હતો. હવે એ પ્રણવને પામવાના મક્કમ ધ્યેય સાથે મેદાને પડી હતી. એનું દિલ એને વારંવાર નિરાશાના સંકેત આપતું હતું પણ એ એમ હારીને બેસી રહે એવી ક્યાં હતી!

ત્યાં વળી એક પ્રસંગ એવો બન્યો કે એ ઝૂમી ઊઠી. એને મનમાં થયું કે પોતાનું નસીબ હજુ જોર કરતું હતું. વાત એમ બની કે મેઘનાના પિતાજી કુંદનલાલની બદલી સુરત નજીકના કોઈ ગામમાં થઈ હતી એટલે એમની સાથે મેઘનાને પણ જવાનું હતું ને સુરતની કૉલેજમાં એડમિશન લેવું પડવાનું હતું.

આ બદલીને કારણે મેઘના ને પ્રણવનાં લગ્ન પણ થોડાં પાછાં ઠેલવવાં પડવાનાં હતાં. આવી વાત જાણતાં રાગિણી આનંદમાં આવી જાય એમાં નવાઈ જ શું! એને લાગ્યું કે પ્રણવ સાથેની એની મૈત્રી પ્રેમમાં પલટાઈ જાય એવી તક હવે હાથવેંતમાં જ હતી.

મેઘનાનું જવાનું જલ્દીમાં જલ્દી થાય એવી એ ભગવાનને પ્રાર્થના કરવા માંડી. એટલે તો જ્યારે મેઘના એને મળી ત્યારે એણે સૌથી પહેલો એ જ પ્રશ્ન કર્યો ને: ‘ક્યારે ઊપડે છે તારી સવારી?’

‘કાલે જ જવાનું છે. મને સુરતની એમ. ટી. બી. કૉલેજમાં એડમિશન મળી ગયું છે. પ્રણવને જોયો?’

‘મેં જોયો નથી. મને એમ કે તમે બેય રોજની જેમ સાથે જ નીકળ્યાં હશો. લાયબ્રેરીમાં તપાસ કરી?’

‘તને તો ખબર હશે જ કે અમારું સાથે નીકળવાનું વિવાહ પછી બંધ થઈ ગયું છે. સાથે નીકળીએ તો આખી શેરી તાકી રહે

છે. મેં લાયબ્રેરીમાં નજર કરી જોઈ. એ ત્યાં પણ નથી. ક્યાં ગયો હશે?' મલકાતાં મેઘનાએ કહ્યું.

'તો પછી એ કદાચ બાગમાં હશે. કૉમન રૂમમાં તો બહુ કચબચ છે.' રાગિણીએ કહ્યું. એ બધે તપાસ કરીને જ આવી હતી ને ક્યારની પ્રણવની જ રાહ જોઈ રહી હતી.

'ચાલ બાગમાં જોઈએ.' મેઘનાએ કહ્યું.

'તમારી બે જણાંની કંપનીમાં હું આવીશ તો ટોળું નહીં થઈ જાય?' કહેતાં જવાબની રાહ જોયા સિવાય એ મેઘનાની સાથે બાગ તરફ ચાલી.

'તું એટલી બોલબોલ કરે છે કે ટોળું તો થઈ જ જાય છે પણ અમારે તારા સિવાય ચાલે છે જ ક્યાં!'

'એટલે મારે બોલવામાં હવે રેશનિંગ કરવું પડશે એમ તો તું કહેવા નથી માગતી ને?'

'ના રે તું બોલે છે એટલે તો ગમે છે. તારે લીધે તો કાયમ વાતાવરણ સજાગ લાગે છે.'

પ્રણવ બાગમાં જ હતો. કદાચ એ મેઘનાની જ રાહ જોતો હશે. મેઘના એની સાથે લોન પર બેસતાં બોલી: 'કેમ, આજે બાગમાં જમાવી છે? હું તો લાયબ્રેરીમાંય તપાસ કરી આવી. રાગિણી કહે તું કદાચ બાગમાં હોઈશ એટલે હું આ તરફ આવી. હમણાંનાં આપણે બાગમાં બહુ બેસતાં નથી ને!'

'હમણાં આપણાથી સાથે નીકળાતું નથી એટલે ક્યાં મળીશું એય નક્કી કરી શકાતું નથી.'

'એ વાત નથી. ભાઈ સાહેબ તારા થનારા વિરહની વેદનામાં અત્યારથી જ ઉદાસ થઈ ગયા છે એટલે બાગનાં ઝાડવાને પેલા ભરતની જે પૂછવા આવ્યા હશે કે તમે મારી મેઘનાને ભાળી ક્યાય?' રાગિણી ચૂપ રહી શકે ખરી!

'એવું હોય તો રાગિણીને જ પૂછવું. એ આખા ગામની ખબર રાખે છે.' મેઘનાએ રાગિણીની ઉડાવી.

'એય હમણાંની મારાથી અળગી રહે છે.'

'હું ક્યાં અળગી રહું છું? તમે બેય જણાં તમારા પ્રેમની ગુટર્ગુમાંથી નવરાં પડો તો તમને મારી સામે જોવાનો સમય મળે ને!'

'હા, આજે મેં તારી સામે ધ્યાનથી જોયું તો મને લાગ્યું કે તું હમણાંની સૂકાઈ ગઈ છે.' મેઘનાએ કહ્યું.

'એ તો તમે બેય ડબલ થઈ ગયાં એટલે તમને એવું જ લાગવાનું.'

'તો તુંય ડબલ થઈ જા ને! કોઈ ધ્યાનમાં છે? ના હોય તો મને કહે એટલે હું બતાવું.' પ્રણવે કહ્યું.

'ના હોય તો હું આવતે મહિને સુરતથી પાછી આવું ત્યાં સુધીમાં કોઈ શોધી રાખજે એટલે મારે ફરીથી ફેરો ન ખાવો પડે.' મેઘનાએ કહ્યું. ને જિંદગીમાં પહેલી વખત રાગિણી એનો જવાબ દેવાને બદલે ચૂપ રહી.

'તું સુરત જતી રહેવાની છે એ જાણીને મારા કરતાં તો એ વધારે ઉદાસ થઈ ગઈ છે.' પ્રણવના મનમાં એમ કે તે રાગિણીના મનની વાત કરે છે. પણ એને ક્યાં ખબર હતી કે મેઘનાના જવાની વાતથી તો એ આનંદમાં તરબોળ થઈ ગઈ હતી. એ થોડી અતડી દેખાવાનો ખોટો પ્રયત્ન એટલા માટે કરી રહી હતી કે મેઘનાને એના મનનો અણસાર ન આવે.

'એ તમારા બેયનો વહેમ છે.' રાગિણીએ પ્રગટ કહ્યું.

'એ જે હોય તે પણ મારા જવાથી પ્રણવ એકલો પડી જશે. ને એ જો કોઈની સાથે સહજતાથી બોલી શકતો હોય તો ફક્ત તારી સાથે જ છે. હવે જો તું આમ અળગી રહીશ તો એ વધારે ગમગીન બની જશે. કદાચ એના અભ્યાસ પર પણ એની અસર પડે.' મેઘના બોલી.

'તું મને એનું ટ્યૂશન બાંધવાનું તો નથી કહેતી ને?' રીગિણીએ ટોળ કરીને મેઘના મનમાં વિચારી રહી: આવીએ બોલે છે એવું કે મારે પ્રણવને એનાથી દૂર રહેવાનું તો નહીં કહેવું પડે ને!

'તું હવે મારી ચિંતા કરવી પડતી મૂક. અજાણી જગાએ તો

તું જાય છે. હું તો અહીં મિત્રોની વચમાં રહેવાનો છું. તું મારી ચિંતા કરવી છોડ.'

'દોસ્તો તો છે જ ને. પણ મને નથી લાગતું કે આ રાગિણી મારા ગયા પછી તારી સાથે દોસ્તી રાખે. એની તારી સાથેની દોસ્તી ફક્ત મારે કારણે છે.'

'એવો ખોટો વહેમ ન રાખતી. તું એની દોસ્ત મટીને એની પત્ની થવા દોડી પણ હું તો કાયમ દોસ્ત જ રહેવાની છુ. તું કહેતી હોય તો તને લખીને આપું.'

'તને સુરતમાંય આ રાગિણી જેવી દોસ્ત મળી જાય એવી આશા રાખીએ.' પ્રણવે કહ્યું.

'મારા જેવી દોસ્ત મળી જાય ત્યાં સુધી તો વાંધો નહીં પણ આ પ્રણવ જેવો કોઈ દોસ્ત મળી જાય તો એને વિસારી ના મૂકતી પાછી.' રાગિણી મનમાં જે ઈચ્છતી હતી એ વાત બીજી રીતેય બહાર આવ્યા વગર રહે ખરી! અત્યારેય એનું મન તો કહેતું જ હતું કે એવું થાય તો મને તો મઝા જ આવી જાય.

'હવે તું તારું બાફવાનું બંધ કરીશ?' મેઘનાએ એને ટકોર કરી.

'ચાલો મેં બંધ કર્યું પણ સાંજ પડવા આવી. આપણે ઘેર જવાનું છે કે કેન્ટીનમાં જમવા રહેવાનું છે? ઓહ, સોરી પણ મારે તો ઘેર જવાનું છે. તમારે તો હજુ કેટલીય ખાનગી વાતો કરવાની હશે. હું જાઉં.' કહેતાં રાગિણીએ ઊઠવા કર્યું.

'બેસ હવે ચિબાવલી થયા વગર. અમારી ખાનગી વાતો તો તારી હાજરીમાં જ પતી ગઈ. હવે તું તારી ખાનગી વાતો કહેવા માંડ.'

'મારી ખાનગી વાતો તો, તું મને તો નહીં, પણ જ્યારે પ્રણવને મળવા આવીશ ત્યારે, તને કરીશ. ત્યાં સુધીમાં તો તારી પાસેય નવી ખાનગી વાતો કરવાની એકઠી થઈ ગઈ હશે. ચાલો બાયબાય. અને હા મેઘના, પ્રણવને પત્ર લખે તો એમાં મનેય કદીક યાદ કરી લેજે.' કહેતાં રાગિણી ચાલવા માંડી.

એના મનમાં તો પેલા મનગમતા વિચારો ચાલતા જ

હતા. એવીએ પત્રમાં મારો ઉલ્લેખ કરશે તો એ જણાવવાય પ્રણવ પોતાને મળશે અને એમાંથી— ને એ મુલાકાતને પોતાની રીતે કેવો વળાંક આપવો એના પેંતરા એ મનમાં જ રચવા માંડી.

રાગિણીને તો એમ જ લાગી રહ્યું હતું કે પ્રણવને પોતાના હાથમાં સોંપીને મેઘના દૂર જઈ રહી હતી. હવે આ આવેલા મોકાને પોતાના તરફ કેમ વળાંક આપવો એના જ ખ્યાલમાં એ છેક ઘેર પહોંચતાં સુધી ડૂબકીઓ મારી રહી.

‘કેટલી ભોળી છે!’ એ ગઈ એટલે મેઘના બોલી. ‘તું એના પ્રત્યે બેદરકાર રહીને એને હેરાન ન કરતો. મારા જવાથી એને પણ મનમાં એકલી પડી ગયાની ગમગીની થતી હશે.’

‘ને એ કહેતી હતી તેમ ત્યાં તનેય કોઈ મિત્ર ન થાય ત્યાં સુધી તુંય એકલી જ પડી જશે ને!’ પ્રણવે મિત્ર શબ્દ પર ભાર મૂકતાં મજાક કરી.

‘હું નથી માનતી કે તું પણ બીજા લોકોની જેમ એક વહેમી પતિ પૂરવાર થાય.’

‘હું ક્યાં વહેમ ખાઉં છું? હું તો મજાક કરી મારી ને ભેગી તારીય ગમગીની દૂર કરવા પ્રયત્ન કરું છું. મને લાગે છે કે તું કદાચ મારા પર વહેમ ખાય. ને તારે તો વહેમ ખાવાને કારણ પણ છે. રાગિણી જેવી ચબરાક યુવતીની પાસે તું મને એકલો છોડી જાય છે.’ પ્રણવે કહ્યું ને મેઘના જવાબ ન દઈ શકી. હમણાં હમણાંની રાગિણીની વર્તણુંક એના મનમાં શંકા જગાવે એવી હતી જ ને!

‘જો મારા મનમાં એવો વહેમ હોત તો હું તને સામે ચાલીને રાગિણી સાથે કંપની ચાલુ રાખવાનું સૂચન શા માટે કરત!’

‘તેં ન કહ્યું હોત તોય એ આપણી જૂની મિત્ર છે એટલે હું એની સાથે કંપની તો રાખત જ ને. હા, તું સાથે હોય અને જેવી કંપની રાખું છું એવી કદાચ ન રાખી શકું એ સ્વાભાવિક છે.’

‘મને પત્ર તો લખશે ને!’ મેઘનાએ વિષયાંતર કર્યું.

‘જરૂર પણ તું મને પહેલાં તારું ત્યાંનું સરનામું મોકલશે

પછી જ તો.'

'એટલે એનો અર્થ એ કે હું તને પત્ર લખવાની પહેલ કરું પછી જ તું મને પત્ર લખશે?'

'જો મને તારું સરનામું ખબર હોત તો હું પહેલ કરત. પણ મને લાગે છે કે આવી બાબતમાં સ્ત્રીએ જ પહેલ કરવી યોગ્ય ગણાય.' પ્રણવે મુસ્કુરાતાં કહ્યું.

'મને એવો કશો અનુભવ નથી. તારો અનુભવ શું કહે છે?

'મહિના પછી કદાચ એ વાતનો હું ચોક્કસ જવાબ આપી શકું. ત્યાં સુધી તું વાટ જોઈ શકીશ ને!'

'બસ આટલો જ વિશ્વાસ છે તને મારા પર! તું અત્યારથી મને જવાબ આપી દેશે તોય એ સાચો જ પડશે એ વાતમાં તને શ્રધ્ધા કેમ નથી?'

'માય ડીયર, એ અનુભવ ન કહેવાય. એ તો માત્ર અનુમાન જ કહેવાય. છતાં મને એક વાતની ખાતરી જરૂર છે કે તુંય મને પત્ર લખશે ને હુંય તને પત્ર લખીશ. એ પત્રવ્યવહાર જ આપણા પ્રેમને સદાય તાજગીભર્યો રાખશે. ક્યારેક એવોય પત્ર લખજે કે હું એ રાગિણીને વાંચવા આપી શકું. એનેય સંતોષ થાય કે એની સખી એને ભૂલી ગઈ નથી.'

'એવીએ પાછી ટીકા કરશે કે આપણે બેય લવલેટર લખવાને બદલે આવા કેઝ્યુઅલ પત્ર કેમ લખીએ છીએ! પણ તુંય રાગિણી, પ્રા. જોષી, બીજા મિત્રો અને કૉલેજ વિષે વિગતે લખજે.'

'મેધના—'

'કેમ?' એ બોલતાં અચકાયો એટલે મેધના વચમાં પૂરાઈ.

'વાંચવાનો સમય હવે જ મળશે તને.'

'ના, વિચારવાનો. વાંચવા કરતાં તારા વિચારમાં જ મારો સમય વીતશે. અત્યારે જ એવું થાય છે તેમાં પહેલી વખત લાંબા સમય માટે તારાથી દૂર જવાનું થયું છે. ને મહિનાઓ સુધી તારાં દર્શન દુર્લભ થઈ જશે એટલે—'

'ના એટલું બધું નહીં. આપણે અવારનવાર મળતાં રહીશું. બોલ, કેવી રીતે અને ક્યારે?'

'એ જોઈશું. આપણે પત્રમાં એ બધું નક્કી કરીશું. પણ તું મારા પત્રનો જવાબ આપવામાં ઢીલ ન કરતો. જો તું એમાં ઢીલ કરશે તો મારું વાંચવાનું બિલકુલ બંધ થઈ જશે. ને રાગિણીનેય કહેજે મને પત્ર લખે.'

'તું એને પત્ર લખીશ તો એ તને સામો લખશે, પણ જો તું મારા પત્રમાં એનો ઉલ્લેખ કરીશ તો એય મને કહેશે કે મેઘનાને મારી યાદ આપજો. છતાં હું તેને કહીશ તને પત્ર લખવાનું. ચાલ, જઈએ. અંધારું થવા માંડ્યું.' પ્રણવે ઊભા થતાં કહ્યું.

'ભલે જઈએ. બાકી વાતો તો આપણી ક્યારેય નહીં ખૂટે. અત્યાર સુધી આપણે છૂટથી મળતાં હતાં એ વાત જુદી હતી. હવે જ્યારે વિવાહમાં બંધાઈ ગયાં છીએ ત્યારે ચોરીછૂપીથી મળવાની જે મઝા હતી તેય મારે જવાનું થયું એમાં જતી રહી. હવે તું કદાચ મને મળવા સુરત આવે તોય થોડો સીધો અમારે ત્યાં આવી શકવાનો હતો?'

'કેમ ન અવાય? હવે તો મારો હક થાય છે. હું તો આવીને કહીશ કે મેઘનાને મળવા આવ્યો છું.' પ્રણવે આંખનો ચાળો કરતાં કહ્યું.

'ના ના, એવું ન કરતો નહીં તો મારે શરમાવાનું થશે.' ગભરાતાં મેઘનાએ કહ્યું.

પ્રણવે મેઘનાનો હાથ પકડીને ચાલવા માંડ્યું. મેઘનાએ પણ એનો હાથ છોડાવી દેવાની ચેષ્ઠા કરવાને બદલે એનાં આંગળાંમાં અંગળાં ભિડાવીને સાથે ચાલવા માંડ્યું. એમને આમ ચાલતાં જો રાગિણીએ જોયાં હોત તો એ એમના આ સંબંધમાં લંગર નાખવાની એની મનીષા ત્યાં જ હારી બેઠી હોત.

વરસાદ પણ જાણે આ યુગલને વધાવી રહ્યો હોય તેમ ધીમે ફોરે અમી છાંટણાં કરી રહ્યો હતો. મેઘના પણ એની કાયમની ટેવ મુજબ ઊંચું જોઈને એ ફોરાંને સીધાં મોંમાં ઝીલવા પ્રયત્ન કરતી હતી. આ જોઈને પ્રણવે મજાક કરતાં કહ્યું: 'કહેવાય છે કે કેટલીક માછલીઓ આમ જ વર્ષાનાં ફોરાં સીધાં મોંમાં ઝીલી

લે છે ને એમના પેટમાં એ ફોરાંનાં મોતી બની જાય છે.'

'એ વાત કદાચ સાચી હશે પણ મારા...' કહેતાં એણે આગળ બોલવાનું ટાળ્યું.

'તારા પેટમાં એવાં જ મોતી—' પ્રણવે પણ એમ જ અડધા વાક્યે આંખનો ચાળો કરતાં ઘણું કહી દીધું.

ને પ્રણવના હાથમાંથી પોતાનો હાથ છોડાવી દૂર ખસી જતાં મેઘના બોલીઃ 'એવો લુચ્ચો છે તું!'

# ૪. પહેલો પત્ર

મેઘના સુરત ગઈ એ વાતને પંદર દિવસ થવા આવ્યા હતા છતાં હજુ એના તરફથી કોઈ સમાચાર આવ્યા ન હતા કે નહોતો આવ્યો એનો પત્ર. પ્રણવ ગમગીન ને અતડો રહેતો હોય એમ રાગિણીને લાગી રહ્યું હતું. જો કે રાગિણી ગમે તે બહાનું કાઢીનેય દિવસમાં એકાદ વખત તો પ્રણવને મળતી જ રહેતી.

એ તરહ તરહની વાતો કરી પ્રણવને આનંદમાં લાવવા પ્રયત્ન કરતી હતી. પણ પ્રણવ મેઘનાની યાદમાં કાયમ ખોવાયેલો જ રહેતો હોય એમ તેને લાગતું હતું. છતાં એ હિંમત હારી ન હતી. એને ખાતરી હતી કે પોતે પ્રણવને એ ગમગીનીમાંથી બહાર કાઢીને પોતાનામાં રસ લેતો જરૂર કરી દેશે.

પંદર દિવસની રાહ જોવડાવ્યા પછી જ્યારે મેઘનાનો પત્ર આવ્યો ત્યારે એ ખુશખબર સુણાવવા પ્રણવ રાગિણીની પાસે દોડી ગયો. પોતે આટલો મોડો પત્ર લખ્યો એ માટે માફી માગતાં એણે જણાવ્યું હતું કે હવે ઘર બરાબર ગોઠવાઈ ગયું છે એટલે એ નિયમિત પત્ર લખશે.

પત્ર મોડો લખ્યો એ માટે શરૂમાં પ્રણવને મેઘના પર થોડો ગુસ્સો જરૂર આવ્યો હતો પણ પત્ર વાંચતાં એને અજાણી જગાએ ઘર ગોઠવતાં અને એમાં ગોઠવાતાં કેટલી મુશ્કેલીઓ પડે છે તેનું પહેલી જ વખત ભાન થયું ને તેનો ગુસ્સો ઓસરી ગયો,

સુરતમાં ચોપાટી ને ગાંધીબાગ એ બે પ્રેમીઓને મળવાનાં આદર્શ સ્થળો છે એ જણાવતાં એણે પ્રણવને સુરત આવવા આડકતરું નિમંત્રણ પણ આપી દીધું હતું. પણ સુરત કાંઈ અમદાવાદની ભાગોળે આવેલું ન હતું ને પ્રણવને છેલ્લા વરસમાં આમ બેચાર દિવસની ગાપચી મારવી પોસાય તેમ પણ ન હતી.

છતાંય એ કદાચ સુરત જવાનું વિચારે તોય પોતાનાં વડીલોને બતાવવા જેવું એની પાછળ કોઈ સબળ બહાનું તો હોવું જોઈએ ને! એટલે એણે એના મનના તરંગોની લગામ હાલ તો

ખેંચી રાખવી પડે તેમ હતી. આગળ ઉપર જોઈશું, તેણે મન મનાવ્યું.

પત્રમાં એક બીજા પણ સમાચાર હતા. મેઘનાને એક બેનપણી મળી ગઈ હતી. એનું નામ હતું શાલિની. એ સુરતમાં જ જન્મેલી ને ઉછરેલી હતી. તે જાતે વણિક અને સ્વભાવે મિલનસાર હતી.

કૉલેજને પહેલે દિવસે જ તેની સાથે મેઘનાને પરિચય થયો હતો ને સાંજે બસમાં ઘેર જતાં એ વિકસ્યો હતો. ને ચાર પાંચ દિવસમાં તો બેય મિત્રો બની ગયાં હતાં. એ રાગિણી જેવી જ વાચાળ હતી. વળી તે સાહિત્યની પણ શોખિન હતી એટલે બેયનો પરિચય ઝડપથી મૈત્રીમાં પરિણમ્યો હતો. એ એટલી તો વાચાળ હતી કે કૉલેજમાં બધા એને બ્રૉડકસ્ટિંગ સ્ટેશન જ કહેતા હતા.

એણે વધુમાં જણાવ્યું હતું કે એકાદ મહિના પછી એમની કૉલેજમાં એન્યુઅલ ગેધરિંગ આવતું હતું. એમાં પોતે અને શાલિની ડ્રામામાં ભાગ લેવાનાં હતાં. બેય જણાંએ પ્રણવ અને રાગિણીને એ ઉજવણીમાં હાજર રહેવા આમંત્રણ પણ આપ્યું હતું. પ્રણવના ઘરનાંને બધાંને તેણે યાદ કર્યાં હતાં અને રાગિણીને પોતાનું સરનામું આપવાનું તથા એને પત્ર લખવાનું કહેવાની ભલામણ પણ તેણે કરી હતી.

એ રાગિણીને ત્યાં પહોંચ્યો ત્યારે તે ઘેર ન હતી ને એના ઘરનાં લોકો સાથે પ્રણવને ખાસ પરિચય ન હતો એટલે એ પાછો ફરી ગયો હતો. એને થયું રાગિણી જો અત્યારે ઘેર ન હોય તો કૉલેજની લાયબ્રેરીમાં જ હોય માની એ કૉલેજ તરફ ઊપડ્યો. પણ લાયબ્રેરીનો બંધ થવાનો સમય થઈ ગયો હતો એ યાદ આવતાં એ ઘર તરફ પાછો ફર્યો. ને એટલે જ તો રીગિણી એને ભટકાઈ ગઈ ને. એ પ્રણવને ઘેરથી જ પાછી આવી રહી હતી. ‘ક્યાં ગઈ હતી આમ?’ પ્રણવે એને પૂછ્યું.

‘મંદિરે દર્શન કરવા ગઈ હતી પણ દેવ ક્યાંક બહાર ફરવા નીકળી ગયા હતા એટલે ડેલીએ હાથ દઈને પાછી આવી. પણ તમે ક્યાં જઈ આવ્યા?’

એની આવી વાતોથી ટેવાએલો પ્રણવ સમજી ગયો કે એ પોતાને શોધતી જ ઘેર ગઈ હશે. 'મારે પણ તારા જેવું જ થયું. હું દેવીનાં દર્શને ગયો હતો. મારેય ફેરો પડ્યો. હવે વળ પાછી મારે ત્યાં જ બેસીએ.'

'ના ક્યાંક બહાર જ બેસીએ. કાંકરિયા કે નદી તરફ જઈએ.' રાગિણીએ કહ્યું. એને પ્રણવ સાથે એકાંતમાં બેસવું હતું. પ્રણવનું ઘર હોય કે પોતાનું એ કાંઈ એકાંત કહેવાય! ને પ્રણવ કશી આનકાની કર્યા સિવાય તેની સાથે ચાલ્યો.

'મેઘનાનો કાગળ આવ્યો છે.' સાથે ચાલતાં પ્રણવે કહ્યું.

'ચાલો સારું થયું. તારા દિલને કરાર વળી હશે. મનેય એનું સરનામું આપજે.' રીગિણીએ કહ્યું.

'તેણે તને ખુબખુબ યાદ કરી છે અને તને પત્ર લખવાનું પણ કહ્યું છે એટલે તો હું તારા ઘર તરફ ગયો હતો.'

'ચાલો, તને એ બહાનેય મારા ઘરનો રસ્તો તો જડ્યો. ફરીથી આવવા માટે કશું આવું કારણ જાઈશે કે મારેય તને પત્ર લખવો પડશે?' રાગિણીએ હળવો ટોણો માર્યો. 'શું કરે છે તમારાં એ ત્યાં?'

'મઝા કરે છે. એને ત્યાં પણ તારા જેવી બેનપણી મળી ગઈ છે. એનું નામ છે શાલિની પણ તારા જેવી જ બોલકી છે. કૉલેજમાં બધાં એને બ્રોડકાસ્ટિંગ સ્ટેશન કહે છે. એ બેય જણાં આવતે મહિને એમની કૉલેજના એન્યુઅલ ફંક્શનમાં ડ્રામામાં પણ રહેવાનાં છે. ને આપણને તેમાં હાજર રહેવાનું એમણે આમંત્રણ પણ આપ્યું છે.'

પ્રણવથી મને ને બદલે આપણને બોલાઈ ગયું ને રાગિણી તો જાણે આવી તકની જ રાહ જોઈ રહી હોય તેમ બોલી ઊઠી: 'ચાલો, જઈશું? મઝા પડશે.' એને સુરત જવું કે મેઘનાને મળવું એના કરતાં પ્રણવની સાથે જવું એ વધારે મનગમતું હતું.

પ્રણવ તેના આ ઉત્સાહને એના પોતાની સહેલી પ્રત્યેના પ્રેમનો પરિપાક સમજી રહ્યો છતાં એ રાગિણીને જવાબ ન આપી શક્યો. એય મેઘનાને મળવા અધિરો તો થઈ જ રહ્યો હતો પણ રાગિણીની હાજરીમાં તો એ મિલનનું સ્વરૂપ જ બદલાઈ જાય તેમ

એને લાગતું હતું. એ શો જવાબ આપે?

'કેમ મૂંગો થઈ ગયો? મેઘનાને મળવાનું તને મન નથી કે શું? કે પછી બીજે ક્યાંક મન લગાવીને બેઠો છે?' ને એ બીજું એટલે પોતાના સિવાય બીજું કોણ હોઈ શકે? રાગિણી મનમાં જ લાડવા વાળી રહી.

'જવાનું તો મનેય મન થાય છે પણ આપણી કૉલેજની જેમ ત્યાં પણ આખા દિવસનો કાર્યક્રમ હશે એટલે આગલે દિવસે જ નીકળવું પડે ને બે રાતો વીતાવી ત્રીજે દિવસે જ પાછા આવી શકાય. મારે ફાયનલ ઈયરમાં એટલા દિવસ બગાડવાના પાલવે પણ નહીં. ને કદાચ જઈએ તોય સીધાં એને ઘેર તો જવાય જ નહીં. અરે, એને પણ બહાર ખાનગીમાં જ મળવું પડે. પછી રહેવું ક્યાં?'

'તારી ફાયનલ ઈયરવાળી વાત એક બાજુ મૂક તો એનો રસ્તો હું ચપટી વગાડતાંમાં કાઢી આપું. મારા એક સગા સુરતમાં રહે છે. એ મને કેટલાય દિવસથી સુરત બોલાવ્યા કરે છે. તે એમના મેંણા પર ભેંણું ફેડાઈ જશે.'

હવે બૉલ પ્રણવના કૉર્ટમાં હતો. ને એ મૂંગો થઈ ગયો હતો. પણ છેવટે એને બોલવું જ પડ્યું: 'ચાલ, અંધારું થવા આવ્યું ઘેર જઈએ. હજુ એ માટે વિચારવાનો આખો મહિનો પડ્યો છે વચમાં.'

રાગિણી ઊભી થઈ ને પ્રણવની સાથે ચાલવા લાગી ને એની જીભ પણ: 'જવાનું ચોક્કસ વિચારજે. મેઘનાના ગયા પછી મને પણ સાવ એકલું લાગે છે.'

પ્રણવ પણ હમણાંનો રાગિણીની સાથે થોડી વધારે છૂટથી બોલતો થયો હતો એટલે બોલ્યો: 'તો પછી પરણી જ જા ને.'

રાગિણી પ્રણવ સામે તાકતાં બોલી: 'આખા દેશમાં આવી કેટલી નદીઓ હશે! એમાંની બધી સાગરમાં સમાઈ જતી નથી એની તને ખબર છે?'

પ્રણવને એનું બોલવું ન સમજાયું. 'મને તારી વાત ન સમજાઈ.'

‘એમાંની કેટલીક નદીઓ એવી છે કે એને મળવા સાગર સામો આવે છે ને કેટલીક સરસ્વતી જેવી એવી પણ હોય છે કે એ સાગરને મળવાના કોડમાં દોડતાં થાકીને રણમાં આત્મવિલોપન કરી દે છે.’

‘તને કોઈ સાગરે ના નથી પાડી એ હું જાણું છું એટલે મને લાગે છે કે સાગર તને મળવા સામો આવે તેની તું રાહ જોઈ રહી છે.’

‘મેં હજુ સાગરને મારી મનીષા જણાવી નથી પણ તને નથી લાગતું કે મનેય પેલી સરસ્વતી જેમ સાગર ના પાડી દે!’

‘તારા જેવી છોકરીને તો કોઈ મૂર્ખ જ ના પાડે. પછી તો તું તારી જાતે જ નિરાશાનું કવચ ઓઢી લેતી હોય એમ જ માનવું રહ્યું.’

‘જોઉં છું, વખત આવ્યે આશાવાદી બનતાં મનેય આવડે છે. પણ એક વાર આશાવાદી બન્યા પછીની નિરાશાની મને બહુ બીક લાગે છે. મને થાય છે કે જો એમ થાય તો મારો તો જીવવામાંથી રસ જ ઊડી જાય.’

‘ના, પછી પેલી મહીસાગરની જેમ તું સાગરને પૂરી દેવા મેદાને પડશે ને છેવટે સાગરે તને સ્વીકારવી જ પડશે. હું તને ઓળખું છું ને!’

‘એ સાગરને મનાવી કે ગભરાવી શકું એવું સામર્થ્ય મારામાં છે એવું મને હજુ લાગતું નથી.’ કહેતાં રાગિણીની ઉદાસી ઉપસી આવી.

‘ચાલ, જઈએ. મોડું થશે તો તારાં ઘરવાળાં તારી ચિંતા કરશે.’

‘સાચું કહું! મને તારી સાથે બેસીને આખી જિંદગી વાતો કરવાની મળે તોય એનો ધરાવો ન થાય.’ રીગિણીએ મનની વાત કહી દીધી.

‘આગળ જતાં તું કવિયત્રી થઈ જઈશ એમ લાગે છે.’

‘વાસ્તવિકતાની ભૂમિ પર વિહરનારું કદી કવિયત્રી થઈ શકે ખરું! ને કવિતાના મનસ્વી કલ્પના વિહારમાં ઊડવાની મારી

શક્તિ નથી. વાસ્તવિકતા જ્યાં સુધી દર્દ આપશે ત્યાં સુધી કવિતામય જીવવા પ્રયત્ન કરીશ એ ખરું. પણ કવિતા કરવી એ મારી શક્તિ બહારની વાત છે.'

'મારા જેવા માણસને ન સમજાય એવું ગૂઢ તું બોલવા લાગી છે હમણાંની.' પ્રણવે મોઘમ કહ્યું.

'મારું બોલવું ઘણી વખત મનેય નથી સમજાતું પણ કોણ જાણે ક્યાંથી એવી પ્રેરણા થઈ આવે છે કે મારાથી એવું બોલાઈ જાય છે. ચાલ, આવે છે ને મારે ત્યાં?'

'ના, આજે નહીં ફરીથી આવીશ ક્યારેક.'

'કાલે મળશે તો ખરો ને! ક્યારે ને ક્યાં?' પ્રણવને જવાબ આપતા પહેલાં વિચારવાનો સમય આપે તો એ રાગિણી જ શાની!

'કૉલેજની લાયબ્રેરીમાં મળીશું. બપોરના ત્રણ વાગ્યા પછી.' પ્રણવને કહેવું જ પડ્યું.

'તો નક્કી. અંધારું થશે તો ઊગતો ચંદ્ર આપણને જોઈને કંઈક જુદી જ કલ્પના કરશે.' રાગિણીએ નફ્ફટ થઈને મનની વાત કહી જ દીધી. પણ બોલ્યા પછી એ શરમાઈ રહી. પણ પ્રણવે જાણે એનું બોલવું સાંભળ્યું જ ન હોય એણે મોં પર કશા ભાવ આવવા જ ન દીધા.

એ દસેક કદમ માંડ ચાલ્યાં હશે એક મકાનની મેંદીની વાડમાં કશોક સંચાર થયો ને ગભરાઈ ગઈ હોય એમ રાગિણી જાણી જોઈને કૂદકો મારીને પ્રણવની ડોકે વળગી ગઈ. પ્રણવે પણ પડી જતી રાગિણીને બચાવવા સામી બાથ ભરી દીધી ને રાગિણી મનમાં જ એ પકડના આવેગને માણી રહી.

સ્વસ્થતા મેળવી પ્રણવે રાગિણીથી તરત જ પોતાની જાતને અળગી કરી લીધી. એના મનમાં સંશય જાગ્યો કે રાગિણી સાચેસાચની ગભરાઈ હશે કે પોતાને સહેતુક વળગી પડી હશે?

'બહુ બિકણ છે તું.' એણે કહ્યું.

'તુંય ક્યાં ઓછો બિકણ છે? તેં મનેય બાથ ભરી જ દીધી હતી ને!'

'મારા કરતાં તો તું વધારે ડરી ગઈ હતી. મારે તો તને પડી જતી બચાવવા પકડી લેવી પડી હતી.'

'મેઘનાએ એ જોયું હોય તો એ એવી જલી જાય ને તને એને જવાબ આપતાં પરસેવો પડી જાય.' રાગિણીની નફટાઈ બોલી બોલી રહી ને પ્રણવ શરમાઈ રહ્યો.

'મેઘના એવી નથી ને તારેય એવું ન વિચારવું જોઈએ. મને લાગે છે કે મારે હવે તને મળવાનું ઓછું કરી દેવું પડશે.'

'તારે એમ ગભરાઈ જવાની જરૂર નથી ને મેઘના અહીં જોવા પણ ક્યાં આવવાની છે! હું તો અમારી સ્ત્રી માનસની સામાન્ય વાત કરતી હતી. તને જો ન ગમતું હોય તો ફરીથી એવું નહીં બોલું.' ગભરાતાં રાગિણી બોલી. એને પ્રણવ સમજાતો ન હતો. એ એની લાગણીને સમજતો ન હતો કે સમજ્યા છતાં ન સમજ્યાનો દેખાવ કરતો હતો?

ને પ્રણવને રાગિણી પણ ક્યાં સમજાતી હતી! મેઘનાની હાજરીમાં પોતાની સાથે સામાન્ય વાત કરતાંય શરમાતી રાગિણી આજે મેઘનાની ગેરહાજરીમાં કૂદતી રમતી મુક્ત યુવતી બની ગઈ હતી. ઘડી પહેલાં એ પોતાને વળગી પડી ને એની પકડ છોડાવતાં એ પોતાની સાથે વધારે દબાઈ હોય એમ પ્રણવને લાગ્યું જ હતું.

પણ એ તો કદાચ એના વધારે પડતા ગભરાટને કારણે પણ હોઈ શકે એમ માની એણે એ વિષે ત્યારે બહુ વિચાર્યું ન હતું પણ હવે શાંતિથી વિચારતાં એને લાગવા માંડ્યું હતું કે એ સહેતુક પણ હોઈ શકે. જો કે એનાં તીરછાં વાણીવિહાર અને અડપલાં હજુ પ્રણવના હૈયાને ભેદી શક્યાં ન હતાં એ હકીકત હતી.

'છતાં પ્રણવ હતો તો એક યુવાન જ ને! રાગિણીએ જ્યારે મેઘનાની ઈર્ષાની વાત કરી ત્યારે એને રાગિણીના મનની ભાવનાનો આછો અણસાર તો આવી જ ગયો હતો. અને એટલે તો ઘર તરફને રસ્તે ચાલતાં વાતને આગળ વધતી અટકાવવા તેણે મૌનનો જ આશરો લીધો હતો.

◇

ઘેર જઈ એણે મેઘનાને પત્ર લખવા માંડ્યો. વિરહના એ પંદર દિવસોમાં જાણે પ્રણવે આખી દુનિયાનો અનુભવ કરી લીધો

હોય એમ એનું મન અનેક ચિત્રવિચિત્ર ભાવો અને લાગણીઓથી ભરાઈ ગયું હતું. એને રાગિણી વિષે ઘણું લખવું હતું પણ એનાથી મેઘનાના દિલમાં કેવીય શંકાઓ જાગશે એ વિચારે એ અચકાઈ રહ્યો. છતાં પત્ર તો લખવાનો જ હતો ને. એણે લખવા માંડ્યું:

'પ્રિયે,

તને તથા તારી નવી મિત્ર શાલીનીને રૂબરૂ મળ્યો હોઉં એવો અનુભવ થયો. આપણે રૂબરૂ મળવાનો સમય હજુ પાક્યો હોય એમ અત્યારે તો લાગતું નથી. કોઈ સબળ કારણ વગર સુરત સુધી આવવું એ વડીલોની નજરે તો ચોરી જ લેખાય.

રાગિણી હવે પહેલાંની જેમ મારાથી શરમાતી નથી લાગતી. એ મને મળે છે ને મારી એકલતામાં ભાગ પડાવવાની ચેષ્ટા પણ કરે છે. હવે મને પણ તારી જેમ અહીં રાગિણીમાં એક બ્રોડકાસ્ટિંગ સ્ટેશન જણાવા લાગ્યું છે.

તમે બેય સ્ટેજ પ્રોગ્રામમાં ભાગ લેવાનાં છો એ જાણી બહુ આનંદ થયો. એ બહાને નવાં મિત્રો પણ વધશે. તમે બેય બેનપણીઓ એ કાર્યક્રમનો ભરપુર આનંદ માણજો અને એ પ્રસંગે મને યાદ કરશો એવી આશા રાખું છું.

મને અહીં તારા સિવાય બહુ એકલું લાગે છે. આપણા વીસ વરસ કરતાંય વધુ સમયના સહચર્ય ને એથીય વધુ ગાઢ સંબંધની મહોર વાગ્યા પછીનો આ વિરહ અસહ્ય લાગે છે. પરણી જવામાં ઢીલ કરવાની તારી હઠ પર હવે તો કદીક ગુસ્સો પણ આવે છે. જો તારે આમ દૂર જવાનું ન થયું હોત તો કદાચ આમ ન લાગત.

રાગિણીને તારું સરનામું આપ્યું છે ને તને પત્ર લખવાનું પણ કહ્યું છે. એ કદાચ ન લખે તોય તેનું સરનામું તો તારાથી ક્યાં અજાણ્યું છે? તું એને લખજે ને.

એ જ્યારથી મારી સાથે છૂટથી બોલતી થઈ છે ત્યારથી મારા અને તારામાં ઘણો રસ લેવા લાગી હોય એમ લાગે છે. એ દિવસમાં નહીં નહીં તોય દસેક વખત તો તારું નામ વચમાં લાવતી જ હશે.

હું તને આ પત્ર લખું છું તે પહેલાં જ અમે કાંકરિયા તરફ

લટાર મારવા ગયાં હતાં. ત્યાં સાગર અને સરિતાની વાત એણે જ ઉપાડી હતી. એની વાતમાંથી મને વહેમ આવે છે કે એના દિલમાં ઊંડેઊંડે કંઈક દર્દ છે. એ પ્રગટ તો કશું જણાવતી નથી પણ મને લાગવા માંડ્યું છે કે એ એમ માની બેઠી છે કે એના એ દર્દનો કોઈ સુખદ અંત આવવો શક્ય નથી. એ હિંમત હારી બેઠી હોય એમ મને લાગે છે. કદાચ—

ને પ્રણવની કલમ અટકી ગઈ. કદાચ એટલે શું? શું પોતે એમ તો લખવા નહોતો માગતો કે રાગિણી તને મારી પાસેથી છીનવી લેવા મેદાને પડી હોય! હજુ જ્યાં સુધી એણે એવો ભાવ સ્પષ્ટ દર્શાવ્યો ન હોય ત્યાં સુધી એને માટે એવું વિચારવું એ તેને અન્યાય કરવા જેવું હતું.

ને કદાચ એના મનમાં એવો ભાવ હોય તો પણ મેઘનાને એવી વાત લખીને શા માટે ચિંતામાં નાખવી? છેવટે ઘણા વિચારને અંતે એણે પોતાની આ શંકા મેઘનાને ન જણાવવાનું નક્કી કર્યું. જ્યાં સુધી પોતે મક્કમ હોય ત્યાં સુધી શો વાંધો હતો?

જો કે આમ નક્કી કર્યું કે તરત એના મનનો એક હિસ્સો બીજાને પૂછી રહ્યો: ‘શું આ વાત મેઘનાને ન જણાવવા પાછળ તારે બીજું તો કોઈ કારણ નથી ને! તારી આ શંકાની વાત મેઘનાને ન કરીને તું એને અંધારામાં રાખવા તો નથી માગતો ને!

પણ એના મનના આ પ્રશ્ન અનુત્તર જ રહ્યા. એણે આખો પત્ર ફાડી નાખ્યો ને નવેસરથી બીજો લખવા માંડ્યો. અને એની કલમ પણ સાક્ષી પૂરે છે કે એણે પોતાની એ શંકાનો કશોય ઉલ્લેખ એ પત્રમાં કર્યો ન હતો. અને એટલે તો એ પત્ર પોસ્ટ કરીને એ સીધો જ રાગિણીને મળવા ઊપડ્યો હતો ને!

# ૫. સ્મૃતિના સંતાપ

પ્રણવની પાસેથી છૂટી પડીને રાગિણી ઘેર ગઈ પણ એના મનમાં જરાય આનંદ ન હતો. એને હજુ એ સમજાતું નહોતું કે પ્રણવ એની અવહેલના કરી રહ્યો હતો કે મેઘના પ્રત્યેનો એનો પ્રેમ એને એમ કરવા મજબુર કરી રહ્યો હતો? એને ઊંડે ઊંડે એમ પણ લાગતું હતું કે પ્રણવને કદાચ એક વખત ન સમજાયું હોય પણ ફરીથી પ્રયત્ન કરવાથી કદાચ સમજાય પણ ખરું.

‘ક્યાં ગઈ હતી અત્યાર સુધી?’ ઘરમાં પેસતાં જ એનાં બાએ પૂછ્યું.

‘બાગમાં ગઈ હતી ને ત્યાંથી સીધી લાયબ્રેરીમાં ગઈ હતી એટલે મોડું થઈ ગયું. મારે આજે ખાવાનો વિચાર નથી. તમે ખાઈ લીધું કે મારી વાટ જોતાં હતાં?’

‘તારી વાટ જોઈને હજુ હમણાં જ ખાધું.’

‘એ સારું કર્યું. મારે આજે વાંચવું છે.’ કહેતાં એ પોતાના રૂમમાં ગઈ.

ત્યાં પાછળથી એનાં બાનો અવાજ આવ્યો: ‘રાગિણી, પેલા પ્રણવભાઈ તને શોધતા આવ્યા હતા.’

‘કાલે પૂછી જોઈશ, એમને મારું શું કામ હતું એ.’ કહેતાં એ પથારીમાં પડી ને બીજી જ ક્ષણે એ પ્રણવને મળવાના પેંતરા રચવા માંડી.

એને થયું કે આજના જેવા બેચાર પ્રસંગો ઊભા કરવામાં આવે તો એને સાચી વાતની કલ્પના આવી જ જાય. હવે એવા પ્રસંગો કેમ ઊભા કરવા એની તરકીબ શોધવામાં એણે અડધી રાત સુધી પાસાં ઘસ્યા કર્યાં. છેવટે એ એટલું જ નક્કી કરી શકી કે એણે પ્રણવને વારંવાર મળવું જોઈએ. ને એને એવાં બહાનાં ઊભાં કરતાં તો આવડતું જ હતું ને!

એક તરફ એ પ્રણવને મળવાનાં બહાનાં બનાવવા

વિચારતી હતી તો બીજી તરફ ક્યારેક મેઘનાના દિલ પર આની શી અસર પડશે એના વિચારમાંય એ પડી જતી હતી.

મેઘના એની ખાસ બેનપણી હતી. જો રાગિણીએ એ બેયને પહેલેથી કઝીન ન કલ્પી લીધાં હોત તો એને એ બેય પ્રેમી જ લાગ્યાં હોત. જો આમ થયું હોત તો રાગિણીએ પ્રણવ પ્રત્યે અનુરાગ કેળવવાનો વિચાર સુધ્ધાં ન કર્યો હોત. પણ હવે પ્રણવ અને મેઘનાના વિવાહ થઈ ગયા છે એ જાણવા છતાં એનું મન પેલા અજાણ્યે કેળવાયેલા અનુરાગમાંથી પાછું હઠવા તૈયાર થતું ન હતું.

જ્યારે પ્રણવ ને મેઘનાના વિવાહ જાહેર થયા ન હતા અને રાગિણી એ બેને કઝીન જ સમજતી હતી ત્યારે એક વખત તો એ પોતાના પ્રણવ પ્રત્યેના પ્રેમની વાત મેઘનાને કરવા તૈયાર પણ થઈ ગઈ હતી. પણ એણે પહેલાં પ્રણવનું મન જાણ્યા પછી મેઘનાને આ વાત કરવી એવું મનથી નક્કી કર્યું હતું. ત્યાં તો પ્રણવ અને મેઘનાના વિવાહની વાત જાણીને રાગિણીને માથે તો જાણે આભ ટૂટી પડ્યું હોય એવું થઈ ગયું.

એણે પ્રણવની સાથે પોતાની છબી છેલ્લાં બે વરસથી દિલમાં મઢી રાખી હતી. ને હવે મેઘના ને પ્રણવના વિવાહ થઈ ગયા પછીય એમાંથી પાછું હઠવા એનું દિલ તૈયાર ન હતું.

જો પોતાના આવા આડકતરા પ્રેમપ્રદર્શનથી પ્રણવ પોતાના તરફ ઢળે નહીં તો કોઈક રીતે મેઘનાને પ્રણવના દિલમાંથી ઉતારી પાડીનેય પ્રણવના દિલમાં પોતાનું સ્થાન જમાવવાનું એણે વિચારવા માંડ્યું ક્યાં ન હતું!

ને પેલો આખી રાતને ઉજાગરે બળતો રહેલો થાકેલો ટેબલ લેમ્પ પણ સાક્ષી છે કે ઊંઘમાંય રાગિણી પ્રણવની છબી સ્વપ્નમાં જોતી હસી રહી હતી.

સવારમાં એ ઊઠી ત્યારે દિવસ ખાસ્સો ચઢી ગયો હતો. પ્રણવના વિચાર કરતાં જ એ વહેલી વહેલી તૈયાર થઈ ગઈ. એણે ચા પીધી ને પ્રણવને ત્યાં જવાનું વિચારતી હતી ત્યાં જ નીચેથી પ્રણવનો અવાજ આવતો લાગ્યો ને એના કાન સરવા થયા. ‘બા, રાગિણી છે ઘેર?’

‘છે ને. એના રૂમમાં કશા ઢાકાઢૂમા કરતી હશે. બેસો. કહેતાં એમણે રાગિણીને સાદ કર્યો: ‘રાગિણી, અહીં આવજે. જો પ્રણવભાઈ આવ્યા છે.’

રાગિણી એક કાને થઈ પ્રણવ અને બાની વાત સાંભળતી જ હતી. એણે કહ્યું: ‘આવું છું, બા.’ ને પોતાના શૃંગારની ચકાસણી કરવા અરિસા સામે એક નજર નાખી એ દાદર ઊતરી નીચે આવી.

‘આજે સવારના પહોરમાં આ તરફ ભૂલા પડ્યા છો તે ક્યાંક બહાર જવાનો પ્લાન તો નથી ને! કાલે બારોબાર બહારથી જ જતા રહેલા એ બાએ મને કહ્યું હતું. આજે તો ચા-નાસ્તો કર્યા વગર નહીં જવા દઈએ. તમે બા સાથે વાતો કરો ત્યાં સુધીમાં હું ચા નાસ્તાની તૈયારી કરી દઉં.’ કહેતાં રાગિણી રસોડામાં પેઠી.

પ્રણવને મનમાં થયું કે એની આનાકાની ચાલવાની ન હતી એટલે એ મૌન જ રહ્યો. પણ બાની સાથે શી વાતો કરવી એની એને વિમાસણ થઈ પડી. એને તો સવારના પહોરમાં અહીં આવવા માટે રાગિણીને કારણ બતાવવામાંય ક્યાં વિમાસણ નહોતી લાગતી?

ગમે તેમ કરીને એણે બાની સાથે વાત ચાલુ કરી: ‘સુરતથી મેઘનાનો કાગળ આવ્યો છે ને એણે રાગિણીને પત્ર લખવાનું કહેવરાવ્યું છે તે એને યાદ દેવડાવવું હતું. ને કૉલેજ તરફ જાઉં છું તે એને કશું કામ હોય તો પૂછતો જાઉં એમ વિચારીને આ તરફ આવ્યો હતો.’

‘એ તો વગર કહ્યેય કાગળ લખવાની જ હશે. મેઘનાના ગયા પછી એનું મનેય કશામાં લાગતું હોય એમ જણાતું નથી. અહીં હતી ત્યાં સુધી એ ને મેઘના સાથેનાં સાથે ઘૂમતાં હતાં ને! ભલું હશે તો એના પર મેઘનાનો જુદો કાગળ આવ્યોય હશે. હજુ કાલે જ મને કહેતી હતી કે મેઘનાએ મળવા બોલાવી છે તે બે દિવસ માટે સુરત જઈ આવવાનું મન થાય છે.’

‘કશો અવસર હોય તો ઠીક પણ કોઈ કારણ વગર ત્યાં સુધી...’ પ્રણવે રાગિણીનાં બાનું મન જાણવા બોલવું અડધેથી અટકાવ્યું.

‘મેંય એને એમ જ કહ્યું પણ એ કહેતી હતી કે ત્યાં કૉલેજમાં કશોક કાર્યક્રમ છે. પણ એટલે દૂર જુવાન દીકરીને એકલી જવા દેતાં મારુ તો મન જ ન માને.’ રીગિણી એનાં બાની ને પ્રણવની વાતો સાંભળતાં મનમાં મલકાઈ રહી હતી. પ્રણવ બાને બહાનાં બતાવતો હતો. રાગિણીને એમાં પોતાના પ્રત્યેના આકર્ષણને છુપાવવાની કેશીશ વર્તાઈ રહી હતી.

ચા નાસ્તો પતાવી પ્રણવે ઊઠવા કર્યું તો રાગિણી કહે: ‘તમારે ઉતાવળ ન હોય તો પાંચ મિનિટ બેસો. હું તૈયાર થાઉં. મારે પણ કૉલેજમાં જ આવવું છે.’

‘ભલે, સાથે જઈશું.’ કહેતાં પ્રણવ બા સાથે પાછો વાતોએ વળગ્યો.

રાગિણી તૈયાર થઈને આવી એટલે બેય બહાર નીકળ્યાં. ‘મને એમ હતું કે તને આમ બાની સામે મારી સાથે આવતાં ખચકાટ થશે.’ પ્રણવે કહ્યું.

‘ખચકાટ થાય તોય તને થાય. તારે માથે શંકા કરનારી છે. મારે ક્યાં—?’

‘હું માનું છું કે થોડા દિવસોમાં તારે માથેય કોઈ શંકા કરનારો આવી જશે પછી તને મારી સાથે નીકળતાં ખચકાટ થવા માંડશે.’

‘કદાચ આવેય ખરો પણ શંકા નય કરે.’

‘કેમ?’ પ્રણવે આશ્ચર્યથી પૂછ્યું.

‘કોઈ પોતે પોતાના પર શંકા કરે ખરુ?’ રાગિણી બોલી પડી પણ પછી તરત શરમાઈને બીજી તરફ ફરી ગઈ. જવાબ એટલો ઝડપથી મળ્યો હતો કે પ્રણવને એનો ભાવાર્થ સમજતાં વાર થઈ. એને રાગિણીના કહેવાનો અર્થ સમજાયો ત્યાં સુધીમાં તો રાગિણી ઝડપ કરીને એનાથી દસેક ડગલાં આગળ નીકળી ગઈ હતી.

મેઘના આના જેવું દ્વિઅર્થી બોલતી નથી. પ્રણવ વિચારી રહ્યો. ને એણે ચાલવાની ઝડપ વધારી.

રાગિણી આમ તો કપડાંની બાબતમાં બહુ ટાપટીપવાળી

ન હતી પણ આજે તો એ બનીઠનીને નીકળી હોય એમ લાગતું હતું. એણે જે સાડી ને બ્લાઉઝ પહેર્યાં હતાં એ જોઈને પ્રણવને થયું કે એ આ કપડાંમાં બહુ દીપી ઊઠતી હતી. એણે થોડું ઊંડાણથી વિચાર્યું હોત તો એને સમજાઈ જ ગયું હોત કે એનો આ અભિસાર પોતાને આકર્ષવા માટેનો જ હતો.

માનો કે ન માનો પણ એ કોઈના પ્રેમમાં પડી હોય એમ લાગે છે, પ્રણવે વિચાર્યું. હજુ મેઘનાના પ્રણયથી તૃપ્ત એનું હૈયું રીગિણીના આવા વ્યવહાર પ્રત્યે શંકાશીલ બની શક્યું ન હતું.

એ રાગિણીની સમીપ પહોંચ્યો જ હશે ત્યાં બ્લાઉઝનો કોઈ હૂક નાંખવાનો રહી તો નથી ગયો ને એની ચકાસણી કરતી હોય એમ રાગિણીએ અંગડાઈ લઈને પાછળ હાથ ફેરવીને ખાતરી કરી ત્યારે એ પ્રણવની સામે જ ફરી ગઈ હોય એમ લાગ્યું. પ્રણવ એ વખતે એની એટલી સમીપ પહોંચી ગયો હતો કે એ જો સાવધ ન હોત તો એની સાથે સામે જ અથડાઈ ગયો હોત.

‘તું ક્યાં પાછળ રહી ગયો હતો?’ જરાય સંકોચ અનુભવ્યા વગર રીગિણીએ પૂછ્યું.

‘હું તો એ જ ઝડપે ચાલતો હતો પણ તું  ઝડપ વધારીને આગળ નીકળી ગઈ.’

રસ્તામાં એક અજાણ્યા માણસે સાડીમાં દીપતી રાગિણી અને સાથે લગોલગ ચાલતા પ્રણવને જોઈને હાથ હલાવતાં કહ્યું: ‘સજોડે ફરવા માટે સારી વેધર છે.’ પ્રણવ આ સાંભળતાં શરમાયો પણ રાગિણી મલકાઈ રહી. ગમે તેમ પણ પ્રણવ રાગિણીથી થોડું વધારે અંતર રાખીને ચાલવા લાગ્યો પણ રાગિણી એ અંતર વધવા દે ખરી?’

‘પેલા માણસને કેમ લાગ્યું હશે કે આપણે સજોડે ફરવા નીકળેલું યુગલ છીએ?’

‘એણે આપણને નહીં પણ મને જ કહ્યું હતું. એણે મારા જોડા જોયા હશે એટલે સજોડે કહ્યું હશે.’ પ્રણવે હસીને વાત ઉડાવવા પ્રયત્ન કર્યો.’

‘એમ વાત ઉડાવવાની કોશીશ ન કરતો. હું મેઘનાને નહીં કહી દઉં કે પેલાએ શું કહ્યું હતું.’

'મને એવી બીક નથી.'

'કે પછી હમણાંની મેઘનાની યાદ આવવી ઓછી થઈ ગઈ છે? કે પછી બીજી કોઈ છોકરીની પાછળ ફ્લિર્ટિંગ ભરવા માંડી છે?'

'એવું હોય તો એની ખબર તને વહેલી પડે. તેં મને જોયો કોઈની સામે તાકતાં કે એની સાથે વાત કરતાં?'

'બીજી કોઈની તો ખબર નથી મારા સિવાય. પણ મારું તર્કશાસ્ત્ર કહે છે કે માણસ થનાર પત્નીના વિરહમાં રાત જાગતાં પસાર કરી દે તો સવારમાં વહેલો ઊઠીને આમ ફરવા ન નીકળી શકે. એટલે મને એમ લાગ્યું.'

'અને છતાંય નીકળે તો તારું તર્કશાસ્ત્ર શું કહે છે?'

'તો એમ મનાય કે એ પ્રેમી નથી અથવા તો...'

'અથવા શું?'

'વહેલા નીકળવા માટે એને કશું બીજું પ્રલોભન હોય.' રાગિણીએ કહ્યું.

'પ્રલોભન!' પ્રણવ પૂછી બેઠો પણ બીજી જ ક્ષણે રાગિણીનો ઇશારો સમજી જતાં એ બોલી ઊઠ્યો: 'તું બહુ ફાસ્ટ જાય છે હોં, રાગલી.'

'તને એવું લાગતું હોય તો તું બ્રેક માર અથવા તુંય ફાસ્ટ થઈ જા.' પ્રણવની વાતને હસીને મરડતાં રાગિણી બોલી ને પ્રણવનેય હસવું પડ્યું. પ્રણવે રાગિણીને બદલે એને રાગલી કહીને સંબોધી હતી એનાથી રાગિણીના મનમાં ગલગલિયાં થઈ રહ્યાં.

કૉલેજમાં ક્રિસ્ટમસની રજાઓ હતી એટલે બાગ સાવ ખાલી લાગતો હતો. બેય બાગમાંના એક એકાંત ખૂણે ગોઠવાયાં એટલે પ્રણવ બોલ્યો: 'પુરુષો સાથે બહુ છૂટ લેવી સારી નહીં.'

'પણ કોઈ પુરુષ મોંમાં આંગળાં નાખીને બોલવાની ફરજ પાડતો હોય તો?'

'તને કોણ એવી ફરજ પાડે છે?'

‘તું.’

‘કેવું બોલવાની?’ પ્રણવ નફ્ફટાઈથી પૂછી રહ્યો.

રાગિણી પ્રેમ પ્રદર્શિત કરવાનો આવો હાથમાં આવેલો અવસર છોડે ખરી! ‘હું ફરીથી તારા પ્રેમમાં પડી ગઈ છું.’ એણે નજર બચાવીને પોતાના મનની વાત કરી જ દીધી.

‘ફરીથી એટલે તું એમ કહેવા તો નથી માગતી કે તું પહેલાંય ક્યારેક મારા પ્રેમમાં હતી?’

‘હા, આપણે પહેલી વખત મળ્યાં ત્યારથી હું તારા પ્રેમમાં પડી ગઈ હતી. મેં કેટલીય વખત એની અભિવ્યક્તિ કરવાનો વિચાર કરેલો પણ તું ને મેઘના કાયમ સાથે જ હોતાં એટલે મારાથી એમ થઈ શકેલું નહીં. હું તને ને મેઘનાને કઝીન માનતી હતી એટલે મેઘનાની હાજરીનો બીજો તો કશો વાંધો ન હતો પણ જો તું મને એની હાજરીમાં ના પાડી દે તો એ સહન કરવાની મારામાં શક્તિ ન હતી.’

‘ઓ રાગલી, તું આટલાં ઊંડાં પાણીમાં રમતી હોઈશ એની મને ખબર ન હતી.’ પ્રણવથી બોલાઈ ગયું. એને રાગિણીની આ પ્રણયઘેલછાની કદી શંકાય આવી ન હતી.

બિચારી મેઘના! રાગિણી મનમાં વિચારી રહી. પણ પ્રગટ તો બીજું જ બોલી: ‘પ્રણવ, મને થાય છે કે આમ જ …’ બોલતાં એ અચકાઈ.

‘આમ જ શું?’ પ્રણવે પૂછ્યું.

‘મને એમ થાય છે કે આમ જ મોત આવી જાય તોય વાંધો નહીં.’

‘કેમ, અત્યારથી જ ગભરાઈ ગઈ?’

‘હું ગભરાતી નથી પણ તારી ને મેઘનાની વાત એટલી આગળ વધી ગઈ છે કે મનમાં થાય છે કે મારા નસીબમાં મોત જ લખાયેલું છે.’

‘રાગલી, તું નિરાશવાદી છે?’

‘ના.’

'તો પછી આવું શા માટે વિચારે છે?'

'નિરાશાવાદી તો મેઘનાય ક્યાં છે? પણ પ્રણયત્રિકોણમાં કોઈકના નસીબમાં તો નિરાશા આવવાની જ હોય છે.'

'સૌ સૌના નસીબની વાત છે. આપણે આમ ભેગાં થવાનું નિર્માયું હશે તો મેઘનાને સુરત જવાનું થયું ને! પ્રણવ બોલ્યો. જ્યારથી મેઘના સુરત ગઈ ને રાગિણી સાથે એકલા મળવાનું વધ્યું ત્યારથી પ્રણવના મનમાં દિવસે દિવસે રાગિણી પ્રત્યેનું આકર્ષણ વધતું જતું હતું. ને તેમાં રાગિણીનાં આડકતરાં વાકબાણો ઉમેરો કરી રહ્યાં હતાં.

પ્રણવના દિલમાં છેલ્લા કેટલાય દિવસથી ગજગ્રાહ શરૂ થઈ ગયો હતો. આજે જ્યારે રાગિણીએ સ્પષ્ટતા કરીને પાળ તોડી ત્યારે પ્રણવે પણ તે અંગે ગંભીરતાથી વિચારવું પડે એવી સ્થિતિનું નિર્માણ આપોઆપ જ થઈ ગયું. મેઘનાની સાથે વિવાહની વાત પાકી કરી દેવામાં ઉતાવળ થઈ ગઈ હોય એમ એ અનુભવી રહ્યો.

મેઘના સાથે બાળપણથી જ પરિચય, મૈત્રિ અને કાયમનું સાનિધ્ય. એણે આજ સુધી બીજી કોઈ છોકરી સાથે પરિચય કેળવવાની હિંમત જ ક્યાં કરી હતી? એણે ધાર્યું હોત તો એ કૉલેજમાં અનેક છોકરીઓનાં દિલમાં સ્થાન પામી શક્યો હોત પણ એણે તો જાણે સર્વ હક મેઘનાને આધીન હોય એવું જ વલણ રાખ્યું હતું.

જે બે ચાર છોકરીઓના પરિચયમાં એને આવવાનું થયું હતું એમાંની કોઈ છોકરી સાથે મેઘનાની સરખામણી કરવાનોય એણે ક્યાં પ્રયત્ન કર્યો હતો! જ્યાં સુધી રાગિણી સાથે એને આમ એકાંતમાં નિર્બંધ મળવાનું થયું ન હતું ત્યાં સુધી તો એને બધું બરાબર જ લાગતું હતુ ને. પણ હવે તેનું દિલ સદા ગંભીર લાગતી મેઘના ને સદા હસતી ખેલતી રાગિણી વચ્ચે વરંવાર સરખામણી કરવા માંડતું હતું.

રાગિણી તો પ્રણવને મેઘના પાસેથી છીનવી લેવા જાણે મેદાને પડી જ હતી. આમેય બધી ગંભીર વાતને હળવાશથી લેવાનો જ તેનો સ્વભાવ હતો. તેના બોલવામાં ઘણી વખત બાહ્યાયાર્થની પાછળ બીજો કોઈ અર્થ પણ છુપાયેલો હોતો. ને

મેઘનાના સુરત ગયા પછી પ્રણવને પામવાના તેના નિર્ધારને કારણે પ્રણવની સાથે એ વધુ વાચાળ બની રહી હતી.

જ્યારથી પ્રણવના મનમાં મેઘના અને રાગિણીનો ગજગ્રાહ શરૂ થયો ત્યારથી પ્રણવ જાણે એ ગજગ્રાહનું દોરડું હોય એમ એને લાગ્યા કરતું હતું ને એ મનમાં તણાવ અનુભવી રહ્યો હતો. મેઘના તેના દિલમાંથી પોતાનો હક છોડતી ન હતી. અત્યાર સુધીનો બેય વચ્ચેનો નિકટનો પરિચય અને તેમાંય પાછા બેયની સંમતિથી થયેલા વિવાહ. આ બધું કેમ વિસારી શકાય!

તો બીજી તરફ રાગિણીના વધતા જતા પરિચયે તેના દિલનાં વિવિધ પાસાં પ્રણવ સમક્ષ છતાં થતાં જતાં હતાં. પ્રણવ એની ઉપેક્ષા પણ કેમ કરી શકે! એક વાતે એ મન વાળતો હતો કે હજુ બધું નવેસરથી વિચારવા માટે એની પાસે સારો એવો સમય હતો.

‘તું સુરત નથી જવાનો એમના ફંક્શન પર?’

‘તને એવું કોણે કહ્યું?’

‘કોઈએ કહ્યું નથી એટલે તો તને પૂછ્યું.’

‘અભ્યાસનો વિચાર કરું છું એટલે જવાનો વિચાર કર્યો નથી છતાં...’ પ્રણવે જાણીને વાક્ય અધૂરું મૂક્યું.

‘છતાં... એટલે થોડો થોડો વિચાર ખરો, કેમ!’

‘એમ જ જો તું સાથે આવતી હોય તો જવાનો વિચાર થાય ખરો.’

‘મારાં બાને તો તું જાણે છે ને. એ મને આમ એકલાં આવવા ન દે. કહેશે પ્રણવને તો મેઘનાને મળવાનો ઉમળકો હોય એટલે જાય પણ તારે ત્યાં જવાનું શું કારણ?’

‘કારણ તો બીજું શું હોવનું? સુરતની ઘરી ખાવાનું.’

‘ને ગાળો નહીં?’ રગિણીએ સુરતની ગાળોની પ્રશસ્તિ કરતાં કહ્યું.

‘ગાળો શા માટે? આપણે ત્યાં ઓછાં લડવા જવું છે?’

‘તને ખબર છે કે સુરતીલાલા આશીર્વાદ આપે તોય એમાં એકાદ ગાળ તો હોય જ. ને જો મેઘના સુરતને રંગે રંગાઈ ગઈ હોય તો મને તો ખાસ ગાળ આપે જ કહેશે આવીએ ક્યાંથી આવી ગઈ અહીં કબાબમાં હડ્ડી બનવા?’

‘કેવી ગાળ?’ આંખો નચાવતાં પ્રણવે પૂછી નાખ્યું.

‘જો તું પાછો ફાસ્ટ જવા માંડ્યો.’

‘તો તુંય પેલા સુરતીની જેમ ગાળ દઈ દે ને!’

‘આ સુરત નથી ને!’

‘ગાળ દેવા મટેય સુરતની ભૂમિ જ જોઈએ એવું થોડું છે?’

‘એવી ગાળ અહીં કોઈને દઈએ તો વઢવાડ થઈ જાય. રહેવા દે આપણે સુરત જવાનો વિચાર કરવાને બદલે સુરતની ગાળો પર ક્યાંક લઢી પડીશું.’

# ૬. બ્રોડકાસ્ટિંગ સ્ટેશન

કેટલાંક માણસો એવાં હોય છે કે જેની સાથે વાત કરવાનું મન થાય તો કેટલાંક એવાંય માણસો હોય છે કે એ વાત કરવી શરૂ કરે કે સામો માણસ ત્યાંથી ભાગી જવાનું વિચારવા માંડે. છતાં આવાં માણસો એની પાસે આવતાં જ રહે છે.

શાલિની આમાં પહેલા પ્રકારમાં આવી જાય એવી હતી. જો કે કોઈની ઉપેક્ષા કરવાનું તેના સ્વભાવમાં જ ન હતું એટલે એની સાથે વાતો કરવા આવનારાંનો તોટો ન હતો.

એ સ્વભાવે મિલનસાર અને વાચાળ હતી એટલે એની સાથે વાત કરવા આવનારાંને એમના એક સવાલની સામે પાંચ ઉત્તર આપી દઈને એ સામા માણસને કદીક મૂંઝવણમાં મૂકી દેતી હતી. છતાં તે કદી એકલી પડી જતી ન હતી. કોઈ ને કોઈ કાયમ તેની સાથે વાત કરતું જ જોવા મળતું.

કૉલેજના પહેલા દિવસે સ્ટેશનથી અઠવા લાઈન્સ જતી બસમાં એ ટાવરેથી ચઢી ને બેપરવાઈથી હાથમાંની ચોપડીઓ તથા નોટો સામાન મૂકવાની છાજલી પર ફેંકી મેઘનાની બાજુની સીટ પર બેસી ગઈ.

એ આમ અચાનક બેઠી તેથી મેઘનાની વિચારતંદ્રા તૂટી. એણે સહેજ સંકોડાઈને શાલિની માટે જગા કરી. એને માટે સુરત નવું હતું એટલે એ રસથી રસ્તા પરની દુકાનોનાં બૉર્ડ જોઈ રહી હતી.

‘સોરી મેં તમને ડિસ્ટર્બ કર્યાં.’ શાલિની બોલી.

‘દુકાનોનાં બૉર્ડ વાંચવાનું કોઈ કામ ગણાતું હોય તો જરૂર.’ સાથે બેસનાર એક યુવતી જ હતી એ જાણતાં મેઘનાએ હસીને કહ્યું.

મેઘનાના હાથમાંની ચોપડીઓ તરફ નજર પડતાં શાલિનીએ પૂછ્યું: ‘તમે કૉલેજમાં જાઓ છો?’

‘હા હું અહીં નવી છું. આજે મારો કૉલેજનો પહેલો દિવસ

છે.'

'શામાં છો?'

'બીએ જુનિયરમાં ને તમે?' પોતાનામાં એને આટલો રસ લેતી જોઈને મેઘનાને લાગ્યું કે તે પણ કૉલેજમાં ભણતી જ કોઈ યુવતી હશે.

'હું પણ તમારી સાથે જ છું. પણ હું તમારી જેમ નવી નથી. હું તો જન્મથી જ આ સુરતને લમણે લખાઈ છું. ચાલો, આપણને બેયને સારી કંપની મળી ગઈ. શું નામ છે તમારું? મારું નામ શાલિની એમ. મહેતા. આપણી એમ. ટી. બી. કૉલેજનું બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન.' શાલિનીએ પોતાની આગવી રીતે જ પોતાની ઓળખ આપી દીધી.

'મારું નામ મેઘના કે. દેસાઈ. હું અમદાવાદથી  છેલ્લાં બે વરસ માટે અહીં સુરતમાં આવી છું. મારા ફાધરને સરકારી નોકરી છે એટલે.'

'એ તો તો તમારું રોલ કોલનું નામ છે પણ તમને બધાં એ નામથી તો કૉલેજમાં નહીં ઓળખતાં હોય ને.'

'ત્યાં છોકરીઓ મને મોટી માના નામથી ચિઢવતી.'

'અહીં સુરતમાં એ નામ ચાલુ રાખવા જેવું નથી. આપણે એ માટે વિચારવું પડશે. કોઈ આપણે માટે નામ નક્કી કરે એ પહેલાં આપણે જ આપણા એવા નામની જાહેરાત કરી દેવી જોઈએ.' બારીની બહાર હાથ લંબાવતાં એણે કહ્યું: 'આ અમારું રંગઉપવન. અમારા સુરતનું એકમાત્ર ઓપનઍર થિયેટર.'

'મારે માટે અહીં બધું નવું છે. મારે સુરત વિશે બધું જાણવું છે. સાંભળ્યું તો ઘણું છે.'

'અમારા સુરતનું ઉંધિયું વખણાય છે. ને ઘારી ને ગાળો પણ.'

'મે તો સાંભળ્યું છે કે અહીં છોકરીઓ પણ ગાળો બોલે છે!'

'કોઈક જ વખત અને તે પણ સરખી કંપની હોય તો જ. તમનેય એ બધું કોઠે પડી જશે. સુરતમાં જ રહેવાનાં છો કે પછી

અપ-ડાઉન?'

'હું કીમથી અપ-ડાઉન કરવાની છું ટ્રેનના ટાઈમ અનુકૂળ છે એટલે વાંધો નહીં આવે.'

'અને ક્યારેક મોડું થઈ જાય તો મારે ઘેર રોકાઈ જવાનું.'

ત્યાં કૉલેજનું સ્ટેન્ડ આવ્યું અઠવા લાઈન્સ જનારા પાંચસાત ઉતારું સિવાય આખી બસ ખાલી થઈ ગઈ.

'આ સામે જ આપણું મંદિર. એમ. ટી. બી. કૉલેજ. તમને ખબર છે એમ. ટી. બી. એટલે શું?'

'હા.'

'ના, પેલા ઈરિગેટેડ ટટ્ટુઓ કહેછે એમ, મારી તારી બધાની કૉલેજ.' હસતાં શાલિનીએ કહ્યું. અઠવા લાઈન્સ પર કાકરાપારાની ઑફિસ આવેલી હતી ને એમાં કામ કરતા બધાને કૉલેજનાં બધાં ઈરિગેટેડ ટટ્ટુઓ કહેતાં હતાં.

'ચાલો, જઈશું અંદર!' શાલિનીને ઊભી રહી ગયેલી જોતાં મેઘનાએ કહ્યું એને આ બોલકી શાલિની ગમી ગઈ હતી. આજે કૉલેજને પહેલે જ દિવસે એની ઓળખાણ કરાવવા બદલ એ મનોમન ભગવાનનો આભાર માની રહી. એનાથી મનમાં જ શાલિની ને રાગિણીની સરખામણી થઈ ગઈ. એને થયું કે સુરત એને ગમી જશે.

'જવાય છે, દોસ્ત પહેલે દિવસે તો શું લેક્ચર થવાનાં! જેટલાં વહેલાં અંદર જઈશું એટલું વહેલું જ બહાર નીકળવાનું મન થશે. એના કરતાં ચાલ, થોડીવાર ચોપાટી પર બેસીએ.' કહેતાં એ ચોપાટી તરફ આગળ વધી.

ને આ ચોપાટી કઈ બલા હશે એમ વિચારતી મેઘના એને અનુસરી. એને મુંબઈની ચોપાટીની ખબર હતી. રસ્તો ઓળંગી કૉલેજની સામી બાજુએ નદીના પટમાં આવતાં શાલિની કહે: 'આ અમારી ચોપાટી.'

મેઘના આસપાસ નિરખી રહી. નદીમાં પાણી ઠીક પ્રમાણમાં હતું પણ કિનારે બેસીને એમાં છબછબિયાં કરી શકાય એવો પટ નજરે પડતો ન હતો. નદી અત્યારે તો પાંચેક ફીટ

ઊંડેથી વહેતી હતી ને કાદવ અને ઘાસથી બેય કિનારા ઢંકાયેલા હતા. કેટલાક કૉલેજિયનો ને સામેની ઈરિગેશન ઑફિસવાળા ત્યાં આમ તેમ ફરતા દેખાતા હતા. તો કેટલાક માછીમારો કિનારા પર બાંધી રાખેલી દોરીઓ હલાવીને માછલી સપડાઈ કે નહીં એની ચકાસણી કરતા આમતેમ ઘૂમી રહ્યા હતા.

'આ તમારી ચોપાટી?' મેઘનાથી બોલાઈ ગયું.

'આપણી બધાની હવે તો. કેમ, તને પસંદ ન આવી? એ મુબઈની ચોપાટી જેવી જ ગંદી છે ને! હા, ભીડ ત્યાંના જેવી નથી.' શાલિનીએ મેઘનાનો અણગમો પારખી જતાં કહ્યું.

'મુંબઈ કરતાં આ ચોપાટીમાં શાંતિ ઘણી છે એમ માની મન મનાવવાનું. ને મુંબઈની પેલી ગટરોની દુર્ગંધ કરતાં આ ગંદકી સહ્ય લાગે છે. મુંબઈની ચોપાટી કરતાં અહીંનું વાતાવરણ પણ સારું લાગે છે. જો કે અમારા અમદાવાદના કાંકરિયાની તોલે તો એકેય ન આવે.' મેઘનાએ બેય ચોપાટીની સરખામણી કરતાં કાંકરિયાની વાત પણ કરી દીધી.

'આમ કરતાં તું ક્યાક કવિયત્રી ન થઈ જતી પાછી. અમારી સુરતની ધરતીનો પ્રભાવ જ એવો છે.' તમેમાંથી તુંમાં સરી પડ્યાના જરા પણ ક્ષોભ ન અનુભવતાં શાલિનીએ કહ્યું.

'તમે તો અહીં જ જન્મેલાં ને ઉછરેલાં છો એટલે તમારે કશું અજાણ્યું નહીં હોય પણ મારે તો બધું...'

પણ તેને આગળ બોલતાં અટકાવતાં શાલિની બોલી ઊઠી: 'જો આપણે બેય દોસ્ત બનવા માગતાં હોઈએ તો આપણે એકબીજાને આમ માનથી બોલાવવાનું બંધ કરવું પડશે.'

'ઓકે તું કહે એમ. હું નસીબદાર છું કે મને પહેલે જ દિવસે તારા જેવી બેનપણી મળી ગઈ.'

'જો મારી સાથે રહીશ તો હું તને ક્યારેક કોઈ મઝાનો દેસ્ત પણ મેળવી આપીશ.' શાલિનીએ મજાક કરી.

'એમાં તારું કશું ચાલે તેમ નથી. હું અહીં આવતા પહેલાં જ વિવાહબંધનમાં બંધાઈ ગયેલી છું.'

'ચાલો. પણ મારા મત મુજબ તો બે વર્ષ વાટ જોઈને

એમ. એ. કરતાં કરવા જેવું એ કામ છે. તો તારા મિસ્ટર શું કરે છે? તને મળવા ક્યારે આવે છે?'

'એને ફાયનલ ઈયરની તૈયારી કરવાની છે એટલે પરીક્ષાઓ પતે ત્યાં સુધી તો એના આવવાના ચાન્સ ઓછા છે.'

'તો તારાં આ લગ્ન પ્રેમલગ્ન છે એમ જ ને! કૉલેજ લવ.'

'ના બચપણથી અમે સાથે જ ઉછરેલાં ને કૉલેજમાં પણ સાથેનાં સાથે. જો કે અમારા વિવાહની વાત અમારાં વડીલોએ જ ઉપાડી હતી એટલે તારે જેમ માનવું હોય એમ માની શકાય.'

'એટલે એરેન્જ્ડ લવ મેરેજ.'

'તું કાયમ આવી જ હસતી રહે છે કે ક્યારેક ગંભીર બને છે?'

'તું માનશે? આ પણ સુરતની ધરતીની જ બલિહારી છે. હસીમજાકનાં અહીં બહુ ઊંચાં મૂલ્યો અંકાય છે. તારી પાસે હજુ બે વર્ષ જેટલો સમય પડ્યો છે. ત્યાં સુધીમાં તો તું સુરતને બરાબર ઓળખી જઈશ અને એને રંગે રંગાઈ પણ જઈશ. તેં અમદાવાદમાં રહીને સુરત વિષે જે સાંભળ્યું હશે એના કરતાં સુરત તને ઘણું અલગ લાગશે.' આંખો નચાવતાં શાલિનીએ કહ્યું.

મેઘનાએ તેનું છેલ્લું વાક્ય સાંભળ્યું હશે કે કેમ એની જ શંકા હતી. એને તો આ અજાણી જગ્યાએ શાલિની જેવી સખી મળતાં રાગિણી ને પ્રણવની યાદ આવી ગઈ હતી. રાગિણી ભલે હસમુખી ને વાચાળ હતી પણ પ્રણવ તેની સાથે છૂટથી વાણીવિહાર કરી શકે એમ મેઘનાને લાગતું ન હતું. એ બાપડો મને યાદ કર્યા કરતો હશે ને રાગિણીય મારી ગેરહાજરીમાં એની સાથે છૂટથી બોલી નહીં શકતી હોય. એ વિચારી રહી હતી.

તો બીજી તરફ એ શાલિની ને રાગિણીની સરખામણી કરી રહી હતી. શાલિનીને હજુ એ બે કલાક પહેલાં જ મળી હતી ને રાગિણીને છેલ્લાં ત્રણ વર્ષથી જાણતી હતી પણ મનથી એને લાગવા માંડ્યું હતું કે રાગિણીની જેમ શાલિની સાથે પણ એને સારી દોસ્તી જામી જશે.

પ્રણવ જો રાગિણી સાથે વાતચીત કરતાં ક્ષોભ અનુભવતો

હશે તો એ જરૂર એકલતા અનુભવતો હશે ને કૉલેજમાં પણ એનું મન નહીં લાગતું હોય. વિવાહ જાહેર થયા પછી બાગમાં ને કાંકરિયા પર પોતાની સાથે કરેલી છૂપી પ્રણયમસ્તી પછી તેનું દિલ પોતાના વિરહમાં વ્યાકુળ થઈ જતું હશે.

રાગિણી તેને મળતી હશે કે કેમ તેનીય શંકા છે. ને કદાચ મળતી હોય તોય, છેલ્લે એ જ જ્યાં ઉદાસ લાગતી હતી ત્યાં એ પ્રણવની ઉદાસી દૂર કરવામાં શું કરી શકે! એ વિચારમાં ડૂબકાં મારી રહી.

‘તું તો બહુ ઊંડા વિચારમાં પડી ગઈ. મેં તારા મિસ્ટરની યાદ દેવડાવી એટલે તું તો જાણે એમની બાંહોમાં સમાઈ ગઈ હોય એમ... શું નામ છે એ સદ્ભાગીનું?’

‘પ્રણવ. એ બાપડો મારા વિયોગમાં અડધો થઈ રહ્યો હશે. જો કે અમારી એક કૉમન ફ્રેન્ડ છે રાગિણી. એ તારા જેવી જ વાચાળ અને હસમુખી છે. મારે એને લખવું પડશે કે એ એને મળતી રહે ને એને આનંદમાં રાખવા પ્રયત્ન કરે.’

‘એમ આવ પાણા પગ પર એવું કરવા જેવું નથી. મારું માને તો એને એવું લખવાનું માંડી વાળ. તું પ્રણવને ઉપરાઉપરી પત્ર લખીને એને તારા વિચારોમાં જ કેન્દ્રિત કર. એને આવું બીજું પ્રલોભન સામે કરીને ન બતાવ. જુવાની દિવાની હોય છે.’

‘રાગિણી ને પ્રણવ બેય પર મને પાકો વિશ્વાસ છે.’

‘તોય મારું માને તો એ વિશ્વાસનાં પારખાં કરવાનું રહેવા દે. મેં અનુભવે નહીં પણ અવલોકને એવા અનેક સંબંધોને પળમાં બદલાઈ જતા જોયા છે. ચાલ. કૉલેજમાં જઈએ. તને બીજી બેચાર દોસ્તો પણ કરાવવી પડશે ને! નહીં તો તું મારી એકલીથી બોર થઈ જઈશ.’ ઊભી થતાં શાલિનીએ એના સ્વભાવ મુજબ કહ્યું.

‘હું તારાથી બોર થાઉં એવું શક્ય લગતું નથી પણ તું કહે છે તો બીજી એકાદ બે દોસ્ત કરી રાખવામાં મને વાંધો નથી.’ મેઘનાએ કહ્યું ને બેય કૉલેજ તરફ ચાલવા માંડ્યાં.

મેઘના થોડે સુધી ચૂપચાપ ચાલી ત્યાં શલિનીની જીભ સરવળી: ‘કેમ મૂંગી થઈ ગઈ?’

'હું તારા બોલવાની રાહ જોતી હતી. ને મેં તને કહ્યું તો છે જ કે હું મોટે ભાગે મૂંગી જ રહેવાનું પસંદ કરું છું.'

'જો દોસ્ત, મારી સાથે આમ મૂંગાં બની રહેવાનું નહીં ચાલે. તને ખબર નહીં હોય પણ મૌન એક ખરાબમાં ખરાબ રોગ છે. મારી જેમ હસતાં ને બોલતાં રહેવાનું રાખીશ તો સુખી થઈશ.' શાલિનીએ ઉપદેશ આપતી હોય તેમ ગંભીર વાણીમાં કહ્યું ને મેઘના હસી પડી.

'જેવી આજ્ઞા, ગુરુદેવ.' એણે હસતાં જ કહ્યું.

'પહેલી વખત તારી જીભને સુરતની હવા લાગી હોય એમ લાગ્યું.'

'હવે હું પણ તારી ઝડપે જીભ ચલાવવા પ્રયત્ન કરીશ, બસ?'

'થાકી જઈશ એમાં. લે ચાલ મંદિર તો આવી ગયું.'

'મંદિર!'

'કૉલેજ સ્તો. બીજાં મંદિરોમાં ભક્તો દેવનાં દર્શને જાય છે પણ અહીં તો દેવોય ભક્તોનાં દર્શન માટે ટાંપી રહ્યા હોય છે. ખાસ કરીને ભક્તાણીઓનાં.' એ હસતાં બોલી.

'પ્રૉફેસરો માટે તને સારો અભિપ્રાય લાગતો નથી.'

'બધા માટે સરખો પણ નહીં.'

'અમારે અમદાવાદમાં પણ એવું જ.'

'કાગડા તો બધે જ કાળા હોય ને!'

'લે ચાલ, આપણે ક્યાંક ચર્ચામાં ઊતરી પડીશું પાછાં.'

'ખાતરી રાખજે કે લઢી તો નહીં જ પડીએ.' જો કે પછી કૉલેજના દરવાજા સુધી પહોંચતાં સુધી બેય ચૂપ જ રહ્યાં.

કૉલેજમાં પેસતાં જ શાલિની નોટિસ બૉર્ડ તરફ ચાલી. દસપંદર છોકરાઓ ત્યાં વાતોના તડાકા મારતા ઊભા હતા. તો એમાંના કેટલાક ભણવાની ચિવટવાળા વર્ગ ક્યારથી શરૂ થશે એ જાણવાય નોટિસ બૉર્ડમાં માથાં મારી રહ્યા હતા.

તો કેટલીક છોકરીઓ અધવાર્ષિક પરીક્ષામાં આવેલા ઓછા માર્કને કારણે એમની ફ્રીશીપમાં વાંધો આવશે કે ચાલુ રહેશે એ જાણવા મથતી દેખાતી હતી.

‘શાલિની મને ને ચંદ્રાને ઑફિસમાં જઈને સાહેબને મળવાની નોટિસ છે.’

‘કેમ?’

‘કદાચ અમારી ફ્રીશીપને કારણે જ હશે.’

‘માર્ક ઓછા આવ્યા હશે એ માટે જ. હજુ ચંદ્રા નથી આવી લાગતી.’

‘આવી છે ને. એ બેઠી લાયબ્રેરીમાં. એ એમાં ને એમાં જ નાપાસ થાય છે.’

‘ને તું સંપતમાં, કેમ?’

શાલિનીએ ટકોર કરી ને અર્પણા શરમાઈ ગઈ. ‘એનું નામ અર્પણા શાસ્ત્રી. કૉલેજની અભ્યાસેતર પ્રવૃત્તિયોમાં એનું નામ છે એટલે એ જાણીતી તો હતી જ પણ જ્યારથી એની વાતો સંપત સાથે ચર્ચાવા માંડી ત્યારથી એ વધારે જાણીતી થઈ ગઈ છે.’ શાલિનીએ ધીમા અવાજમાં એની ઓળખ આપી દીધી.

# ૭. શાલિનીનું તત્વજ્ઞાન

આ બાજુ મેઘનાને એમ ને એમ અઠવાડિયું પસાર થઈ ગયું. એને પ્રણવની યાદ સતત આવ્યા કરતી હતી. ઘેર તો દિવસે તે ઘરકામમાં પોતાને વ્યસ્ત રાખવા પ્રયત્ન કરતી હતી પણ રાતે વાંચવા બેસતી ને પ્રણવ તેના મન પર છવાઈ જતો. લાખ પ્રયત્ન કરવા છતાં તે વાંચવામાં મન પરોવી શકતી ન હતી. ક્યારેક તેને વિચાર આવતો કે પ્રણવને પણ તેના સિવાય સાવ એકલું લાગતું હશે ને એ પણ વાંચવામાં મન પરોવી શકતો નહીં હોય.

તો કદીક એને એમ પણ થતું કે રાગિણી પ્રણવને એની એકલતામાંથી બહાર કાઢવા પ્રયત્ન કરતી હશે ને પ્રણવ પણ પહેલાંની માફક એનાથી અતડો રહેતો નહીં હોય. તો કદીક એનું મન વહેમમાંય પડી જતું હતું. રાગિણી પ્રણવને લલચાવી પોતાની પ્રેમજાળમાં ફસાવવાનો પ્રયત્ન તો નહીં કરતી હોય ને!

તેને પોતે જ્યારે પ્રણવની પાસે હતી ત્યારે તો રાગિણી પર પૂરો વિશ્વાસ હતો પણ મૂક્ત વાતાવરણમાં એ બન્ને એકલાં, વિચારતાં એનું દિલ ધડકી ઊઠતું. એના મનમાં કદીક શંકાય જાગતી કે પ્રણવ રીગિણીથી પ્રભાવિત થઈને પોતાને વિસારી તો નહીં મૂકે ને!

વળી પોતે તો એ બેયને એકબીજાને મળવાનું સૂચવ્યું હતું. હવે એને એ માટે પસ્તાવો થવા માંડ્યો હતો. દેવતા ને દારૂ ને તેમાંય પાછું કૉલેજનું મુક્ત વાતાવરણ. ને એ મનમાં ગભરાઈ રહેતી હતી.

આવી તો કેટલીય શંકાઓ તેના મનમાં ઘુમરાય કરતી હતી. પણ વખત એની વાટ જોતો થોડો બેસી રહેવાનો હતો! સમયનું ચક્ર તો ફરતું જ રહેવાનું હતું. એને ક્યાં ખબર હતી કે પ્રણવ અને રાગિણી એકબીજાની વધુ નજીક આવી ગયાં હતાં ને એમની વચમાંથી મેઘનાને કેમ દૂર કરવી એની મથામણમાં એ પડી ગયાં હતાં.

પ્રણવના બેત્રણ પત્રો આવી ગયા હતા. એણે એમાં એમ પણ લખ્યું હતું કે રાગિણી પહેલાંની જેમ ઉદાસ રહેતી ન હતી. એક પત્રમાં એણે લખ્યું હતું: હું અને રાગિણી એક મોડી સાંજે કૉલેજ ગાર્ડનમાંથી ઘેર જઈ રહ્યાં હતાં ત્યારે... વગેરે લખીને તે મેઘનાને શંકાનાં વમળમાં ધકેલી મૂકતો હતો. આ બધાની વચમાં અભ્યાસની ચિંતા અને પ્રણવનો વિયોગ તેને અસહાય અને બેચેન બનાવી મૂકતાં હતાં.

વાર્ષિકોત્સવ આવ્યો. પ્રણવ ન આવ્યો. થોડા વખત પછી સુરત આવવાનું યોગ્ય બહાનું શોધી એ સુરત તેને મળવા જરૂર આવશે એવું આશ્વાસન એણે જરૂર આપ્યું હતું. બનશે તો રાગિણીને પણ સાથે લેતો આવશે એવું પણ એણે પત્રમાં લખ્યું હતું.

મેઘનાને એનાથી થોડી રાહત થઈ હતી. જો એ બેય જણાં સુરત આવશે તો એમનું એકબીજા સાથેનું વર્તન જોઈને એ લોકો જો ઊંડાં પાણીમાં રમતાં હશે તો પોતાને એની ગંધ આવી જશે ને એમના સંબંધમાં પોતે બ્રેક મારી દેશે.

મેઘનાએ કાર્યક્રમમાં ભાગ લેવાનું માંડી વાળ્યું હતું. કાર્યક્રમને દિવસે શાલિનીએ મેઘનાને પોતાને ત્યાં જમવા ને રાત રોકાવાનું ઈજન તો લગભગ એક અઠવાડિયાથી આપી જ દીધેલું હતું. એટલે મેઘના તે દિવસે કૉલેજમાંથી શાલિનીની સાથે જ એને ઘેર આવી ગઈ હતી.

રાતે વાર્ષિકોત્સવનો મનોરંજન કાર્યક્રમ હતો એટલે ઘેર પહોચતાં જ શાલિની એનાં બાને રસોઈના કામમાં મદદ કરવા રસોડામાં પહોંચી ગઈ હતી. મેઘનાને પણ રસોઈના કામમાં દિલચશ્પી હતી એટલે એય શાલિનીની પાછળ રસોડામાં આવી.

પ્રણવની યાદ અને રાગિણી પરની શંકામાં ઘેરાયેલા મનને અંકુશમાં રાખવા એને શાલિની સાથે હસતાં સમય પસાર કરવાનું વધારે ગમતું હતું.

થોડી વાર થઈ હશે ને શાલિનીના મોટાભાઈ જીતુભાઈ આવી ગયા. એ લગભગ ત્રીસની નજીક પહોંચ્યા હોય એવું લાગતું હતું. કપડાંની બાબતમાં એમની સાદગી દેખાઈ આવતી હતી. ‘બા, ખાવાનું તૈયાર છે કે?’ સોફા પર બેસતાં એમણે ટૌકો કર્યો.

‘હા, આવની આજે ટો ટારી બેને કેવારાનું રાંધી લાયખું છે.’ એનાં બાએ એમના સુરતી લહેકામાં જ જવાબ આપ્યો.

‘તો કાઢો ત્યારે. હું કપડાં બદલીને આ આવ્યો.’ કહેતાં જીતુભાઈ કપડાં બદલવા એમના રૂમમાં ગયા ને બાએ જીતુભાઈની થાળી તૈયાર કરવા માંડી. ને બેય બેનપણીઓ હાથ ધોઈ બહાર આવી ત્યાં જીતુભાઈ પણ કપડાં બદલીને આવી પહોંચ્યા.

‘આજે અમારી કૉલેજનું એન્યુઅલ ફંક્શન છે. ભાઈ, આવશો તમે?’ શાલિનીએ પૂછ્યું.

‘મને આ શિયાળાની ઠંડીમાં એટલે દૂર સુધી ઘસડી જવાનું કોઈ કારણ ખરું?

‘ખરું જ તો. મનોરંજન કાર્યક્રમ એ કારણ પુરતું નથી?’

‘એમાં તું ખરી? મને તારામાં રસ છે તમારા મનોરંજન કાર્યક્રમમાં નહીં. તેં જો એમાં નાનો સરખોય પાર્ટ લીધો હોત તો હું જરૂર આવત.’ કહેતાં એ હસ્યા. ને મેઘના તરફ જોતાં પૂછ્યું: ‘આ હું માનું છું કે તારી નવી સખી મેઘનાબેન.’

‘હા, તે મારી સાથે...’

‘રહેવા દે, તેં આજ સુધીમાં તેમને વિષે ઘણી વાતો કરી છે.’

‘તેં જોયું ને મેઘના, આવા છે મારા મોટાભાઈ. અસ્પર્શ્ય અને એકાકી.’ શાલિનીએ કહ્યું.

‘એકાકી કેમ? તારાં ભાભી ને એમનો વસ્તાર!’ પણ ત્યાં તો શાલિનીની આંખો ભારે થતાં ઢળી ગઈ. મેઘનાને એમાં ભારોભાર વેદના વર્તાઈ રહી. મોટાભાઈ પણ એક વખત નજરો ઊંચકીને મેઘના તરફ જોયું ન જોયું કરીને રસોડા તરફ વળી ગયા હતા. પણ મેઘનાને એ ઊડતી નજરમાંય વેદનાનો અણસાર વર્તાયા સિવાય ન રહ્યો.

આજ સુધી શાલિનીએ એમની વાતોમાં મોટાભાઈનો ઉલ્લેખ ક્યારેય કેમ કર્યો ન હતો એ મેઘનાની સમજમાં આવી ગયું. એ અજાણતાંમાં જે બોલી ગઈ હતી એ બદલ મનમાં જ

પસ્તાઈ રહી.

જીતુભાઈ રસોડામાં ગયા એટલે બેય બેનપણીઓ દિવાનખાનામાં આવી. મેઘના મનમાં મૂંઝાઈ રહી હતી. એને થતું હતું કે મોટાભાઈના જીવનમાં એવી તો કઈ ગંભીર વાત હતી કે બધાં આમ ઉદાસ થઈ ગયાં હશે! એને આ વાતનું કુતૂહલ જરૂર હતું પણ શાલિનીને પૂછીને એને પાછી ગંભીર ને નિરાશ કરી દેવાની એનામાં હિંમત ન હતી.

એ પોતાને આ માટે દોષિત માની રહી હતી. શાલિનીની વાચાળતાય જ્યાં મૂંગી બની જાય એવો તો કયો પ્રસંગ મોટાભાઈના જીવનમાં બન્યો હશે એનો મનમાં જ તાગ કાઢવા એ પ્રયત્ન કરી રહી હતી.

શાલિનીનાં ભાભી એમને છોડીને ચાલ્યાં ગયાં હશે કે મરી ગયાં હશે કે... પણ એના મનના આ સવાલોના જવાબ એને ક્યાંથી મળવાના હતા! એણે જીતુભાઈને જ જ્યાં આજે પહેલી વખત જોયા હતા ત્યાં!

જો કે એનું મન એક વાત તો સ્વીકારતું જ હતું કે ગમે તેવી કઠોર દિલની સ્ત્રી હોય તોય આવા સીધા સાદા ને સાલસ પતિનું દિલ તોડતાં હજાર વાર વિચાર કરે. ‘મારાથી અજાણમાં કશુક અજુગતું બોલાઈ ગયું. મને કશી ખબર ન હતી. હું બહુ દિલગીર છું. મારી વાતથી તને ને મોટાભાઈના દિલને ઠેસ પહોંચી એ બદલ.’ ખેદથી એણે કહ્યું.

‘ના, એવું કાંઈ નથી. એમાં તારો કશો વાંક નથી.’ શલિનીએ કહ્યું પણ એમાં તેનું હૈયું તેને સાથ દઈ શકતું ન હતું એ મેઘનાને લાગ્યા વગર ન રહ્યું.

‘એવું કશું ના હોય તો તું અને તારા મોટાભાઈ ઓચિંતાં ઉદાસ કેમ થઈ ગયાં?’

‘હું... ના રે ના હું તો...’ કહેતાં શાલિનીએ હસવાનો મિથ્યા પ્રયત્ન કર્યો. એનું હસવુંય એના દિલમાંની ગમગીનીને ઢાકી ન શક્યું. એની પાંપણની ધારે આવીને એનાં અશ્રુબિંદુઓ અટકી ગયાં.

‘શાલિની તું રડે છે?’ એને રડતી જોઈ મેઘના ઢીલી થઈ

ગઈ.

‘ના રે, હું તો હસું છું. રડતાં તો તેં મને ઘણી વખત જોઈ છે. આજે તો હું હસું છું.’ કહેતાં એણે નેપકીનમાં પોતાનું મોં છુપાવી દીધું.

‘ના મેં તને ક્યારેય રડતાં નથી જોઈ. તું તો રડતાંને હસાવનારી છું. મેં તને કાયમ એવી જ જોઈ છે.’ મેઘના બોલી. પણ શાલિનીનું વેદનાથી વલોવાતું હૈયું એનો જવાબ ક્યાંથી આપી શકે!.

ત્યાં અંદરથી એક નાનોશો ઑડકાર ખાઈ જૂતુભાઈએ પોતે જમી રહ્યાનું સિગ્નલ મોકલ્યું એટલે શાલિની સ્વસ્થ થવા બાથરૂમમાં પેસવા ગઈ ત્યાં તો નેપકીનથી હાથ કોરા કરતા જીતુભાઈ બહાર આવી પહોંચ્યાઃ ‘શાલિની, શું કરે છે તું? તેં વળી પાછું શરૂ કરી દીધું કે? જાવ તમે બેય જમી લો. તારે લીધે તારાં બેનપણીનેય તારે ભૂખ્યાં રાખવાં છે!’

શાલિની ઊઠી ને મેઘનાય કાંઈ બોલ્યા સિવાય એને અનુસરી. સદાય હસતી રમતી રમકડા જેવી શાલિનીનું આમ ઉદાસ થઈ જવું મેઘનાને મન એક કોયડા જેવું હતું પણ એને પ્રતિતી થઈ ગઈ હતી કે એની પાછળ કોઈ અતિ ગંભીર કારણ હતું જ. બા, મેઘના ને શાલિનીએ મૂગાં મૂગાં જેમ તેમ જમી લીધું. મેઘના મનોમન મૂંઝાઈ રહી હતી. પોતાને કારણે જ આમ થયું હતું એ વાત એનાથી કેમેય વિસરાતી ન હતી.

‘કેમ આજે રેડિયો પર કોઈ કાર્યક્રમ નથી કે શું?’ મુખવાસને બહાને અંદર આવતાં જીતુભાઈએ ટકોર કરી.

‘રેડિયો પર સારો કાર્યક્રમ ન હોય એવું કદીક બને છે પણ કોઈ કાર્યક્રમ જ ન હોય એવું ભાગ્યે જ બને છે.’ શાલિનીએ પોતાની હંમેશની રીતે જવાબ આપ્યો.

‘એ તો બ્રૉડકાસ્ટિંગ સેન્ટરના મૂડ પર આધાર રાખે છે. છતાં...’ એમણે ટકોર કરી ને શાલિની હસી પડી. એના મોં પરથી પેલું ગમગીનીનું આવરણ ક્યાંય હઠી ગયું ને પેલું ચિરપરિચિત હાસ્ય ત્યાં મઢાઈ રહ્યું, કદાચ વ્યાજ સાથે.

‘રેડિયોનો ધર્મ છે ઘોંઘાટ કરવાનો. પછી ભલે ને ગંભીર

કાર્યક્રમ ચાલતો હોય કે હળવો.'

'ને મારો જે રેડિયોને અનુભવ છે એ તો જાણે હળવા કાર્યક્રમ માટે જ બનાવાયો હોય એમ એમાં કદી ગંભીર કાર્યક્રમ આવતો જ નથી.'

'કોની વાત કરે છે તું?' શાલિનીએ કૃત્રિમ ગુસ્સો કરતાં પૂછ્યું.

'હું તો તમારા આ રેડિયોની વાત કરતી હતી. તને શું લાગ્યું?' ને બધાં હસી પડ્યાં, શાલિની પણ.

'શાલિનીથી આટલાં ડરવાની જરૂર નથી. એને તો કોઈને ડરાવવા માટેય ગુસ્સો કરતાં આવડતું નથી.'

'એ તો કૉલેજના કોઈ છોકરાને પૂછો તો ખબર પડે. ભલભલા પ્રૉફેસરની મશ્કરી કરનારાય મારું નામ ન લે.'

'આપણે ત્યાં એક કહેવત છે ને કે ભૂંડાથી તો ભૂતેય ભાગે.' કહેતાં જીતુભાઈ રસોડાના ઉંમરા પર ગોઠવાયા.

'એમ છતાં તમે મારી સામે બેઠા છો એ બતાવે છે કે હું...'

'હું ભૂત નથી. એટલે તો હું તારી સામે બેઠો છું ને!'

'ઓહ,' કહેતાં શાલિનીએ મેઘના સામે જોતાં કહ્યું: 'એ તો હું ભૂલી જ ગઈ હતી કે તમે મારી સામે નહીં પણ મેઘનાની સામે બેઠા છો.'

ને મેઘના શરમની મારી નીચું જોઈ ગઈ. એને થયું આ તે કેવાં ભાઈબહેન છે! આમ એકબીજાની જાણે ફીરકી ઉડાવવાની પણ હરીફાઈ કરતાં હોય એવાં! પણ એને ક્યાં ખબર હતી કે એ સુરતની ધરતીને પ્રભાવ હતો. મશ્કરીનાં અહીં ઊંચાં મૂલ બોલાતાં હતાં,

'આમ વાટોના વડાં કયરા વગર કાંઈ હાકબાક ખાવા લાગ. તારી હાર્યે મેઘનાય ભૂખી રહી જાહે.' ને ત્યારે જ મેઘનાને ખ્યાલ આવ્યો કે પોતે હજુ સુધી કાંઈ ખાધું જ ન હતું. એને થયું કે કોઈ અજાણ્યાંની સાથે હોત તો એ ભૂખી જ રહી ગઈ હોત.

પણ જ્યારે તે ખાઈને ઊઠી ત્યારે એને લાગ્યું કે બા અને

શાલિનીએ એને એટલું બધું ખવરાવી દીધું હતું કે રાતના કાર્યક્રમ વખતે તેને ઊંઘ આવી જાય તોય નવાઈ નહીં.

'તમે બેયે મળીને મને એટલું બધું ખવરાવ્યું છે કે …' મેઘના કહેવા ગઈ.

'અમે બન્નેએ! મોટાભાઈ ઉંમરા પર ડાયરો જમાવીને ગપ્પાં મારવા માંડ્યા એટલે તારી સાથે અમારેય ઓવરલોડ થઈ ગયું ને!'

'એ તો એવું છે ને કે જ્યારે રેડિયો બંધ હોય ત્યારે રેડિયોગ્રામ ચાલુ કરવું જોઈએ એટલે…'

'એ બધુંય ભૂલાવી દઈશ એક વર્ષમાં જો મારું ચાલશે તો.'

'નહીં તો ભૂલી જઈશ એય બોલી નાખની ભેગીભેગુ.'

'એ તો વખત આવહે તીયારે જોયું જહે.' શાલિનીએ પણ સુરતીમાં જવાબ દીધો.

એ પછી બેય કૉલેજમાં પહોંચ્યાં ત્યાં સુધીમાં તો શાલિની પોતાના અસલી મૂડમાં પાછી આવી ગઈ હતી.

બીજી કૉલેજોનાં અન્યુઅલ ફંક્શનોના કાર્યક્રમ જેવા નામચીન હોય છે એવું અહીં વહોતું. અહીં સુરતમાં મશ્કરીનાં બહુ ઊંચાં મૂલ્ય છે પણ હદ બહારનાં કોઈ મસ્તી તોફાન અહીં હોતાં નથી કે ચલાવી લેવામાં આવતાં નથી, એટલે યુવતીઓ અને તેમનાં કુટુંબીજનો અહીં વિના સંકોચે આવતાં હોય છે ને કાર્યક્રમને દીપાવતાં હોય છે.

શાલિની અને મેઘના બહારથી સ્વસ્થ દેખાવા પ્રયત્ન ભલે કરતાં હોય પણ તેમનાં ઉદાસ મન સ્ટેજ પર ચાલી રહેલા કાર્યક્રમને માણી શકતાં ન હતાં. એ તો પોતાના મનની ભવાઈમાં ગૂંચવાઈ રહ્યાં હતાં.

એટલે જ્યારે કાર્યક્રમ પૂરો થયો ને બધાં બસની લાઈનમાં કે લેવા આવનાર કુટુંબીની રાહ જોતાં બહાર રોડની ધારે ઊભાં હતાં ત્યારે બેય શાલિનીને ઘેર જવા ચાલવા જ માંડ્યાં, એ બે માઈલ જેટલું અંતર એમની ઉદાસીને સથવારે કાપવા.

રસ્તા પર તે બે જ ન હતાં. કેટલાંક ઉતાવળિયાં એમનાથી આગળ ચાલતાં હતાં તો બસની લાંબી લાઈન જોઈને નિરાશ થઈને મોડેથી ચાલી નાંખવાનો વિચાર કર્યો હોય એવાં એમની પાછળ પણ હતાં. એ જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ તેમની આગળની ને પાછળની બેય ભીડ ઓછી થતી ગઈ. કેટલાકના રસ્તા ફંટાય હતા તો કેટલાકનાં ઘર આવી ગયાં હતાં.

રંગઉપવન આગળથી બેય બજાર તરફ આગળ વધ્યાં ત્યાં સુધીમાં તો રસ્તો લગભગ ખાલી થઈ ગયો હતો. જો કે સિનેમાનો શો છૂટ્યાને બહુ વખત થયો ન હતો એટલે ક્યારેક કોઈ મળી જતું હતું ખરું.

'મોટાભાઈ આવ્યા હોત ને તું આમ મૂંગી ચાલતી હોત તો...' મેઘનાએ રેડિયોની સ્વીચ ઓન કરવા પ્રયત્ન કરતાં કહ્યું. એનું મન તો ક્યારનુંય આ બે ભાઈબહેનનો ભૂતકાળ જાણવા તડપી રહ્યું હતું.

'એય આજે તો કદાચ મારી જેમ મૂંગા જ હોત.' શાલિની બોલી ને બેચાર કદમ ચૂપકીદીથી ચાલ્યા પછી એ બોલી: 'મેઘના તું તો હજુ એમને આજથી જ જાણતી થઈ છે પણ હું તો એમના હૈયાનાં ગહન જળમાં નાનપણથી જ ડૂબકાં લગાવતા આવી છું.'

મેઘનાએ કાંઈક બોલવું જોઈતું હતું પણ એને શું બોલવું એની જ સૂઝ પડતી ન હતી ત્યાં એ શું બોલે! એટલે એણે મૂંગાં રહેવું જ યોગ્ય ગણ્યું.

પણ શાલિનીનું એ તરફ ધ્યાન ન હતું. એ તો ભૂતકાળમાં ડૂબકી મારી રહી હતી. 'તને એમ લાગશે કે આમાં હું તને કહેવા શું બેઠી! પણ વાત જ એવી છે કે જ્યાં સુધી હું તને એ નહીં જણાવું ત્યાં સુધી મને ચેન નહીં પડે.'

'આજે તેં મારાં ભાભીનો ઉલ્લેખ કર્યો ત્યારે મારા ભાઈ ગંભીર બની ગયા હતા એ તને કદાચ વિચિત્ર લાગ્યું હશે. ને રોજ હસતી રમતી ને બધાને ઉડાવતી હું ગમગીનીના આવરણ નીચે ઢેકાઈ ગઈ હતી એય તને વિચિત્ર લાગ્યું જ હશે એવું મને તારા મોં પરથી લાગ્યું હતું.

'અને એમાં કશું ખોટું પણ નહોતું. જે કોઈ મને મારા બાહ્ય

વર્તનથી જાણે છે એમને તો હું હસતી રમતી ને રમૂજ કરતી ઢીંગલી જ લાગતી હોઈશ પણ મારાં આ બાહ્ય આવરણોની નીચે તો નિરાશાની રાખમાં ધરબાયેલી પ્રણયની આગ ધખી રહી છે.'

'તારા!' મેઘનાથી બોલી જવાયું.

'બધાની જેમ તું પણ મને મારા ઉપરના આવરણથી જ પિછાણે છે એટલે તને પણ એનું આશ્ચર્ય થયું હશે પણ બહારથી સારી કે સાચી જણાતી દરેક ચીજ સાચી નથી હોતી. મોટાભાઈની ને મારી ઉંમરમાં ફક્ત બે જ વરસનો તફાવત છે એટલે અમે કૉલેજમાં સાથે થઈ ગયેલાં. હું પહેલા વર્ષમાં આવી ને મોટાભાઈ છેલ્લા વર્ષમાં.

'કૉલેજમાં સિનિયરો જેમ કહે છે તેમ હું પણ ફર્સ્ટ યર ફૂલ્સમાંની જ એક હતી. હું સારા માર્ક સાથે મેટ્રિકમાં પસાર થઈ હતી એનું મનમાં થોડું અભિમાન પણ ખરું. ને એ અભિમાનમાંથી જન્મતો સ્વચ્છંદ મારામાં પ્રવેશી ગયેલો.

'કૉલેજમાં જીતુભાઈને એક છોકરીની સાથે પ્રેમ થયેલો. એ છોકરી સોમા ને હું સારાં ફ્રેન્ડ પણ હતાં. ને હું પણ કિશોર સાથે પ્રેમમાં પડેલી. આ સોમા કેશોરના સગામાં થતી હતી. પણ કિશોરના કાકાએ વચમાં ભેંડો મારીને મોટાભાઈની સાથેનો સોમાનો સંબંધ તોડાવી નાખેલો. ને ગુસ્સામાં મેં પણ કિશોર સાથેના સંબંધ પર ચોકડી મારી દીધેલી. પછી તે સોમાએ એ સંબંધ સુધારી લેવા ઘણા પ્રયત્ન કરેલા પણ મોટાભાઈના મનમાં શુંય હતું કે એમણે એ સંબંધ પાછો ચાલુ કરવાની વાતનું મીંડું જ વાળી દીધું.

'પછી આજે બે વર્ષથી એ આમ એકાકી ને રીઝર્વ થઈ ગયા છે. એ હસીને બોલે છે એ મને હસતી જોવા માટે ને પોતાનું દર્દ છુપાવવા માટે જ. બાકી મનમાં તો એમને સોમાની યાદ સંતાપતી જ હોય છે. એમને મારી વાતનું પણ દુખ છે કે એમને કારણે મેં કિશોર સાથેનો સંબંધ કાપી નાખ્યો છે. એ આને માટે પોતને જવાબદાર માન્યા કરીને પસ્તાયા કરે છે.'

# ૮. સુરતથી ડુમ્મસ

'આજે હું ડુમ્મસ તરફ જવાનો છું.' જીતુભાઈએ કહ્યું.

ડુમ્મસનું નામ સાંભળતાં જ શાલિની ને મેઘના બેયને ચમક ઊપડી. મેઘનાને ડુમ્મસ અજાણ્યું હતું એટલે ને શાલિનીને ડુમ્મસનો દરિયા કિનારો ગમતો હતો અને પોતાની સહેલીને એની સેર કરાવવાનું મન હતું એટલે.

'ક્યારે પાછા ફરવાના તમે?' શાલિનીએ પૂછ્યું.

'કાલે સાંજના જ. પરમ દિવસે તો પાછું વલસાડ જવાનું છે. તેં કેમ પૂછ્યું? તારો સાથે આવવાનો વિચાર છે કે શું?'

'મેઘનાએ હજુ ડુમ્મસ જોયું નથી.'

'તને મેઘનાનું સારું બહાનું મળી ગયું છે.'

'તમારે અમને સાથે ન લઈ જવાં હોય તો ચોખ્ખું કહો ને!'

'મેં એવું કહ્યું નથી. તમે મને ભાર કરવાનાં નથી. હું જીપ લઈને જવાનો છું. પણ તને એક વાત કહી દઉં કે હું તમને વાસ્કો ડી ગામાના લંગર પાસે ઉતારતો જઈશ. પછી સાંજે પાછા ફરતાં તમને પાછાં લેતો આવીશ.' જીતુભાઈએ કહ્યું.

'ભલે. પણ અમારી કંપનીમાં કદાચ એકાદ બીબું ઉમેરાય પણ ખરું.' શાલિનીએ પોતાની હંમેશની ટેવ મુજબ કહ્યું.

'એ વધારો બસો ટકાથી બેવડાઈ ન જાય એ જો જે. જીપને સ્ટેશનવેગન ન સમજતી.'

'કાંઈ વાંધો નહીં મારી એ સખીને કાર ચલાવતાં આવડે છે.' શાલિની ખભા ઉલાળતાં બોલી.

'તું મને જીપમાંથી બાદ તો કરી નાખવાની વેતરણમાં નથી ને!'

'જીપ નાની છે એમ તમે હમણાં જ ના કહ્યું?' ને બધાં હસી

પડ્યાં ને મેઘના વચમાં પૂરાઈ ન શકી એટલે બે વાગ્યાના ટકોરા વચમાં પૂરાયા અને વાત ત્યાં જ થંભી ગઈ.

મેઘનાને ડુમ્મસ જવાનું મન તો હતું જ પણ એને ગઈકાલ રાતનો ઉજાગરો થયો હતો ને ઘેર કોઈને કશું કહ્યું ન હતું એટલે એ જવા તૈયાર ન થાત પણ આ ભાઈબહેનની વાતોમાં વચમાં પૂરાઈને એને બોલવાનો અવકાશ મળે તો ને!

મેઘનાને આવી ચમત્કૃતિભરી વાચાળતા વરી ન હતી એમ નહીં પણ તે હજુ જીતુભાઈ સામે વિવાદ કરતાં શરમાતી હતી.

તે દિવસે શાલિની ને બા રસોઈના કામમાં ગૂંથાયાં હતાં ત્યારે શાલિનીએ અર્પણા ત્રિવેદીને સંદેશો કરવા મેઘનાને ઈશારો કરી દીધો હતો. મેઘનાએ એને ડુમ્મસ જવાનું આમંત્રણ આપવાની સાથે પોતાને ઘેરથી પણ શાલિનીને ત્યાં બે દિવસ વધારે રહેવાની રજા મેળવી લીધી હતી.

બીજે દિવસે સવારમાં જ અર્પણા આવી ગઈ હતી. પછી ચા-નાસ્તો કરીને લગભગ નવ વાગ્યે બધાં ડુમ્મસ જવા નીકળ્યાં. જીતુભાઈની સાથે એમની ઑફિસનો એક પટાવાળો પણ હતો. એમણે જતાં રસ્તામાંથી થોડાં ચવાણું તથા ઘારી પણ બંધાવી લીધાં.

મેઘનાને પ્રણવ યાદ આવી રહ્યો. પોતાને હજુ સુરત આવ્યે બે મહિનાય નથી થયા ત્યાં પોતે કેવી સારી રીતે મિત્રવર્તૂળમાં ગોઠવાઈ ગઈ છે ને પ્રણવ બિચારો રાગિણી સિવાય બીજા કોઈની સાથે ક્યાંથી ભળતો હશે જ્યાં રાગિણી સાથેય પૂરો ભળી શકતો ન હોય ત્યાં!!

એ રીગિણી સાથેય પોતાની હાજરીમાં જ જ્યાં પૂરું બોલી શકતો ન હતો ત્યાં પોતાની ગેરહાજરીમાં તો વધારે અતડો બની રહેતો હશે. જો કે કૉલેજના કાર્યક્રમ પછી બેય વચ્ચે બોલવાની થોડી છૂટ થઈ હતી ખરી.

આવે વખતે પ્રણવ અહીં હાજર હોય તો કેવી મઝા પડે એવું વિચારવાનુંય તે ન ચૂકી,

જીપ જીતુભાઈ ચલાવતા હતા. એ એમના મૂડ પ્રમાણે કદીક ઝડપી તો કદીક ધીમી ગતિએ જીપ ભગાડતા હતા. મસ્કતી

આગળથી જીપ પસાર થઈ રહી હતી ત્યાં એમણે અચાનક બ્રેક મારી. પાછળ બેઠેલી ત્રણેય સખીઓ એકબીજી સાથે દબાઈ ગઈ.

'શું થયું? સારું છે કે હૉસ્પિટલ નજીકમાં જ છે.' શાલિનીએ પોતાની રીતે કહ્યું.

'કાંઈ થયું નથી. એક બકરું બચી ગયું.' જીતુભાઈએ શાલિનીની ભાષામાં જ કહ્યું ને જીપ ભગાવી.

'એટલે તો હું મોટાભાઈ ડ્રાઈવ કરતા હોય એવા વાહનમાં બેસતી નથી. કોઈક વાર બકરું બચી જાય તો કોઈક વાર કૂતરું કચડાઈ જાય.'

'તું ચલાવતી હોય તો કોઈક વાર કૂતરાને બચાવવા જતાં માણસ કચડાઈ જાય. એટલું સારું છે કે ડ્રાઈવિંગ આપનાર માણસ મારો ઓળખીતો નથી, નહીં તો તેં મારી વગ લગાડીને કદાચ ડ્રાઈવિંગ લાયસન્સ મેળવ્યું પણ હોત અને એકાદ માણસને કચડી પણ નાખ્યો હોત.'

'તમે લાયસન્સ મેળવવા માટે લાંચ નહીં આપેલી ખરી ને!'

'લાંચ તો આ જમાનામાં બધા સરકારી રોગોની રામબાણ દવા છે. પણ નસીબસંજોગે મારે એ રામબાણ દવા વાપરવી નહીં પડેલી. શેઠની કારે મને વગર લાયસન્સે સારી એવી પ્રેક્ટિસ કરાવી દીધેલી.' આમ વાતોના ગોળા ગબડાવતાં ડુમ્મસ ક્યારે આવી ગયું તેની પણ ખબર ન પડી.

બધાં ડુમ્મસ પહોંચ્યાં ત્યારે હજુ સાડા અગિયાર જ વાગ્યા હતા. જીતુભાઈ એમણે કહ્યા પ્રમાણે ત્રણેય બેનપણીઓને વાસ્કો ડી ગામાના લંગર પાસે ઉતારીને, એ સાંજના લગભગ સાડા ચાર વાગ્યે પાછા આવશે એમ કહી પોતાના કામે ઊપડી ગયા હતા એટલે આ ત્રિપુટી પાસે રેતીમાં મસ્તી કરવાનો ઘણો સમય હતો.

◇

પવન નહીંવત હતો એટલે દરિયાનાં મોજાં બહુ ઉછળતાં ન હતાં કે લાંબે સુધી છાલકો પણ મારતાં ન હતાં. હજુ હમણાં જ પાછી વળી ગયેલી ભરતીને કારણે પથ્થરની આડશ સુધી રેતી

ભીની થઈ ગયેલી હતી.

શાલિની માટે આ જગા અજાણી ન હતી એટલે એણે મેઘનાને અર્પણાના હાથ પકડીને દોડવા માંડ્યું. ને ખુશનુમા વાતાવરણના પ્રભાવમાં તણાતાં મેઘનાએ ને અર્પણાએ પણ તેની સાથે દોડવા માંડ્યું.

ત્યાં મેઘના અચાનક ચીસ પાડીને શાલિનીથી પોતાનો હાથ છોડાવીને પાછી ભાગી. થોડાં કદમ દોડીને અચાનક થંભી ગઈ ને ત્યાંથી બીજી દિશામાં દોડવા માંડી ને ત્યાં પણ બેચાર ડગલાં દોડીને ગભરાઈને પગની આંગળિયો પર ઊભી થઈ ગોળગોળ ફરવા માંડી. શાલિની પણ તેનું આમ કરવું જોઈ ગભરાઈ ગઈ.

ત્યાં અર્પણા પણ સાપ સાપ કહેતાં તેને વળગી પડી. હવે શાલિનીને મેઘના ને અર્પણાના ગભરાટનું કારણ સમજાયું. એ અર્પણાને ખેંચતી મેઘનાની પાસે પહોંચી ગઈ. મેઘના ને અર્પણા હજુ ગભરાટમાંથી બહાર આવ્યાં ન હતાં. શાલિનીને તેમની સામે હસતી જોતાં ગુસ્સે થઈ મેઘનાએ કહ્યું: ‘આમ હસે છે શું? કેટલા બધા સાપ હતા ત્યાં!’

‘હું એ જ તો હસું છું. એ સાપ નથી પણ જેમ જમીનમાં અળસિયાં થાય છે એવાં પાણીમાંનાં અળસિયાં જ છે. એમનાથી ડરવાનું કારણ નથી. એ તો માંછલાં પકડતાં માછીની જાળમાં ફસાઈ જાય છે તેમને માછીઓ બહાર રેતીમાં ફેંકે છે.’

‘શું ડરવા જેવું નથી? કેવા લીલા ને પીળા પટ્ટા છે એમના પર! એ ચોક્કસ ઝેરી હશે.’ મેઘનાનો ગભરાટ બહાર આવી ગયો.

‘તારે હસવાનું થાય છે ને અમારો તો જીવ જાય છે. ચાલો પાછાં કિનારા પર. અમારે નથી આવવું દરિયામાં છબછબિયાં કરવા.’ અર્પણા પણ મેઘનાની સાથે જોડાઈ ગઈ.

‘તમે બેય બીકણ બિલાડી જેવી છો.’ કહેતાં શાલિનીએ એક તરફડતા પેમલાને પગની ઠોકરે દસેક ફીટ દૂર ફંગોર્યું. પેલી બેયને આનાથી સહેજ ધરપત વળી છતાં હજુ શાલિનીને છોડી ન હતી.

એ જોઈ શાલિનીએ કહ્યું: ‘ચાલો, આપણે થોડાં આગળ

જઈએ. એ તરફ માછીઓ નથી એટલે ત્યાં આવા સાપ પણ નહીં હોય.' ને બેયને એ તરફ ખેંચતી ચાલી છતાં પેલી બેય તો એકએક પગલું જોઈને મૂકતી હતી.

થોડે દૂર ગયા પછી બેયનો ગભરાટ થોડો ઓછો થયો. અર્પણા કહે: 'મારો તો જાણે જીવ જ નીકળી ગયો હતો.'

'મારુંય એવું જ થયું હતું જ્યારે તું મને વળગી પડી હતી ત્યારે. મને થયું કે મારે બદલે ત્યાં કોઈ પુરુષ હોત ને તું એમ વળગી ગઈ હોત તો શું થાત? આ તો સારું થયું કે હું હતી નહીં તો પેલો તો તારા પ્રેમમાં જ પડી જાત ને!'

'પ્લીઝ, મજાક નહીં. ચાલો આપણે રસ્તા પર જતાં રહીએ.' ને પગલે પગલે કાળજી રાખતાં એણે રસ્તા તરફ ચાલવા માંડ્યું. ને રસ્તો નજીક આવતાં દોડીને મેઘના રસ્તા પર પહોંચી ગઈ ત્યારે જ એનામાં પાછળ જોવાની શક્તિ આવી.

સહેજ વાર પછી એણે પાછળ જોયું ને તે હેબતાઈ જ ગઈ. ભીની રેતીમાં જ્યાં ને ત્યાં કાબરચિતરાં સાપોલિયાં તરફડતાં ને અમળાતાં દેખાતાં હતાં. એ એક ફૂટથી માંડીને બે ફૂટની લંબાઈનાં હતાં.

'ઉપર આકાશમાં કેટલીય સમડીઓ ઘૂમરાઈ રહી હતી અને અવારનવાર તરાપ મારીને એકએક કરીને આ સોપોલિયાંને ઉપાડી જતી હતી. મેઘના ઊંચે નજર કરીને આ ઊડતી સમડીઓ તરફ તાકી રહી. એને બીક હતી કે એ સમડીની પકડમાંથી છટકીને એકાદ સાપોલિયું એના માથા પર તો નહીં આવી પડે ને!

'આટલા બધા સાપ?' ધીમે ચાલતાં નજીક આવી ગયેલાં શાલિની તથા અર્પણાંની સામે જોતાં મેઘના ભયમિશ્રિત આશ્ચર્યથી બોલી ઊઠી.

'આ તો હજુ ઓછાં છે. ઘણી વખત તો ગમે તેટલી કાળજી રાખીએ તોય દરિયા સુધી પહોંચતાંમાં એકાદ બે તો પગ નીચે આવી જ જાય, એટલાં બધાં પડ્યાં હોય છે રેતીમાં.' શાલિનીએ કહ્યું.

'પડ્યાં હોય છે એટલે? ક્યાંથી આવે છે એ બધાં?'

'ક્યાંથી તે દરિયામાંથી. જો પેલા માછીઓ માંછલાં પકડે છે તેમની જાળમાં માંછલાંની સાથે આ સાપ પણ જાળમાં ફસાઈ જાય છે ને માછીમારો તેમને પકડીને અહીં રેતીમાં ફેંકે છે મરવા માટે. એમના મનમાં એમ કે એટલા ઓછા થાય તો જાળમાં ઓછા ફસાય. પણ દરિયામાં કેટલા બધા છે એની એમને ક્યાં ખબર હોય છે?'

'તે એમને સાપ કરડતા નહીં હોય!'

'જો કરડતા હોત તો માછીઓ એમને હાથ પણ લગાડતા હોત? ને આમ નિશ્ચિંત રહી માછલાં પકડતા હોત ખરા?'

'હું તો એવી ગભરાઈ ગઈ હતી કે ...'

'હું પણ એવી જ ગભરાઈ ગઈ હતી પણ મેઘનાએ પહેલાં સાપ જોયા ને એણે જે ગભરાટ બતાવ્યો એ જોતાં મારો અડધો ગભરાટ તો એમ જ ઓસરી ગયો.'

'હું તો એવી ગભરાઈ ગઈ હતી કે શાલિનીના હાથની પકડ છોડાવીને ભાગવા જ માંડી.' મેઘનાનો ગભરાટ હજુ ઓછો થયો ન હતો.

'તે તારેય વળગી પડવું હતું ને મારે ગળે. જો કે કાયદો તો એક પત્નીત્વનો છે.' શાલિની હસતાં બોલી.

'તને આવી ગંદી મઝાક કરવા સિવાય બીજું કશું સૂઝે છે ખરું?' મેઘના શરમાતાં બોલી.

'મને લાગે છે કે એ જે બોલે છે એ બધું વિચારવામાં એણે કેટલીય રાતોના ઉજાગરા કર્યા હશે.'

'વહાલી સખી, કેટલાંક માણસો અરિસા જેવાં હોય છે. તને એમાં તારું જ પ્રતિબિંબ દેખાતું હશે.'

'તે તારા અરિસામાં કદી કોઈ જુવાનિયો મોં જોવા આવે છે ખરો?' મેઘનાએ એની ઉડાવી.

'વહાલી સખી, અરિસો જો દાંતિયાં કરતો હોય તો કોઈ એમાં પોતનું મોં જોવા આવે ખરું?' અર્પણાએ પણ એને ઉડાવી.

'હા, કેલાંકને દાંતિયાં કરવા કરતાં બૂચકારા કરવાની ટેવ

હોય છે એની મને ખબર છે.’ શાલિની બોલી ને અર્પણા શરમાઈ રહી.

થોડી વાર પછી બધાં શાંત પડ્યાં એટલે શાલિની બોલીઃ ‘ચાલો હવે શું કરીશું? હજુ તો બે પણ નથી વાગ્યા ને મોટાભાઈ તો ચાર વાગ્યાનું કહીને ગયા છે. એમનું ભલું પૂછવું ચારના છય વાગી જાય.’

‘દરિયા તરફ નથી જવું. ચાલો લંગર પર બેસીને તડાકા મારીશું.’ મેઘના બોલી ઊઠી.

‘ભલે ચાલો.’ કહેતાં શાલિની આગળ થઈ. ત્યાં એક કાર આવી ને ઊભી રહ્યાનો અવાજ આવ્યો. બધાં ઉતાવળથી ચાલ્યાં, એમને થયું કે જીતુભાઈ વહેલા આવી ગયા કે શું? પણ એ કાર હતી, જીપ ન હતી.

કારમાંથી એક યુવતી અને બે યુવાન ઊતરીને ટોળટપ્પાં કરતાં સામેથી આવી રહ્યાં હતાં. એમને જોતાં જ શાલિનીના પગને જાણે બ્રેક વાગી ગઈ. અર્પણા ને મેઘના તેની પાછળ જ ચાલતાં હતાં એટલે અર્પણા તો તેને અથડાઈ જ પડી. સામેથી આવનારાં એમની વાતોમાં મગ્ન હતાં ને હજુ અંતર પણ ઘણું હતું એટલે એમની નજર આ ત્રિપુટી પર પડી હોય એમ લાગતું ન હતું.

શાલિની જમણા હાથ તરફ ફંટાઈ ગઈ. મેઘના ને અર્પણા તો એને પગલે જ ચાલી રહ્યાં હતાં. એમને શાલિનીની આ બદલાયેલી દિશાનો ખ્યાલ પણ ન આવ્યો. વળી એ લોકો હજુ સાપની બીકમાં પગલે પગલું જોઈને ચાલતાં હતાં એટલે એમને એ ખ્યાલ આવવો પણ મુશ્કેલ હતો.

લંગર પાસે જઈ બધાં બેઠાં એટલે અર્પણા બોલીઃ ‘જીતુભાઈ આટલા વહેલા નહોતા જ આવવાના એ જાણ્યા છતાં એમને બદલે બીજી કાર આવ્યાથી શાલિની કેટલી નિરાશ થઈ ગઈ.’

‘હું મોટાભાઈના ના આવ્યાથી નિરાશ થઈ જ નથી. વાસ્તવમાં હું નિરાશ થઈ જ નથી. હું એ વિચારમાં હતી કે તમારા જેવી બીકણ બિલાડીઓને કારણે દરિયાની છાલકોને બદલે અહીં તપતા પથ્થર પર બેલવાનો વખત આવ્યો.’

'એક રીતે નહીં તો બીજી રીતેય તું નિરાશ તો થઈ જ એમ ને!' શાલિની આવા સવાલનો જવાબ ન આપે એ સંભવિત જ ન હતું છતાં એ આજે ચૂપ જ રહી ને એ ન માનતી હોય એમ પેલી બે એની સામે તાકી જ રહી.

અલબત્ત શાલિનીના વર્તનમાં આ ફેરફાર થયાનું કશુંક તો કારણ બન્યું હતું પણ એની કલ્પના પેલી બેયને ન હતી. પેલાં ત્રણ જણાં જે હમણાં કારમાંથી ઊતરીને દરિયા તરફ ગયાં હતાં તેમાંનો એક કિશોર હતો. શાલિની એ બાબતથી ચિંતિત હતી કે એની માન્યતા મુજબ એના જીવનમાં કોઈ પણ ઘટના અણચિંતવી બને તો એ એક યા બીજે સ્વરૂપે ફરીથી બને જ છે.

કોઈને આવી વાત કરી હોય તો કોઈ એ માને પણ નહીં પણ આવી બેવડાતી ઘટનાઓમાં શાલિની બહુ માનતી હતી. એણે આવું ઘણી વખત અનુભવ્યું પણ હતું. હજુ ગઈ કાલે જ એણે મેઘનાને એની ને કિશોર મહેતાની વાત કરી હતી ને આજે કિશોરનું આમ સામે આવવું એની એ વાતની પુષ્ટિ કરતું હતું.

જો કે પેલી યુવતી ને સાથેના યુવાન સાથે એ વાતોમાં એટલો તલ્લિન થઈ ગયેલો હતો કે તેણે શાલિનીની અહીં હાજરીની નોંધ લીધી ન હતી. તો કિશોરને દીઠે ન ઓળખતી મેઘના કે અર્પણાને પણ આથી જ કશી શંકા નહોતી આવી ને!

'ચાલો. રેતીના પટમાં બેસીએ.' અર્પણાએ કહ્યું.

'ચાલો, અહીં બેસી રહેવાથી કાઈ મોટાભાઈ વહેલા નથી આવી જવાના.' મેઘનાએ પણ એમાં સૂર પુરાવ્યો.

'નથી જવું ક્યાંય, તું પેલા સાપ ભૂલી ગઈ!' શાલિનીનું આમ બોલવું બેયને સાવ વેવલું લાગ્યા વગર ન રહ્યું. મેઘના કે અર્પણા જ્યારે સામે ચાલીને રેતીમાં જવા તૈયાર થતાં હોય ત્યારે એમનો ડર ભગાડવા માટેય શાલિની આગળ થાય જ. છતાં અત્યારે એ એમને પાછાં પાડવા પ્રયત્ન કરતી હતી. આ એના સ્વભાવની વિરુધ્ધ હતું એટલું તો પેલી બેયને સમજાયું જ.

'તું કહેતી હતી તેમ એ બાજુ માછીઓ માંછલાં પકડતા નથી એટલે ત્યાં સાપ નહીં હોય. સાપને તો માછીઓ બહાર ફેંકે છે. સાપ જાતે તો રેતીમાં શેકાવા બહાર નહીં જ આવતા હોય ને!'

અર્પણાએ કહ્યું.

'તું ધારે છે એમ કદાચ ન પણ હોય. સાપ જાતે જ રેતીમાં નહીં જ આવતા હોય એમ તું શા ઉપરથી કહે છે?' શાલિનીએ ખોખળી દલીલ કરી.

'ઘણી વખત હું જે માનું છું એ સાચું પણ હોય છે. અને હું માનું છું કે પેલાં ત્રણ જણ કારમાંથી ઊતરીને ગયાં તે પછી જ તારો મૂડ બદલાયો છે બોલ, સાચું ને! મને તો એમ પણ લાગ્યું કે એમાંના કોઈકે તારા હાસ્યને દિલગીરીમાં ફેરવી નાખ્યું છે.'

'Will ypu please shut up?'

'Your anger speaks it self, Mem.' મેઘનાએ કહ્યું. એણે ભલે કિશોરને ઓળખ્યો ન હતો પણ ગઈ કાલની એની વાતો અને આજની એની વર્તણુંક પરથી એણે અનુમાન લગાવ્યું હતું.

હવે તો અર્પણા પણ તેની સાથે જોડાઈ: 'મને ખબર છે કે તારા જીવનમાં કોઈક પગલાં પાડી ગયું છે. તે પેલા ત્રણમાંથી કોઈ ન હતું ને!'

'તો હું એમ કહેતી હતી કે એમાંનો કોઈ કિશોર કે એનો કોઈ દોસ્તદાર તો ન હતો ને!' મેઘનાએ કહેવા કર્યું.

'ઓહ મેઘના, પ્લીઝ.' શાલિનીથી એટલું જ બોલાયું.

'તો ચાલ, પેલી તરફ રેતીમાં જઈને બેસીએ.' કહેતાં મેઘનાએ એનો હાથ ઝાલીને એને પરાણે ઊભી કરી.

'આમ રસ્તા સામે જ તાકીને બેસવું હોય તો પછી સુરત જ શું ખોટું હતું?' અર્પણાએ કહ્યું ને શાલિની જાણે પરાણે દોરાતી હોય એમ એમની સાથે ચાલવા માંડી.

'તમારે રેતીમાં બેસવું હોય તોય છૂટ ને દરિયામાં ડૂબકી મારવી હોય તોય છૂટ, પણ મને શા માટે હેરાન કરો છો? મને અહીં જ બેસી રહેવા દો ને.' ચારપાંચ ડગલાં ચાલ્યા પછી શાલિની અકળાઈને બોલી પડી. તેની ચિઢની જરાય પરવા કર્યા સિવાય પેલી બેચે એને પાતાની સાથે ખેંચવી ચાલુ જ રાખી.

છેવટે બધાં ચોખ્ખી રેતીમાં ગોઠવાયાં. તેમની પાછળ

પથ્થર પર કોઈ વેલ ચઢી હતી ને સામે નમતો સૂરજ દરિયાનાં પાણી સાથે સંતાકૂકડી રમતો નીરને ચમકાવતો હતો. પવનના વેગમાં વધારો થયો હતો એટલે દરિયામાં પહેલાંના કરતાં વધારે મોટાં મોજાં ઉછળવા લાગ્યાં હતાં.

તોય શાલિનીનું મૌન ન જ તૂટ્યું. એટલે આકળા લાગતા મૌનને હળવું કરવા જ હોય એમ મેઘના ને અર્પણાએ પાછી શબ્દરમત શરૂ કરી: ‘લગ્નની વાતથી લોકો ગંભીર બની જાય છે એવું તો સાંભળ્યું હતું અને અનુભવ્યુંય હતું પણ પ્રેમની વાતોથીય આવી ગંભીરતા આવી જાય છે એ તો આજે જ જાણ્યું.’ અર્પણાએ કહ્યું.

‘જૂના પોપડા ઉખેડવાથી તું આટલી ગંભીર ન જ બને.’ મેઘનાએ ચોખ્ખું કહી શાલિનીના મૌનને તોડવાનો પ્રયત્ન કર્યો.

‘એનામાં કોઈક સીક્રેટ છૂપાયું છે એમ મને લાગે છે.’ અર્પણાને માટે શાલિનીનો ભૂતકાળ અજાણ્યો હતો.

‘Every coin has two sides.’

‘તમારાથી ચૂપ રહેવાશે કે પછી હું અહીંથી ઊઠીને ચાલવા માંડું?’ કહેતાં શાલિની ઊભી થઈ ગઈ. તેની સાથે મેઘના ને અર્પણા પણ ઊભાં થઈ ગયાં.

‘આજે વાતાવરણ આટલું ગરમ કેમ છે એ જ મને સમજાતું નથી.’ મેઘના જાણે આજે ગંભીર થવા જ માગતી ન હતી.

‘જ્વળામુખી ફાટે તે પહેલાં ગરમી આટલી હદે વધી જાય છે એવું મેં ક્યાંક વાંચ્યું હતું ખરૂં.’ અર્પણાય મેઘના સાથે જોડાઈ ગઈ.

‘ને એ જ્વાળામુખી ફાટે તે પહેલાં દૂર ભાગી જવાની તમને ઇચ્છા નથી થતી?’ પોતાની હંમેશની ટોળભરી શૈલીમાં બોલવાનો પ્રયત્ન કરવા છતાં શાલિનીના મોં પર ગંભીરતા છવાએલી જ રહી.

‘પ્લીઝ.’ પાછળથી એક પુરુષકંઠ સંભળાયો. ને ત્રણેયે ચમકીને પાછળ જોયું. આ ઘડીયાળ તામારામાંનાં કોઈનું છે? મને

એ લંગર પાસેથી મળ્યું.' કહેતાં તેની નજર શાલિની પર પડી ને એનું આગળનું બોલવાનું થંભી ગયું. એ શાલિનીની સામે તાકતો જ રહી ગયો.

શાલિનીએ તેની સામે જોયું, પેલા ઘડિયાળ તરફ જોયું ને પછી પોતાના કાંડા તરફ. એ ઘડિયાળ એનું જ હતું. અર્પણા ને મેઘના સાથેની ખેંચતાણમાં એના કાંડા પરથી એ નીકળી ગયું હોય એમ એને લાગ્યું.

એણે સમડીની જેમ તરાપ મારીને આવનારના હાથમાંથી ઘડિયાળ લઈ લીધું ને જાણે કાંઈ જ ન બન્યું હોય એમ એ લંગર તરફ ચાલવા માંડી.

મેઘના તેની આવી વર્તણૂંક જીરવી ન શકી: 'શું કરે છે તું? કોઈની સાથે આવી રીતે વર્તાય? તેનો આભાર માનવા જેટલોય શિષ્ટાચાર તારાથી થતો નથી?' તેણે શાલિનીના કાનમાં કહ્યું.

'મારે શું કરવું એની મને ખબર છે. તને જો બહુ લાગતું હોય તો જા ને તું એનો આભાર માની આવ.' શાલિનીની ચિઢ છતી થઈ ગઈ. પેલો માણસ હજુ એમ જ ઊભો હતો.

'માફ કરજો પણ મારી એ સખી વધારે પડતી શરમાળ અને ઓછાબોલી છે.' મેઘના પેલાની પાસે જતાં બોલી.

'એમ!' કહેતાં શાલિની તરફ એક અછડતી નજર નાંખતો એ બેફિરાઈથી ખભા હલાવતો બે ડગલાં ચાલ્યો પછી જરા થંભીને બોલ્યો: 'એમ જ લાગે છે છતાં જો તમારી એ સખીનું ઓછાબોલું સાંજ પહેલાં ઓછું થાય તો અમે સામે રેતીમાં બેઠાં છીએ એમ એમને કહેજો.' કહેતાં એ ચાલતો થયો. મેઘનાની નજરે એનું માર્મિક હાસ્ય પડ્યા વગર ન રહ્યું.

મેઘના શાલિની પાસે પહોંચતાં બોલી: 'હું જો ભૂતપ્રેતમાં માનતી હોત તો જરૂર વહેમ ખાત કે તને આજે ભૂત વળગ્યું હશે પણ—'ને આગળ બોલતાં એ અટકી ગઈ. અર્પણા પણ શાલિનીની પાછળ ખેચાતી ચાલતી હતી એનુંય ત્યારે જ ધ્યાન ગયું કે શાલિની રડતી હતી.

'સોરી શાલિની, અમે તને પજવવા કે રડાવવા આમ નહોતાં કરતાં. અમે તો તને પાછી તારા કાયમના મૂડમાં લાવવા

તને ઉડાવતાં હતાં.' મેઘના બોલી ઊઠી ને પછી બધાં મૂંગેમૂંગાં જ ચાલવા માંડ્યાં.

એ થોડું જ ચાલ્યાં હશે ત્યાં કારમાંથી પાણીનો કુંજો ને પ્યાલો લઈને પેલો યુવાન સામો આવ્યો. ખોવાએલું કાંઈક શોધતી હોય તેમ નીચું જોઈને ચાલતી શાલિનીની સામે આવીને એ ઊભો રહી ગયો ત્યારે જ શાલિનીને એની હાજરીની જણ થઈ. તે ચમકીને ઊભી રહી ગઈ. જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ પેલા યુવાને કુંજામાંથી પાણીનો પ્યાલો ભરીને શાલિનીની સામે ધર્યો.

'મુડદાને પાણીની જરૂર નથી પડતી, કિશોર.' શાલિની બોલી. ને ત્યારે જ પેલી બેય બેનપણીઓને ખબર પડી કે એ યુવાન બીજો કોઈ નહીં પણ શાલિનીનો એક વખતનો પ્રેમી કિશોર મહેતા હતો. શાલિની બે હાથમાં મોં છુપાવી લંગર તરફ દોડવા માંડી. અર્પણા તેની પાછળ તેને પકડવા દોડી.

'તો તમે જ કિશોર મહેતા છો એમ ને!'

'હા તમે મને નામથી જાણતાં લાગો છો.'

'શાલિનીએ ગઈ કાલે જ મને તમારે વિશે વાત કરી હતી.'

'મને લાગે છે કે તે મારા પર વધરે પડતી ગુસ્સે થઈ છે.'

'તમને નથી લાગતું કે તેને તેમ કરવા માટે પૂરતાં કારણો છે? બાકી તેનો સ્વભાવ સારો છે.'

'એટલે હું એને જરાય ઓળખતો નથી એમ તમે માનતાં હો એવું લાગે છે.'

'ઓહ, સોરી.'

'મને લાગે છે કે તમે એના ગુસ્સાનું કારણ પણ જાણતાં હશો.'

'ચોક્કસ તો નહીં પણ એણે મને એ અંગે થોડીગણી વાત કરી છે ખરી.'

'જરા શાંતિથી વિચારી જોજો કે એણે મને સમજવામાં ભૂલ કરી છે કે મેં એને ઓળખવામાં ભૂલ કરી છે?'

'કે પછી કોઈએ ભૂલ ન કરી હોય ને બેય પોતાની અકડાઈનાં શિકાર બની ગયાં હોય.'

'મને લાગે છે કે આપણે ફરી ક્યારેક શાંતિથી મળવું જોઈએ. મારે તમને બધી વાત વિગતે કહેવી છે. પછી તમે જ કહેજો કે કોણે કોને ગુસ્સે થવાનું કારણ આપ્યું છે!'

'ખરી જરૂર તો તમારે અને શાલિનીએ મળવાની છે એમ તમને નથી લાગતું?'

'તમે જોયું નહીં, એ તો મારી સાથે વાત કરવાય તૈયાર નથી. તો કાલે કૉલેજ છૂટ્યા પછી ચોપાટી પર થોભું? સોરી હું તમારું નામ પૂછવાનુંય ભૂલી ગયો.'

'મારું નામ મેઘના. તમને મળવામાં મને કશો વાંધો નથી પણ મને લાગે છે કે તમે અત્યારે જ શલિની સાથે વાત કરી લો તો વધારે સારું.' મેઘનાએ એ જ વાત ફરીથી દોહરાવી.

'આજે વાત નહીં બને. હું એને ઓળખું છું. એ શરમાળ અને ઓછું બોલવાવાળી છે એટલે.' કિશોરે મજાક કરી.

'મેં સોરી કહી દીધું ને! શાલિનીની તોછડાઈ ઢાંકવા મારે એવું બોલવું પડેલું.'

'તમે સારાં બેનપણી છો. તો કાલે ચોક્કસ મળીએ છીએ.' કહેતાં એ એનાં સાથીદાર બેઠાં હતાં એ તરફ ચાલ્યો.

મેઘના લંગર પાસે ગઈ એટલે શાલિનીએ પૂછ્યું: 'શાના તડાકા મારતી હતી એની સાથે?'

'પ્રેમના સ્તો.'

'પ્રેમના?'

'હા, પ્રેમના. તને એમાં કશો વાંધો છે?'

'વાંધો મારે તો શું હોય પણ પ્રણવ જાણે તો!'

'તારા ને કિશોરના પ્રેમની વાતોમાં એને શો વાંધો હોવાનો!'

'મારા નહીં પણ હું તારા પ્રેમની વાત કરું છુ.'

‘તે હુંય તારા જ પ્રેમની વાત કરતી હતી એની સાથે.’ મેઘનાએ ખભા ઝુલાવતાં કહ્યું ને શાલિનીનું મોં ગોળાઈ પકડવા લાગ્યું.

‘તને બધી મજાક લાગે છે પણ મારી પરિસ્થિતિનો તને અંદાજ હોત તો તું આવી મશ્કરી ન કરત.’ કહેતાં શાલિની લગભગ રડી જ પડી.

‘તારી આવી પરિસ્થિતિનો અંદાજ મેળવવા તો મેં એની સાથે કાલે મુલાકાત ગોઠવી છે.’

ને શાલિની આશ્ચર્યથી ચીસ પાડી ઊઠીઃ ‘શું...?’

‘એ મારી પ્રાઈવેટ મેટર છે. તારે એમાં ચિંતા કરવાની જરૂર નથી. સાંજે આવીને તને કાંઈ કહેવા જેવું હશે તો જરૂર કહીશ.’ મેઘનાએ કહ્યું ને અર્પણાય મલકાઈ રહી.

# ૯. અકસ્માત

રેતીમા એક શેતરંજી પાથરીને એ ત્રણેય જણાં બેઠાં હતાં. સપના, નિરજ અને કિશોર. સપના ને નિરજ મુંબઈગરાં હતાં. મૂળ તો એમનાં વડીલો સુરતનાં પણ વર્ષો પહેલાં મુંબઈ કમાવા ગયેલાં ને ઘણા વખતથી એ જાણે સુરતનેય ભૂલી ગયેલાં છતાં નાતમાં કોઈને સારે માઠે પ્રસંગે હાજરી આપવા આવતાંજતાં રહેલાં.

એમનાં આ બે છોકરાં તો મુંબઈની જ ઉપજ. એમને તો સુરત પોતાનું ગામ છે એટલું જ યાદ હતું. ન તો એ સુરતમાં કોઈને જાણતાં હતાં કે ન તો કોઈ એમને જાણતું હતું.

કિશોર નિરજનો દોસ્ત હતો ને છેલ્લા એક વર્ષથી એણે મુબઈમાં નોકરી મેળવી લીધી હતી ત્યારથી એણે સુરત છોડ્યું હતું. મુંબઈમાં ગયાથી એની નિરજ સાથેની દોસ્તી ગાઢ થઈ હતી. એ ત્રણેય એક દોસ્તના લગ્નમાં મુંબઈથી સુરત આવ્યાં હતાં ને એમાંથી સમય કાઢીને ડુમ્મસની સહેલ કરવા નીકળી પડ્યાં હતાં.

‘અવાજ નહીં કિશોર આજે ગંભીર છે.’ નિરજે એને ગંભીર જોઈ મૂડમાં લાવવા કહ્યું.

‘કાંઈક થયું જરૂર છે. સુરતથી નીકળ્યાં ત્યારે એ આવો ગંભીર ન હતો.’ સપનાએ પણ પતિની વાતમાં સૂર પુરાવ્યો.

‘કે પછી પેલીએ કાંઈ કહ્યું?’

‘કોણે?’ વિચારતંદ્રામાંથી જાગતાં કિશોર બોલી ઊઠ્યો.

‘કોણે તે વળી તું હમણાં જેની સાથે વાત કરતો હતો એણે.’

‘કોઈને માટે એમ વિચારવું યોગ્ય નથી. એ તો એની બેનપણી હતી.’ પોતે શું બોલે છે એના ભાન વગર કિશોરથી બોલાઈ ગયું. એ હજુ શાલિનીના વિચારોમાં જ ગૂંથાયેલો હતો.

‘કોની બેનપણી?’ પેલાં બેય એક સાથે બોલી ઊઠ્યાં.

ને કાંઈક કાચું કપાયાનો વહેમ પડતાં કિશોર સાવધ થઈ ગયો. 'કોની તે એની બેનપણીની સ્તો. ખરાં છો તમે!' એણે કહ્યું.

'હં તો પછી એની બેનપણીનું શું?'

'શું?'

'ચાલો, આપણે જરા સ્પષ્ટતા કરી લઈએ. એની એ બેનપણીનું નામ શું છે?' સપનાએ સીધું જ પૂછ્યું.

'એની મને શી ખબર? એને જ જઈને પૂછો ને.'

'કેમ, તમે હમણાં કહ્યું કે એ તો એની બેનપણી હતી. તો હવે એ કહો કે કોની?'

'હં, એ તો હતી નહીં પણ છે જ. જેનું ઘડિયાળ હું આપવા ગયો હતો એની એ બેનપણી છે, સમજ્યાં?'

'તો એ ઘડિયાળવાળી યુવતી નથી પણ એની બેનપણી છે એટલે જ ભાઈ સાહેબ આટલા ઉદાસ છે, એમ ને!' કહી સપનાએ હાથમાંની ચોપડી ખોલી એમાંથી વાંચતી હોય એમ ઉમેર્યું:

**'પૂછ મા તારા વિના કેવા અમારા હાલ છે,**
**આંસુઓ છે આંખમાં ને હાથમાં રૂમાલ છે.**

શેખાદમે જાણે તમારે માટે જ આ કહ્યું છે.'

'શાલિનીબેન?' દોડતા આવેલા ને હાંફતા એક માણસે આવીને સપનાને શાલિની સમજીને કહ્યું. ને કિશોરે નકારમાં માથું ધૂણાવ્યું છતાં પેલાએ વળી પૂછ્યું 'તમે શાલિનીબેન નથી? મારે એમનું કામ છે.'

'ના' સપનાને બદલે કિશોરે જવાબ આપતાં કહ્યું: 'શાલિની ત્યાં છે. પેલી લીલી સાડીવાળી.' ને એણે પેલા દૂર બેઠેલા ટોળા તરફ નિર્દેશ કર્યો.

'હં, તો આ શાલિની કોણ છે?'

'પેલી ઘડિયાળવાળી છોકરી.'

'ઓહ, વાત સમજાઈ ગઈ. એ છોકરીએ ભાઈ સાહેબને પોતાનું નામ તો આપ્યું છે પણ સરનામું નથી આપ્યું એટલે એ

ઉદાસ છે.'

'ને કદાચ આપ્યું પણ હોય તો એમણે આપણને એ જણાવવું જરૂરી છે?'

'એણે જો સરનામું આપ્યું હોય તો કિશોરના મોં પર આમ હવાઈઓ ન ઊડતી હોત.' નિરજે કહ્યું. પણ કિશોરે કોઈ જવાબ ન આપ્યો એટલે વાત અટકી.

સપનાએ શેખાદમના 'અજંપો'નાં પાનાં ફેરવવા માંડ્યાં ને નિરજે હેન્ડ બેગનું ઓશિકું કરીને શેતરંજી પર લંબાવી દીધું. કિશોર દરિયાનાં મોજાં પર સંતાકૂકડી રમતાં સૂરજનાં કિરણોનીય પેલે પાર નજરો માંડીને ભૂતકાળનાં પાનાં ઉથલાવી રહ્યો.

ત્યાં કોઈનો ગભરાયેલો અવાજ આવ્યોઃ 'કિશોર, જીતુભાઈને અક્સિડેન્ટ થયો છે ને એમને હૉસ્પિટલમાં લઈ ગયા છે. મારે તાત્કાલીક સુરત પહોંચવું પડે તેમ છે.'

કિશોર તંદ્રાવસ્થામાંથી ઝબક્યો. અવાજ આટલા સમય પછી પણ અજાણ્યો ન હતો. સપના પણ કશા ખચકાટ વગર કિશોરને માટે વપરાયેલા એકવચન ને એક્સિડેન્ટ જેવા ડરામણા શબ્દોથી સચેત થઈ ગઈ. તેણે નિરજને જગાડ્યોઃ 'નિરજ જો આ બેનના ભાઈને એક્સિડેન્ટ થયો છે ને એમને તાત્કાલીક સુરત જવું પડે તેમ છે.'

'ચાલો તમે બેય બેસો. હુ એમને સુરત ઉતારીને પાછો આવું છું. તમે અહીં રોકાઓ.' કહેતાં કિશોર ઊભો થઈ ગયો.

'એના કરતાં આપણે બધાં જ સાથે જઈએ. તારે સુરત જઈને પાછા આવતાં લગભગ બે કલાક તો થાય જ. તું પાછો આવે ત્યારે જવાનો સમય થયો હોય. શા માટે બે ફેરા કરવા? નિરજ બોલી ઊઠ્યો. ને ઝડપથી બધું સમેટી લઈ બધાં શાલિની સાથે કાર તરફ ચાલવા માંડ્યાં. મેઘના ને અર્પણા તો કાર પાસે પહોંચી જ ગયાં હતાં.

'શું થયું? શાનો અકસ્માત થયો?' શાલિનીની સાથે ચાલતાં કિશોરે પૂછ્યું.

'અમે બધાં સાથે આવ્યાં હતાં. જીતુભાઈ અમને ઉતારીને

એમની કંપનીના કામે ગયા હતા. પાછા આવતાં એમની કારને એક્સિડન્ટ થયો છે એમ ને એમને હૉસ્પિટલમાં લઈ ગયા છે એટલી જ ખબર પડી છે.' શાલિનીએ કહ્યું.

વાતાવરણ ખામોશ થઈ ગયું હતું. શાલિની એટલી તો ગમગીન લાગતી હતી કે મેઘનાને લાગતું હતું કે એ રડી જ પડશે. 'શાલિની ભગવાન પર ભરોંસો રાખ. સૌ સારાં વાનાં થશે. મેઘના તેને સાંત્વન આપી રહી.

◇

કાર આવીને સિવિલ હૉસ્પિટલના કંપાઉન્ડમાં થોભી ત્યારે જીતુભાઈનો પટાવાળો જાણે તેમની જ રાહ જોતો ઊભો હતો.

'જીતુભાઈ ક્યાં છે?' શાલિનીએ બેબાકળાં થઈ જતાં એને પૂછ્યું.

ઑપરેશન થિયેટરમાં લઈ ગયા છે. એમને પગે વધારે વાગ્યું છે.' પેલાએ કહ્યું અને શાલિનીના મોં પરથી જાણે નૂર જ ઊડી ગયું. બધાં ઑપરેશન થિયેટર પાસે પહોંચ્યાં ત્યાં સામે જ બા આંસુ લૂછતાં બેઠાં હતાં.

એમને જોતાં શાલિનીની આંખો છલકાઈ ઊઠી ને તેને આશ્વાસન આપતાં બાની  આંખો પણ પાછી છલકાઈ ઊઠી. મેઘનાય કોને કેમ કરીને દિલાસો આપવો એની દ્વિધામાં અટવાઈ ગઈ. છેવટે એણે શાલિનીને ખભે હાથ મૂકીને કહ્યું: 'તું જ જો આમ કરે તો કેમ ચાલે! તારે મન મક્કમ રાખવું જોઈએ ને બાને હિંમત આપવી જોઈએ.'

ત્યાં એક નર્સ ઑપરેશન થિયેટરની બહાર નીકળી. મેઘનાએ તેને રોકી જીતુભાઈની હાલત અંગે પૂછ્યું. નર્સ કહે: 'ઑપરેશન થઈ ગયું છે. ચિંતા કરવા જેવું નથી. પગે ફ્રેક્ચર થયું છે. કદાચ લોહી આપવું પડશે તોય સ્ટોકમાં છે.' ને બધાંના દિલમાં હશ થઈ.

અડધા કલાક પછી જ્યારે જીતુભાઈને વૉર્ડમાં લાવવામાં આવ્યા ત્યારે બધાંને ખબર પડી કે પગ સિવાય હાથમાં અને ગાલ પર પણ નાની મોટી ઈજાઓ થયેલી હતી અને ત્યાં પણ પાટાપીંડી કરવામાં આવી હતી. કિશોરે શાલિનીને કહ્યું: 'હું જાઉં

હવે. મારે લીધે પેલાં બેય રોકાઈ રહ્યાં છે.'

'તારે એમની સાથે જવું જ પડે એમ ન હોય તો તું થોડો સમય રોકાઈ જા. કદાચ જરૂર પડે.' શાલિનીએ કહ્યું. તે હવે થોડી વધારે સ્વસ્થ લાગતી હતી.

ને કિશોર રોકાઈ ગયો. ને પેલાં બેય કાર લઈને ગયાં.

'મેઘના, તું અને બા ઘેર જાવ અને ખાવાની વ્યવસ્થા કરો. અર્પણા તું પણ એમની સાથે જ જા. જીતુભાઈ ભાનમાં આવશે પછી અમે જમી આવીશું અથવા તે અમારું ખાવાનું અહીં લેતાં આવજો.' સંપૂર્ણ સ્વસ્થ થયાની એંધાણી સાથે શાલિનીએ વ્યવસ્થા ગોઠવવા માંડી.

ને કમને બધાં ઘેર જવા નીકળ્યાં. ડૉક્ટરના કહેવા પરથી લાગતું હતું કે જીતુભાઈને ભાનમાં આવતાં બીજા ત્રણ કલાક લાગવાના હતા. અત્યારે એમની સ્થિતિ બરાબર હતી. પણ ભાનમાં આવતાં તપાસ કરીને જો જરૂર જણાય તે એમને લોહી આપવાનું હતું.

બહાર અંધારાં ઘેરાવા માંડ્યાં હતાં. બહાર ઠંડીનો ચમકારો વર્તાતો હશે એમ લાગતું હતું. હૉસ્પિટલમાંય એ ઠંડીનો આછો ચમકારો વર્તાતો હતો. શાલિનીએ વિચાર્યું કે ઘેરથી આવતાં કશું ઓઢવાનું લેતાં આવવાનું કોઈને કહેવું પડશે અથવા પોતે ઘેર ખાવા જઈને પાછાં આવતાં લઈ આવવું પડશે.

'કિશોર, તું એમની સાથે જ ઘેર ગયો હોત તો?'

'કેમ?'

'ખાવા. અહીં આ ધમાલમાં ફાવે નહીં ને!'

'એ બધાં આવશે પછી આપણે ઘેર જઈને જમી આવીશું.'

'મારે તો આજે ખાવું નથી.'

'કેમ? જીતુભાઈ હૉસ્પિટલમાં છે એટલે? એમને સાજા થતાં તો હજુ મહિને લાગશે. ત્યાં સુધી કાંઈ ખાધા સિવાય ચાલશે?'

'ના, મારે આજે ખાવું નથી. હું કાંઈ આખો મહિને ભૂખ્યાં રહેવાનું નથી કહેતી.'

‘તો પછી આજે કેમ ખાવું નથી? મારી સાથે ખાવું પડે છે એટલે?’ કિશોરે તેને ઉશ્કેરીને ખાવા માટે સંમત કરવા કહ્યું.

‘તું એમ ઊંધો અર્થ ન લે મારા કહેવાનો.’

‘મને યાદ નથી કે તું મારી સાથે કદી સીધા અર્થવાળું બોલી હોય.’

‘આજે હું એ અંગે વિવાદ કરવાના મૂડમાં નથી.’

‘કાંઈ વાંધો નહીં. હું હજુ ચારેક દિવસ સુરતમાં રહેવાનો છુ. ત્યાં સુધીમાં જીતુભાઈની તબિયત સુધરી જશે ને તારો મૂડ પણ. આ મેઘના કોણ છે?’

‘કેમ પૂછવું પડ્યું?’

‘એને બાપડીને નિરાશ કરવી પડશે.’

‘કેમ?’

‘આવતીકાલે એને ચોપાટી પર મળવાનો વાયદો કર્યો હતો એટલે.’

‘તે જજે ને! તને કોણ બાંધી રાખે છે?’

‘જે કામ માટે એને મળવાનું ગોઠવ્યું હતું એ કામ અડધું પડધું તો પતી જવા આવ્યું છે ને બાકીના અડધા માટે હજુ ચાર દિવસ પડ્યા છે જોઈએ હવે શું થાય છે.’

ત્યાં નર્સ અંદર આવી. તેણે આ બેને વાતો કરતાં જોયાં ને કહ્યું: ‘તમે આમ વાતો કરીને દર્દીને ડિસ્ટર્બ ન કરો.’

‘પણ સિસ્ટર હજુ દર્દી ભાનમાં જ ક્યાં આવ્યા છે?’ કિશોરે કહ્યું.

‘સિસ્ટર, એ ક્યારે ભાનમાં આવશે?’ શાલિનીએ પૂછ્યું.

‘એકથી બે કલાકમાં એ ભાનમાં આવવા જોઈએ. તમારે જો વાતો જ કરવી હોય તો બહાર બેસીને કરો તો વધારે સારું.’

કિશોર કહે: ‘ચાલો, એમ જ હોય તો બહાર બેસીએ. કિશોરે કહ્યું પણ શાલિનીને વાત કરવાનો મૂડ જ ક્યાં હતો? એ ન ઊઠી એટલે કિશોર પણ પાછો બેસી ગયો.’

થોડીવાર પછી ડૉક્ટરે આવીને તપાસ કરીને કહ્યું: ‘હવે એ ગમે ત્યારે ભાનમાં આવશે. એ ભાનમાં આવે એટલે તમે નર્સને બોલાવીને મને ખબર કરવાનું કહેજો.’

ને પછી બેય એક કલાક સુધી મૂંગાં જ બેસી રહ્યાં.

થોડીવાર પછી મેઘના આવી. તે કોઈને માટે ખાવાનું લાવી ન હતી. તેણે કહ્યું: ‘હવે તમે બેય ઘેર જઈને જમી આવો. બા તમારી રાહ જુએ છે.’

‘પણ મોટાભાઈ હજુ ભાનમાં આવ્યા નથી.’ શાલિનીએ કહેવા કર્યું.

‘તે તું ભૂખી બેસી રહીશ એટલે એ વહેલા ભાનમાં આવી જવાના છે? ને તમે આવો ત્યાં સુધી હું એમની પાસે બેસીશ, પછી તને શો વાંધો છે?’ છતાં શાલિની ઘેર જવા તૈયાર ન જ થઈ. એને લીધે કિશોરને ટીંગાઈ રહેવું પડતું હતું એ જાણવા છતાં એ બેસી જ રહી. પણ જીતુભાઈએ એમને રાહ જોવડાવવા ન માગતા હોય એમ આંખો ખોલી.

ડૉક્ટરે તપાસીને કહ્યું કે જીતુભાઈ હવે સ્વસ્થ હતા ને એમને લોહી આપવાની જરૂર ન હતી એટલે બધાંને રાહત થઈ. જીતુભાઈ પડખું ફેરવવા ગયા તો ડૉક્ટર કહે: ‘બીજી બાજુ ફરવાનો પ્રયત્ન ન કરતા. તમારા પગે ટાંકા તાજા છે એટલે બે દિવસ પછી ટાંકા કાપ્યા પછી પગ પર પ્લાસ્ટર મારીશું પછી તમને પડખું ફેરવવાની તો શું પણ કોઈનો ટેકો લઈને ચાલવાની પણ છૂટ આપીશું.’

આંખો ચારે બાજુ ફેરવીને જીતુભાઈએ ક્ષણમાં પરિસ્થિતિનો તાગ લઈ લીધો ને એમની રમૂજી શૈલીમાં કહ્યું: ‘મને લાગે છે કે મેં કોઈ મોટું પરાક્રમ કર્યું છે. શાલિની મેં પગ સિવાય બીજું કશું ગુમાવ્યું લાગતું નથી.’

‘ભગવાનની દયાથી તમે પગ પણ બચાવી શક્યા છો. તમારે એક મહિનો આરામ કરવો પડશે એટલું જ.’

‘ડૉક્ટર સાહેબ, મારા શેઠ આવે ત્યારે આ વાત ફરીથી કહેજો.’

'તમને એમ લાગે છે કે તમારા શેઠ તમને રજા નહીં આપે?'

'એમ નહીં પણ એ બાપડાનો જીવ ઓછો બળે. એમને સંતોષ થાય કે ચાલો એક મહિનાથી પત્યું. મારા મનમાં તો હતું કે તમે મને છ મહિનાની ઠોકી દેશો. પણ મને લાગે છે કે હું બરાબર જોરથી નહીં અથડાયો હોઉં.'

'તમે એવી ચિંતા કરવાની છોડીને ફક્ત આરામ કરો.'

'ડૉક્ટર સોહેબ, હું ચિંતા નથી કરતો માત્ર રમૂજ કરું છું. મારો શેઠ તો મને છ મહિનાની રજા આપવી પડે તોય ચાલુ પગારે આપે એવો છે.' એ મજાક કરતા હતા પણ એમના મોં પરથી લાગતું હતું કે એમને દર્દ થતું હતું.

ડૉક્ટરે એમને ઘેનનું ઈંજક્શન આપ્યું ને કહ્યું: 'આનાથી તમારું દર્દ પણ ઓછું થશે ને તમને ઊંઘ પણ આવશે. હવે વાતો કરવાની બંધ કરો ને ઊંઘવાની કોશીશ કરો. ને તમે બધાં બહાર જઈને બેસો.'

'તો હું ને કિશોર ઘેર જઈને ખાઈ આવીએ ને ડૉક્ટર પરવાનગી આપે તો તમારે માટે ચા લેતાં આવીએ.' કહેતાં શાલિની કિશોર સાથે બહાર નીકળી. પણ એને ખબર હતી જ કે એ લોકો જ્યારે પાછાં આવશે ત્યારે મોટાભાઈ ઊંઘી ગયેલા જ હશે.

# ૧૦. ગજગ્રાહ

જીતુભાઈ પોતાની વ્યથા જાહેર નહોતા કરતા એનો અર્થ એવો ન હતો કે એમને અકસ્માતની કોઈ વેદના થતી ન હતી. હા, એ વાતની ગંભીરતાને પોતાની ટોળભરી હળવાશમાં લપેટી લેવા એ પ્રયત્ન કરતા હતા. મેઘના ને શાલિનીને આ વાત વર્તાયા સિવાય રહેતી ન હતી એટલે એમનાં મોં પર પણ ઉદાસીની છાયા જણાઈ આવતી હતી.

બીજે દિવસે ડૉક્ટર રાઉન્ડમાં આવ્યા તે પહેલાં શાલિની ઑફિસમાં બેત્રણવાર તપાસ કરી આવી હતી ને ડૉક્ટર કેટલા વાગ્યે આવશે એની પૃછા કરી આવી હતી. મેઘના આખી રાત જીતુભાઈની પથારી પાસેથી ખસી ન હતી.

ડૉક્ટરે આવીને તપાસ કરીને કહ્યું કે ચિંતાની કોઈ વાત ન હતી ને લોહી આપવાની જરૂર પણ ન હતી ત્યારે બધાંને હાશ થઈ.

ડૉક્ટરની આવી વાતથી જો કોઈને સૌથી વધારે આનંદ થયો હોય તો મેઘનાને થયો હતો. આમ કેમ થયું હતું એની તો એને ખુદને ખબર ન હતી પણ એટલું તો ચોક્કસ હતું કે એને જીતુભાઈની ઘણી ચિંતા થતી હતી. ગઈ આખી રાત એણે જીતુભાઈની સેવામાં એણે આંખ પણ મીંચી ન હતી.

એમના પગની ઈજા જો કે ગંભીર ન હતી છતાં વેદના તો થતી જ હતી એવું જીતુભાઈના વર્તન પરથી કોઈક વખત જણાઈ આવતું હતું. ક્યારેક તે સમપૂર્ણ જાગૃતાવસ્થામાં હોય ત્યારે એ હસીને ટોળટપ્પાં કરતા હતા પણ ક્યારેક ઊંઘમાંથી ઝબકીને જાગી જતા ને વેદનાથી ચત્કાર કરી ઊઠતા હતા.

ક્યારેક કહેતા: ‘આના કરતાં આ પગ કાપી જ નાખ્યો હોત તો વધારે સારું થાત.’ પણ પછી મેઘનાને શાલિનીને પાસે બેઠેલી જોતાં ઉમારતા: ‘શાલિની એ ડૉક્ટરને પૂછી જોજે કે આ પગ સસ્તો પડશે કે લાકડાનો? મારો શેઠ હૉસ્પિટલનું બિલ જોઈને ક્યાંક ઝેર

ન ખાય એની જ મને ચિંતા થાય છે.'

ગમે તેમ તોય મેઘનાના મનમાં ક્યારનોય ગજગ્રાહ શરૂ થઈ ગયો હતો. તેમાંય જીતુભાઈની આ પરિસ્થિતિએ એને બધું નવેસરથી વિચારવાનું પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

જીતુભાઈનું શાલિની પ્રત્યેનું વહાલ, વડીલો પ્રત્યેનો તેમનો આદર ને સારાનરસા પ્રત્યેની તેમની મર્દાનગીભરી લાપરવાહી તેને આકર્ષી રહ્યાં હતાં. દુખમાં માણસ સામાન્ય રીતે ચિઢિયો થઈ જતો હોય છે પણ જીતુભાઈ પોતાના દુખને હાસ્યમાં લપટીને બીજાંને હસતાં રાખવા પ્રયત્ન કરતા હતા.

'તમે આમ વાતો કરીને તમારી જાતને વધારે કષ્ટ આપો છો. તમારા જેવાએ તો આંખો બંધ કરીને શાંત પડ્યા રહેવું જોઈએ.' ડૉક્ટરે કહ્યું.

'મારોય વિચાર તો ડૉક્ટર સાહેબ એવો જ છે. પણ એક વખત ચશ્માંના નંબર કઢાવવા ગયો હતો ત્યારે જે અનુભવ થયેલો એ જરા જુદો હતો.'

'એમ કેવો અનુભવ થયેલો તમને?' હવે ડૉક્ટર પણ પોતાની ઘડી પહેલા આપેલી સલાહને ભૂલીને નજીકની ખુરસી પર ગોઠવાઈ ગયા.

'ત્યાં દાક્તરે મારી આંખોમાં એવી દવા નાખી કે કશું દેખાય જ નહીં. એટલે મેં મારી બાજુમાં બેઠેલા માણસને કહ્યું: ભાઈલા ખિસ્સાં સંભાળજે. દાક્તર આંખમાં આવી દવા નાખીને ક્યાંક ખિસ્સાં ન ખંખેરી લે!'

'પછી?'

'પછી શું? પેલા દાક્તર હજુ ત્યાં જ ઊભા હતા તે આ સાંભળી ગયા ને ખિસ્સાં ખંખેરી લેવાની વાત તો શું પણ મારી ફી પણ ન લીધી.' ને બધાંની સાથે ડૉક્ટર પણ હસી પડ્યા.

'તમે ચિંતા ન કરતા, હું એમ આંખો બંધ કરાવાને તમારાં ખિસ્સાં નહીં ખંખેરી લઉં. ને કદાચ એમ કરવા જાઉં તો પણ તમારાં પત્નીનો અખંડ પહેરો છે તેનું શું? એમણે તમારી ચિંતામાં આખી રાત જાગતાં જ વીતાવી છે.' મેઘના સામે જોતાં ડૉક્ટરે

ટકેર કરી. ને બધાં હસી પડ્યાં.

દાક્તરની આવી ટકોરેથી શરમાતાં મેઘનાએ આંખો ઢાળી દીધી. થોડીવાર પછી એણે નજરો ઊંચકીને જીતુભાઈ સામે જોયું ને રતુમડા એના ગેલ પર લાલીનાં પૂર ચઢી આવ્યાં. એણે પાછી નજરો ઢાળી દીધી. ડૉક્ટરે કાચું કાપ્યું એથી જીતુભાઈ પણ શરમાઈ રહ્યા હતા.

'સોરી, તમે આ અજાણ્યાની વાત પર માઠું ન લગાડતાં.' તેમણે કહ્યું.

ત્યાં જ શાલિની રૂમમાં દાખલ થઈ. 'શાની વાત ચાલે છે ખોટું લગાડવાની?' તેણે પૂછ્યું.

'કાંઈ નહીં, અમસ્તું જ.' જીતુભાઈએ કહ્યું.

'કાંઈ નહીં તો પછી ખોટું લગાડવાની વાત જ ક્યાંથી આવી? કંઈક તો થયું જ છે.'

જીતુભાઈએ મેઘના તરફ એક ઊડતી નજર નાખી લીધી. શાલિનીના આવા સવાલ સામે જીતુભાઈના હોઠ બંધ રહી જ ન શકે પણ આ તો એક એવી વાત હતી કે ન કહેવાય કે ન સહેવાય.

'મેઘના, શી વાત છે? તને ખોટું લાગે એવું તો કોઈએ નથી કહ્યું ને!' ને જવાબ આપવાને બદલે મેઘનાની આંખોમાંથી દડદડ આંસુ વહી રહ્યાં.

'એ વિચાર જ કેટલો દુખદાયક છે, મેઘનાબેન!' ખસિયાણા પડી જતાં જીતુભાઈ બોલ્યા.

'ના એવું નથી. એક ડૉક્ટરે અજાણમાં જે કહ્યું એમાં તમારો શો વાંક છે?' મેઘના રોતલ અવાજમાં બોલી.

'શાલિની ડૉક્ટરને જઈને કહે કે મને ઘેનનું ઈંજેક્શન આપે. મને ઘણી પીડા થાય છે.' જીતુભાઈએ વાતને બીજે પાટે ચડાવવા પ્રયત્ન કરતાં કહ્યું. પગની પીડા કરતાં મોટી પીડા એમના અંતરમાં જાગી હતી એ વાત એ કોને કહે!

'તમે એવા અવળા વિચારો ન કરો. ડૉક્ટરે જે કહ્યું એનાથી મને જરાય દુખ નથી થયું. હું જે વાત આજે ત્રણ મહિનાથી

વિચારી રહી હતી એની જાહેરાત એક અજાણ્યા માણસ મારફતે અનાયાસ થઈ ગઈ એથી હું ક્ષોભ પામી ગઈ હતી એટલે મારાથી રડી જવાયું.'

'મેઘના, સાચે જ?'

'હજું પૂછવું પડશે! આખી રાત મેં આંખ પણ નથી વીંચી. ને એ આખો સમય મેં તમારા સિવાય બીજો કોઈ વિચાર સરખોય કર્યો નથી.'

'જીતુભાઈ સારા થશે એટલે એ તને એ માટે એક સરસ સર્ટિફિકેટ છપાવીને આપશે, બસ?' ડૉક્ટરને બોલાવીને આવતી શાલિનીએ મેઘનાના છેલ્લા શબ્દો સાંભળતાં મજાક કરી.

'પાછી તકલીફ કરવા માંડી તમારા પગે?' ડૉક્ટરે પૂછ્યું.

'મને લાગે છે કે એ તકલીફ કામચલાઉ હતી. હવે હું સંપૂર્ણ સ્વસ્થ છું. હવે મને ઘેનની દવાની જરૂર નથી.'

'મને લાગે છે કે તમારાં વઈફે તમને ઊંઘવાની દવાનો એક મોટો ડોઝ પિવડાવી દીધો છે.' હસતાં ડૉક્ટરે કહ્યું ને શાલિની મલકાઈ રહી. ડૉક્ટર હસતાં જ બહાર નીકળી ગયા.

મેઘના ને જીતુભાઈએ એકબીજા સામે જોઈ લીધું. શાલિનીએ પહેલાં જીતુભાઈ સામે જોઈ પછી મેઘના સામે જોતાં પોતાના કાયમી સ્વભાવ મુજબ કહ્યું: 'લુચ્ચાં, શરમાઓ જરા.' પણ મન તો એનું મેઘનાને જીતુભાઈ વચ્ચે પાંગરતા પ્રેમની કલ્પનામાં ડૂબકાં મારતું હરખાઈ રહ્યું હતું.

'એમાં અમારે શું છે?' એ ડૉક્ટર કાંઈ જાણે નહીં ને બિચારો અજાણતામાં બોલી ગયો. ને બિચારી મેઘનાને શરમાવાનો વારો આવ્યો.' જીતુભાઈએ વાતને વાળી લેવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'એ બિચારો ડૉક્ટર મારા જેટલો મૂર્ખ નહીં એટલે વહેલો સમજી ગયો. જરા તો શરમ રાખો. હમણાં બાને આવવા દો એટલે તમારા બેયની વાત છે.' હવે શાલિની ચૂપ રહે એ વાતમાં માલ નહીં.

'પ્લીઝ, શાલિની, જરા સમજ તો ખરી. તું ઑડનું ચોડ

વેતરી રહી છું. મેઘનાનો તો વિચાર કર.'

'કાલે બીચ પર પેલો કિશોર ભટકાઈ ગયો ત્યારથી એને આવાં સપનાં આવવાં શરૂ થઈ ગયાં છે. એટલે એ બધાંને એની જ નજરે જોવા માંડી છે.' મેઘનાએ પણ વાતને પોતાના પરથી શાલિની પર વાળવા કહ્યું.

'મારી વાત છૂપી નથી. આ તો પેલા ડૉક્ટરે જે કહ્યું એની વાત ચાલે છે. હું તો બાને એ વાત કહેવાની છું જે પેલા ડૉક્ટરે હમણાં કહી છે.'

'તું તારું બાફવાનું બંધ કરીને જરા ચૂપ રહીશ? મેઘનાના વિવાહ થઈ ગયા છે ને તે પરીક્ષાઓ પતે પછી પરણવાની પણ છે. એને માટે આવું વિચારતાંય તારે શરમાવું જોઈએ.' જીતુભાઈએ ગુસ્સે થઈનેય શાલિની ચૂપ થતી હોય તો  એમ માની એ શસ્ત્ર અજમાવ્યું પણ શાલિની સામે એય નિષ્ફળ ગયું.

'ભલે તમારે એમ ગુસ્સો કરવાની જરૂર નથી. પેલા ડૉક્ટર આવે તે પહેલાં મારે બે શ્લોક યાદ કરી લેવા છે: સમોરતમ્ શુભલગનમ્... બબડતી શાલિની બેયને ગૂંચવાતાં મૂકીને બહાર નીકળી ગઈ.

મેઘના શરમાતી ગભરાઈ રહી હતી. 'હવે શું થશે?' એનીથી સ્વગત બોલતી હોય એમ બોલાઈ ગયું.

'કેમ?'

'તમારું બ્રૉડકાસ્ટિંગ સેન્ટર ચૂપ રહેશે નહીં ને!'

'મારે કારણે તમારે બહુ સહન કરવું પડે છે. પણ તમે જોયું ને હું કેવો લાચાર બની ગયો છું! મારું કહેવું કોઈ સાંભળતું જ નથી.' ખેદથી જીતુભાઈ બોલ્યા.

'બા આવે છે.' શાલિનીએ રૂમમાં આવતાં વિસ્ફોટક જાહેરાત કરી ને મેઘના ગભરાટની મારી બહાર નીકળી ગઈ.

'જો શાલિની મેઘના તારી બેનપણી છે એ વાત સાચી પણ મશ્કરીની પણ હદ હોય. એને તારી આવી વાતોથી કેટલું શરમાવું પડે છે એનો તને વિચાર આવે છે?'

‘હું મશ્કરી નથી કરતી મોટાભાઈ, હું પૂરેપૂરી ગંભીર છું. હું તમારો બેયનો વિચાર કરું છું. તમે જો ના કહેતા હો તો હું એ વાત આજે નહીં ઉપાડું બસ!’ ને સામી દલીલ કરવાને બદલે મૂંગા રહેવામાં જ ડહાપણ સમજી જીતુભાઈ મૌન રહ્યા.

‘તને કમ છે હવે?’ સમરથબેને આવતાં જ પૂછ્યું. ત્યાં મેઘના અંદર આવીને બેઠી.

‘અરે, મને શું હોવાનું છે? ઘોડા જેવી તબિયત છે મારી.’

‘હા, બા, ભાઈની તબિયત ઘોડા જેવી છે. હા, જરા અહીં દુખે છે.’ કહેતાં એમે જીતુભાઈના દિલ પર હાથ મૂક્યો ને પેલાં બેયની શરમાતી આંખો તરફ મારકણું સ્મિત ફેંક્યું ત્યાં તો મેઘનાની કોણીનો એક હડસેલો એની કમરમાં વાગી ચૂક્યો હતો.

‘દાક્તર આવી ગયા? લોહી આપવું પડશે એમ કહેતા હતા એનું શું થયું?’

‘લોહી આપવાની હવે જરૂર નહીં પડે એમ કહેતા હતા. ને બા, કદાચ જરૂર પડશે તો મેઘનાનું લોહી એમને માફક આવી જશે એમ પણ કહેતા હતા. એ તો એમેય કહેતા હતા કે —’

‘તું મૂંગી રહે ને મને પાણી આપ.’ જીતુભાઈએ ગુસ્સામાં જ મૂક્તિ જોઈ.

‘મેઘના, તું ભાઈને પાણી આપ ત્યાં સુધીમાં હું બાને ભાઈની તબિયત વિષે બધું જણાવી દઉં.’ શાલિનીએ પાણીનો ઑર્ડર ટ્રાન્સફર કર્યો.

‘હું તને કહું છું.’ જીતુભાઈએ કહ્યું.

‘ને હું મેઘનાને કહું છું. એ કોઈ મહેમાનથાડી છે?’ શાલિની એમ ડરી જાય એવી ન હતી. ને આજે તો એને મેઘના વિશે બીજી જ રીતે વિચારવાનું કારણ મળ્યું હતું. એટલે એ વધારે ખુશ હતી.

‘તમારે બેયે આજે કૉલેજમાં જવાનું નથી કે શું?’ પાણી આપતી મેઘનાને જીતુભાઈએ પૂછ્યું.

‘મેઘના અહીં રહેતી હોય તો હું કૉલેજમાં જાઉં.’ શાલિની બોલી.

‘મારે તો આજે ઊંઘવું પડશે. હું ઘેર પણ જતી આવું. મારાં બાબાપુજી ચિંતા કરતાં હશે.’ મેઘનાએ પાતે કૉલેજમાં ન જવા સાથે જીતુભાઈની સાથે ન રોકાવાનું બેવડું બહાનું આગળ કર્યું.

મેઘનાના મનમાં અજ્ઞાતપણે પ્રણવ અને જીતુભાઈની વચ્ચે સરખામણી તે છેલ્લા બે મહિનાથી શરૂ થઈ જ ગયેલી હતી. આજે તેમાં પેલા ડૉક્ટરની વાતથી આજે વેગ આવ્યો હતો. શાલિનીએ બે ને બે ચાર કરી નાખતાં હવે એ વાત બહુ છૂપી રહી શકવાની ન હતી. મેઘના પોતાના અને પ્રણવના કુટુંબોની નીકટતા અને આખા સમાજમાં ને મિત્રોમાં પોતાના જાહેર થઈ ગયેલા વિવાહની વાતથી વધારે ચિંતામાં હતી.

એને થતું હતું કે પોતે ગમે તેમ વિચારે પણ હવે વિવાહની વાતમાં કશું કરી શકવા એ અસમર્થ હતી. તો સામે છેડે એનુ દિલ પ્રણવ અને જીતુભાઈની વચ્ચે સરખામણી કરવાનુંય ચૂકતું ન હતું.

ને જીતુભાઈનું પલ્લું એમાં સદાય ભારે જ રહેતું હતું. જેટલે અંશે શાલિની ધારી બેઠી હતી એટલે અંશે તો નહીં પણ મેઘનાના મનમાં કોઈ નજર કરે તો એમાં એને પ્રણવની બાજુમાં જીતુભાઈની છબી દેખાય વિના રહે તેમ ન હતી.

એ ઘેર પહોંચી ત્યારે પ્રણવનો પત્ર વસમો બનીને જાણે એની જ વાટ જોઈ રહ્યો હતો. એ અને રાગિણી મહિનાને છેલ્લે શનિવારે સુરત આવતાં હતાં. હજુ તો મહિનાનો પહેલો સોમવાર હતો પણ પ્રણવ અને રાગિણી એવે વખતે આવતાં હતાં કે જે સમયે મેઘનાના હૈયામાં આ ગજગ્રાહ ખેલાઈ રહ્યો હતો.

એણે એનાં બાને અકસ્માતની વાત કરી ને ખાઈને ઊંઘવા પ્રયત્ન કર્યો. રોજની જેમ પથારીમાં પડતાં જ એને આજે ઊંઘ આવતી ન હતી. ગઈ આખી રાતનો એને ઉજાગરો હતો પણ પ્રણવ તેના મનમાં ધમસાણ મચાવી રહ્યો હતો.

નાનપણમાં એની સાથેનાં મસ્તી-તોફાનો ને રમતો. કૉલેજકાળનો ત્રણત્રણ વર્ષનો સહચાર એને એક તરફ ખેંચી રહ્યાં હતાં તો બીજી તરફ જીતુભાઈ અને એમનાં બાનો સ્વભાવ અને શાલિનીની સાથેની પોતાની દાસ્તી ને શાલિનીનો હસમુખ સ્વભાવ.

મેઘના જાણે એક દોરડાની જેમ બન્ને તરફ ખેંચાતી હોય એમ તાણ અનુભવી રહી હતી. એને થતું હતું કે બેય તરફના ખેંચાણને કારણે ક્યાંક એના દિલના બે ટુકડા ન થઈ જાય તો સારું.

ને છેક રાતના અઢી વાગ્યે એને ઊંઘ આવી. ઊંઘમાંય પેલો તણાવ ક્યાં સાથ છોડતો હતો!

# ૧૧. સુરતની સ્હેલગાહ

છેવટે રાગિણી ને પ્રણવે સુરત જવાનું નક્કી કર્યું. બેયના મનમાં દ્વિધા તો હતી જ કે બેયનું સાથે સુરત આવવું મેઘનાના દિલમાં અનેક શંકા-કુશંકાઓ પેદા કરશે પણ રાગિણી તો મનથી હવે આ પાર કે પેલે પાર કરી નાખવા તત્પર થઈ ગઈ જ હતી.

છતાં પ્રણવના મનના ભાવ જાણવા એ બોલી: ‘આપણે બેય એક સાથે મેઘના સામે જઈએ છીએ એ ઠીક તો થાય છે ને!’ રાગિણી મનથી તોડી ગભરાતી પણ હતી. પ્રણવ મેઘનાની સામે જાય એ વાતે એ મનમાં ડરી રહી હતી. કદાચ એમનો તૂટવા માંડેલો સંબંધ પાછો જોડાઈ જાય તો?

એટલે તો એ પોતાની બાને જેમતેમ સમજાવીને પ્રણવની સાથે જવા તૈયાર થઈ ગઈ ને. પ્રણવ પણ તેના સાથે આવવાના નિર્ણયથી સહેજ ગૂંચવાયો પણ પડશે તેવા દેવાશે એમ માની એણે કોઈ વાંધો ન લીધો.

આમ તો એણે ગઈકાલે એને પૂછવા ખાતર જ પૂછેલું: ‘ચાલ, રાગિણી, તું પણ સુરત આવે છે ને?’ ને રાગિણી એની સાથે આવવા તૈયાર થઈ ગયેલી એટલે પ્રણવ થોડો ગૂંચવાયા છતાં બોલ્યો હતો: ‘તારાં બા તને મારી સાથે આવવાની સંમતિ આપશે?’

પણ અત્યારે તો રાગિણીની પેલી શંકાના જવાબમાં હોય તેમ બોલ્યો: ‘મેઘના તું માને છે એટલી જૂનવાણી નથી ને એનું મન પણ એવું શંકાશીલ નથી.’

‘આમાં સવાલ જૂનવાણી હોવાનો કે ન હોવાનો નથી. સવાલ છે એની નજરનો. એના મનમાં આપણા સંબંધ વિષે શંકા આવી જાય તો?’

‘એણે તો મને તને કંપની આપવાની ભલામણ કરી હતી ને! છતાંય તેને આવી શંકા આવી જાય તો તેનાથી રૂડું શું? આપણે એને સામેથી કહેવું મટ્યું. આપણે સામેથી આ વાત કહીને

એને દુભવવી તો ન પડે.'

'તને હજું એનું બહુ લાગે છે.'

'તું એમ અદેખાઈ ન કર પણ મને એનું દાઝે તો ખરું જ ને! નાનપણમાં ઘરઘર તો હું એની સાથે જ રમેલો ને!'

'ને હવે એની સાથે વરવર રમવાની ના પાડવાની છે તારે. મન મક્કમ રાખજે.'

'તે હું એમાં ક્યાં ના પાડું છું પણ કહે છે કે કન્યા હજુ ભણે છે.' આંખ ફાંગી કરતાં પ્રણવે કહ્યું.

'કન્યાને તો વાંધો જ ક્યાં છે? એ તો બાપડી હજુ એનો વર ભણે છે એટલે વખત ખુટાડી રહી છે.'

'ને વર શું ભણે છે એ તો એનો ભગવાન જાણે. પણ રાગલી, આના કરતાં તો પરણી જ જઈએ તો શું ખોટું?'

'ના દોસ્ત તારી પરીક્ષા પતે એ પહેલાં પરણવાની વાત નહીં.' રાગિણી બોલી ઊઠી.

'તુંય પાછી મેઘનાના જેવી થવા માંડી પણ વચમાં કોઈ બીજી રાગિણી ઘૂસી જશે તો?'

'એમ તો હું તારી મેઘનાની જેમ તને એકલો મૂકીને સુરત ચાલી જાઉં એવી નથી એટલે તું એવું લફરું કરવાના ખ્યાલમાં ન રહેતો.'

એમનાં આવાં ટીખળ સુરત આવતાં સુધી ચાલતાં રહ્યાં. 'લે તારી વાતોમાં તો કીમ પસાર પણ થઈ ગયું.' ને અત્યાર સુધી ટીખળ કરતાં બેય જણ ગભરાઈ રહ્યાં: 'મેઘના આપણને લેવા સુરત સામે આવી હશે અને એની સાથે હશે કદાચ એનું પેલું બ્રૉડકાસ્ટિંગ સેન્ટર.'

'હા પણ મેઘનાએ એની એ નવી બેનપણીનાં એટલાં વખાણ કર્યાં છે કે મને એને મળવાની તાલાવેલી લાગી છે.'

'એ લોકોય તારી જેમ કદાચ તારી જ વાતો કરતાં હશે. શાલિની કહેતી હશે કે મને તારી એ રાગિણીને મળવાની બહુ ઇચ્છા છે. જો પ્રણવ સાથે ન હોત તો એને બેચાર સુરતી ગાળો

ચોપડાવીને વાતો કરત તો એને સામો જવાબ આપતાંય પરસેવો પડી જાત. પણ હું તો ઇચ્છું છું કે તું બે દિવસ ચૂપ જ રહે.'

'ને પેલીઓ બોલે તે સાંભળી રહું? એ મારી ઠેકડી ઉડાવવા જશે તો હુંય એમને અમદાવાદી સરસ્વતી સંભળાવી દઈશ ને એમનાં મોંઢાં જોવા જેવાં થઈ જશે.'

ગાડી પ્લેટફોર્મ પર આવીને ઊભી રહી ગઈ તોય રીગિણી બારીમાંથી બહાર ડોકાઈ રહી હતી એ જોતાં પ્રણવે બારણા પાસેથી ટહુકો કરતાં કહ્યું: 'ચાલ. ઊતરવું નથી કે શું?'

'કોઈ રીસિવ કરવા આવ્યું હોય એમ લાગતું નથી.' કહેતાં રાગિણી તેને અનુસરી.

'આપણે સીધાં એને ઘેર પહોંચીને એને શૉક ટ્રીટમેન્ટ આપીએ તો મઝા આવે. જો કે અહીંથી બહાર નીકળી બસ માટે લાઈનમાં ઊભાં રહેવું પડશે.' પ્રણવ બોલ્યો. ને બેય પ્લેટફોર્મ પર ચાલવા માંડ્યાં.

પ્રણવે બેફિરાઈનો ડોળ તો કર્યો પણ તેય મનમાં છપાઈ રહ્યો હતો. આંખો તો તેની ચારે તરફ મેઘનાને શોધતી ઘૂમી રહી હતી. પોતાનો પ્રેમ ભલે ઓછો થયો હોય કે મન ભલે બીજી તરફ વળી ગયું હોય પણ મેઘનાને હજુ ક્યાં એ વાતની ખબર હતી? એણે તો અમને લેવા આવવું જ જોઈએ ને! એ મનમાં વિચારતો હતો.

'પેલાં આવે, ત્યાં પાછળ. પેલું લાલલાલ લૂગડું. તને લાલ લૂગડુંય દેખાતું નથી તું તે કેવો પુરુષ છું?' રાગિણી હરખાતાં બોલી ઊઠી.

'લાલ લૂગડું જોઈને હું ભડકતો નથી. પણ તેની સાથે પેલું બ્રૉડકાસ્ટિંગ સેન્ટર પણ છે. એ લાલ લૂગડું નથી.'

'એય! ના ના કહેતાંય તેં ભડકવા માંડ્યું કે શું? તું મેઘનાની નહીં તો મારી તો જરા શરમ રાખ. હજુ આજે તો સુરતની ધરતી પર પગ મૂક્યો છે ત્યાં તેં આવા મજનુવેડા કરવા માંડ્યા.'

'એઈ, ચૂપ હવે અહીં તું તાં નહીં કરવાનું, સમજી? ચાલ

ઠીક થઈને ઊભી રહે. સામેથી મારાં વિવાહિતા આવી રહ્યાં છે.' પ્રણવે રાગિણીને મજાકમાં ટપારીને આંખનો હળવો ચાળોય કરી લીધો. એ ઇશારામાં જાણે કેટલુંય કહેવાઈ ગયું. રાગિણીએય આંખથી એનો એવો જ જવાબ વાળ્યો.

'તમને બહુ ઊભાં તો નથી રાખ્યાં ને! અમને બસ ન મળી એટલે આવતાં મોડું થઈ ગયું.' પાસે આવી પહોંચતાં મેઘનાએ કહ્યું.

'હજુ ટ્રેન તો અહીં જ ઊભી છે ત્યાં સુધી બહુ ઊભાં રાખ્યાં એમ તો કેમ કહેવાય? મને તો તારી એ આદતની ખબર છે ને હવે તો પ્રણવને પણ એનો અનુભવ થશે જ ને!' રાગિણી ચૂપ રહે એ વાતમાં માલ જ શો?

'લે હવે, પાંચ મિનિટ રાહ જોવી પડી એમાં ચિઢ કાઢવાની જરૂર નથી. જો આ મારી નવી ફ્રેન્ડ શાલિની. અને શાલિની આ મારી જૂની ફ્રેન્ડ રાગિણી. તમારા બેયના સ્વભાવ સરખા છે એટલે તમને સારું ફાવી જશે.' મેઘનાએ એ બેયને પરિચય કરાવ્યો.

'તું તારા 'એ'નો પરિચય કરાવવાનું તો ભૂલી જ ગઈ. લે, હું જાતે પરિચય કરી લઉં. તમે છો મારી સહેલીના મનમંદિરના શ્યામ પ્રણવકુમાર. ચાલો, હવે બાકીની વાતો રસ્તે જતાં કરીશું. જો મોડાં પડીને બસ ચૂકીશું તો બીજો અડધો કલાક થશે ને રાગિણીબેનને અકળાવાનો મોકો મળશે.' બ્રૉડકાસ્ટિંગ સેન્ટર શરૂ થતું હતું.

'કેમ છે તમારા સુરતનાં હવાપાણી?' બહાર નીકળતાં પ્રણવે મેઘના સામે જોતાં પૂછ્યું.

'અરે, સુરતનાં હવાપાણીની તો વાત જ કંઈ ઓર છે. કોઈ એક વર્ષ અહીં રહી જાય તો પછી એને બીજા કોઈ શહેરનાં હવાપાણી માફક જ ન આવે.' મેઘનાને બદલે શાલિની ચાલુ થઈ ગઈ.

'તો તો મુશ્કેલી થઈ પડે પ્રણવને.' રાગિણી વચમાં પુરાઈ.

'એમાં મુશ્કેલી શાની? મેઘના પરણીને એમનેય અહીં ના ખેંચી લાવે તો કહેજો ને!'

'તમે કોને ખેંચી લાવવાનાં છો એ જણાવશો જરા?' પ્રણવ પણ ચાલતા પ્રવાહમાં સામેલ થઈ ગયો.

'એમાં જરા શું? આખું જ કહું: જે મારી સાથે પરણવા તૈયાર થશે એને.' શાલિની જવાબ આપતાં છપાય તેમ ક્યાં હતી!

'કિશોરને સ્તો.' શાલિનીનું વાક્ય મેઘનાએ પૂરું કર્યું. ને બધાં હસી પડ્યાં.

'તું આજે બહુ ખીલી છે દોસ્ત.' શાલિનીએ મેઘનાને કોણીનો હળવો ગોદો મારતાં ટકોર કરી.

'એ આજેય નહીં ખીલે તો પછી ક્યારે ખીલશે? એના મનના માણીગરને આજે ખાસ્સા છ મહિને મળવા પામી છે તે! એ તો મનમાં કદાચ એમેય વિચારતી હશે કે આપણે બેય એમની વચ્ચે કબાબમાં હડ્ડીની જેમ ક્યાંથી આવી ચઢ્યાં.'

'ચાલો કબાબમાંની હડ્ડીઓ. આપણી બસ આવી.' મેઘનાએ કહ્યું. બસની અડધા કલાકની મુસાફરીમાં શાલિનીએ રાગિણીને પસાર થતા સુરતની ભૂગોળ સમજાવવા માંડી. એણે આગળની સીટમાં બેઠેલાં મેઘના ને પ્રણવને વાતમાં સામેલ કરવાનું હેતુપૂર્વક ટાળ્યું.

'આપણે કઈ તરફ જઈ રહ્યાં છીએ એ કોઈ રહેશો મને?' ગૂંચવાતો પ્રણવ બોલ્યો.

'તમારાં એ જણાવે એ પહેલાં હું જ તમને જણાવી દઉં કે આપણે મારે ત્યાં જઈ રહ્યાં છીએ. તમારે આજે સાંજના જમવાનું પણ મારે ત્યાં જ છે ને રાતે રોકાવાનું પણ મારે ત્યાં જ છે.' શાલિનીએ કહ્યું.

'ને વધારામાં બ્રૉડકાસ્ટિંગ સેન્ટરના કાર્યક્રમ પણ સાંભળવાનાં છીએ, એમ જ ને?'

'ના એ પ્રોગ્રામ તો પછીનો છે. આપણે તે પહેલાં છથી નવ વાગ્યાના શોમાં ફિલ્મ જોવા જવાનાં છીએ. ને તે પછી...' શાલિનીએ સ્પષ્ટતા કરી.

'તે આપણે ઊંઘવાનાં નથી કે શું?' તેની વાત કાપતાં રાગિણી વચમાં પૂરાઈ.

'બધાંની તો મને ખબર નથી પણ આ બે ખરાબ જણ સિવાયનાં બધાં તો ઊંઘશે જ એની મને ખાતરી છે.' શાલિનીએ મેઘના ને પ્રણવ તરફ ઇશારો કરતાં કહ્યું.

'મને પાસાં ઘસવાની ટેવ નથી.' પ્રણવે કહ્યું.

'એની તો જ્યારે નસકોરાં બોલતાં સંભળાશે ત્યારે ખબર પડશે.'

બધાં ઘેર પહોંચ્યાં ત્યારે હજુ જીતુભાઈ ઑફિસેથી આવ્યા ન હતા. એમને હજુ જો કે પૂરતો આરામ થયો ન હતો છતાં એ કામઠા જીવને ઘેર કામ વગર ચેન કેમ પડે! એટલે એમના શેઠે એમને સામેથી ના કહવડાવ્યા છતાં એમણે બે દિવસથી ઑફિસમાં જવા માંડ્યું હતું. હા, પહેલાંની જેમ મોડે સુધી ઑફિસમાં રોકાવાને બદલે એ સમયસર ઘેર પાછા આવી જતા હતા ખરા.

એમને ધાર્યા કરતાં વહેલો આરામ થઈ ગયો હતો. એમની સુશ્રુષામાં મેઘના અને શાલિનીએ પોતાના અભ્યાસનીય ચિંતા પડતી મૂકી દીધી હતી. વળી ડૉક્ટરે પૂરી પાડેલી પેલી હળવી ને લજામણી વાત પછી શાલિની એ બેયને જુદી જ નજરથી જોવા લાગી હતી.

એ મેઘનાની સામે આ વાતનો ઉલ્લેખ વારંવાર નહોતી કરતી પણ સમય મળે તો એમને એકાંત આપવા એ કામનું બહાનું કાઢીને ક્યાંક સરકી જરૂર જતી હતી.

એમનાથી દૂર ગયાના બહાના નીચે એમની વાત સાંભળવાની ઇચ્છાને એ કેમેય રોકી શકતી ન હતી. એને કાને થોડીગણી વાત પડી જતી હતી તો અંદર આવ્યા પછી એ કહેતી: 'હે બે ખરાબ જણ, મારે નહોતી સાંભળવી તોય તમારી ખાનગી વાત મારાથી સંભળાઈ ગઈ. માફ કરજો.' ને ધસી આવતા લોહીથી સિંદુરિયા થઈ જતા મેઘનાના મોં સામે જોયા સિવાય જ એ બહાર નીકળી જતી.

ગમે તેમ પણ મેઘનાય હવે પહેલાંની જેમ મૂંગી કે શરમાળ નહોતી રહી. શાલિની બહાર જતી એટલે એ બમણા વેગથી વાતો કરવામાં લાગી જતી હતી. હવે તેમની વાતોમાં કદીક લગ્ન કે પ્રણય જેવા શબ્દો પણ આવવા માંડ્યા હતા. તો

કદીક ફરજ અને જવાબદારી જેવા શબ્દો પણ વચમાં ડોકાઈ જતા હતા.

કદીક જીતુભાઈનો રમતિયાળ સ્વભાવ એને ભ્રમણામાં નાખી દેતો કે એ જે વાતો કરે છે એ ગંભીરતાથી કરે છે કે એમના સદાના સ્વભાવ મુજબ એને એક રમત ગણીને રમૂજ કરી રહ્યા છે?

‘મેઘના, માણસે કેટલું જીવવું જોઈએ એ કોઈક વિદ્વાને નક્કી કર્યું છે. હું જો કે નિરાશાવાદી નથી પણ —’

‘શું નક્કી કર્યું છે?’

‘કે માણસના જીવનની છેલ્લી ક્ષણ એ હોવી જોઈએ કે એનું હૈયું એવા આનંદથી છલકાઈ જાય કે —’

‘તમે શું માનો છો?’

‘હું માનું છું કે જેની ઝંખનામાં એણે જિંદગીની અનેક રાતોના ઉજાગરા કર્યા હોય તેવી સિધ્ધિની પ્રાપ્તિ સમયે માણસે મોત ઇચ્છવું જોઈએ. હું તો માનું છું કે હું ચારપાંચ આયખાં સામટાં ભોગવી લઉં. પછી એવી ઘડી આવે કે ન આવે!’ કહેતાં જીતુભાઈ મેઘનાનો હાથ લઈ પોતાના દિલ પર દબાવી રહેતા.

ને હળવેથી પોતાનો હાથ સરકાવી લેતાં મેઘના કહેતી: ‘આ હૉસ્પિટલ છે ઘર નહીં.’

ને જીતુભાઈ ગનગીન અવાજે કહેતા: ‘હૈયું ગભરાય છે કે આમ જ આ સુખી પળો હાથમાંથી સરકી જશે.’

‘એવું અવળું જ બોલવાની ટેવ પડી છે તમને.’ કહેતાં મેઘના જીતુભાઈનો હાથ પોતાના હાથમાં લઈ પસવારતી રહેતી. જીતુભાઈ પણ પોતાના પગની વ્યથા ભૂલીને કલાકો સુધી નિદ્રામાં સરી જતા.

શાલિની કે બાના આવી પહોંચતાં મેઘના પોતાનો હાથ સરકાવી લેતી કે જીતુભાઈ સફાળા જાગી જતા. તો કદીક કોઈ મધુરું સ્વપ્ન સરી ગયું હોય કે કોઈ મહામૂલી ચીજ ખોવાઈ ગઈ હોય એમ બંધ આંખે પથારીમાં હાથથી ફંફોળ્યા કરતા.

પણ પછી તો મેઘનાએ આવું ખોટું શરમાવાનું છોડી દીધું હતું. તે કદીક જીતુભાઈનો હાથ પોતાના હાથમાં લઈને એમ જ બેસી રહેતી તો કદીક એમનાં જુલ્ફાંમાં આંગળિયો ફેરવતી રહેતી. કદીક ધીમે સાદે કાંઈક ગણગણતી પણ ખરી,

છેલ્લે તો જીતુભાઈને પણ આની બર પડી ગઈ હોય એમ એ કદીક કહેતા: ‘મેઘના કાંઈક સંભળાવે તો ઊંઘ આવે ને! મૂંગાં મૂગાં તે માનવી હોતાં હશે?’ ને એ ત્યારે જ ઊંઘતા જ્યારે મેઘના એમને કંઈક ગાઈ સંભળાવે.

# ૧૨. સિનેમામાં

ઘેર આવી શાલિનીએ જીતુભાઈની સાથે પેલાં બેની ઓળખાણ કરાવી: 'મોટાભાઈ આ છે મેઘનાના ભાવિ પતિ પ્રણવકુમાર અને આ મેઘનાની ફ્રેન્ડ રાગિણી. ને આ છે મારા મોટાભાઈ જીતુભાઈ.'

'મને ખાતરી જ છે કે તમને બેયને મારી બહેન શાલિનીની ઓળખાણ તો બસમાં થઈ જ ગઈ હશે. અમારા આ બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન પર ચોવીસેય કલાક કોઈ ને કોઈ પ્રોગ્રામ આવ્યા જ કરે છે.' હસતાં જીતુભાઈએ શાલિનીની ઓળખાણ આપી દીધી.

'બસમાં તો એમાં સુરતદર્શનનો જ કાર્યક્રમ આવતો હતો.'

'બેચાર દિવસ રહો તો તમને આખો વિવિધભારતી કાર્યક્રમ સાંભળવા મળશે. કેટલું રોકાવાનું નક્કી કરીને નીકળ્યાં છો?'

'રવિવારે સાંજના તો અમારે પાછાં જવાનું છે.

'આજે બધાંએ થ્રી ઈડિયટ્સ જોવા જવાનું નક્કી કર્યું છે.' શાલિનીએ કહ્યું.

'ફિલ્મનુંનામ થ્રી ઈડિયટ્સ છે કે ફોર ઈડિયટ્સ છે?'

'ના ફાઈવ ઈડિયટ્સ છે ને તમે પણ એમાંના એક છો.' શાલિનીએ કહ્યું.

'તને તો ખબર છે કે મારી તબિયત હજુ બરાબર થઈ નથી એટલે એમાંથી મારું નામ કમી કરી દેજે.' જીતુભાઈનું બહાનું વગર માગ્યે આગળ આવી ગયું. મેઘનાનો ભાવિ પતિ આવ્યો હતો એટલે તેમની સાથે જઈ તેના એકાંતમાં ભાગ પડાવવાનો તેમનો ઈરાદો ન હતો એમ નહીં પણ મેઘનાને પોતાનું સાથે જવું કદાચ નહીં ગમે એ ભયે એમણે નન્નો વાસ્યો હતો.

'તમને ડૉક્ટરે ઑફિસમાં જવાની ના કહી છે છતાં રોજ

ઑફિસે જાવ છો ત્યારે તબિયત બરાબર હોય છે ને આજે અમારી સાથે ફિલ્મમાં આવવામાં તબિયતનો વાંધો ક્યાંથી આવ્યો?' રૂમમાં દાખલ થતી મેઘના ચાલતી વાતમાં જોડાઈ ગઈ.

'છતાં તમારા જુવાનિયાંના ટોળામાં સામેલ થવામાં મારું મન ના પાડે છે.'

'તમે મારાથી બે વર્ષ જ મોટા છો. એ રીતે જોઈએ તો તમે અમારામાંના જ એક ગણાવ. તમે ગમે તેટલી મક્કમતા દાખવો તોય તમારે અમારી સાથે આવવું જ પડવાનું છે. અમે તમારી ટિકીટ પણ લઈ રાખી છે.' શાલિનીએ કહ્યું.

'મારી ટિકીટ પર કાંઈ મારું નામ થોડું લખેલું છે? તારી અર્પણા ત્રિવેદીને સાથે લઈ જજે.'

શાલિનીની ઘણી વિનવણી છતાં જીતુભાઈ ન માન્યા એટલે બાકીનાં થિયેટર પર જવા ઘરમાંથી બહાર નીકળ્યાં. મેઘના બાને જમાડવામાં પડી હતી એટલે એને જીતુભાઈના ન આવવાની ખબર ન હતી. બધાંની સાથે એય બહાર તો નીકળી ને બારણા તરફ જોતી ઊભી રહી ગઈ.

'કેમ ઊભી રહી છે? ચાલવું નથી કે શું?' શાલિનીએ તેને ઊભી રહેલી જોતાં ટહુકો કર્યો.

'જીતુભાઈની રાહ જોઉં છું.'

'એ એમની તબિયતનું બહાનું કાઢી આવવામાંથી છટકી ગયા છે.' શાલિનીએ કહ્યું ને મેઘના ઘરમાં પાછી પેઠી.

'તમે સાથે આવવાની કેમ ના પાડો છો?' એણે જીતુભાઈને પૂછ્યું.

'મારી તબિયત તો તું જોણે છે ને!'

'એટલે જ પૂછું છું કે તમે તમે સાથે આવો છો કે અમે બધાં જવાનું બંધ રાખીએ?'

'મેઘના, તું સમજતી કેમ નથી? મારી તબિયત સારી હોય તો હું આવવાની ના પાડું ખરો?'

'તમે તબિયતને ખોટો દોષ ન દેશો. તમારી તબિયત વિશે

તો તમારા કરતાં મને વધારે ખબર છે. એટલે તમારે સાથે આવવું જ પડવાનું છે એમ માનીને તૈયાર થઈ જાવ.’ મેઘનાએ હક કરીને કહ્યું.

‘એ માટે હુ તારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તારી સુશ્રુશાએ તો મારામાં પ્રાણ પૂર્યા છે એ હું વારંવાર કબૂલ કરી ચૂક્યો છું.’

‘એટલે જ તમે અમારી સાથે આવવાની ના પાડો છો?’

‘તું મને સમજતી નથી.’

‘હું તમને ખરેખર સમજતી ન હોત તો વધું સારું થાત એમ મને લાગે છે.’ મેઘના ખેદથી બોલી પડી. એના છેલ્લા શબ્દોએ જીતુભાઈની ઊર્મિયોને હલમલાવી મૂકી.

‘તું જા, હું તૈયાર થઈને આવી પહોંચું છું.’ એમણે કહ્યું ને મેઘના બહાર નીકળીને પેલા રાહ જોઈને ઊભેલા ટોળામાં ભળી ગઈ.

‘એ આવે છે?’ બધાંનો પ્રશ્ન જાણે એની જ રાહ જોતો હતો.

‘આવે છે. પિક્ચર જોવા આવવાની વાતમાં પહેલી જ વાર એમણે આટલો આગ્રહ કરાવ્યો.’ ને પ્રણવ ને રાગિણી તો તેને તાકતાં જ રહી ગયાં. જે માણસે પોતની બહેનના આગ્રહને ટાળ્યો હતો એને મેઘના સમજાવી લાવી હતી.

એક બહેન કરતાં મેઘનાનો શબ્દ ત્યાં વજનદાર હતો એ સમજવા બેય પ્રયત્ન કરતાં હતાં. અરે! રાગિણીએ તો પોતાને મનગમતું તારણ પણ કાઢી લીધું હતું: જીતુભાઈ અને મેઘનાની વચ્ચે કશુંક ઈલુઈલુ પાંગરી રહ્યું હતું.

‘મને લાગે છે કે એમનું તબિયતનું બહાનું કાઢી નાખવા જેવું નથી.’ એમને સાચવીને બહાર આવતા જોતાં પ્રણવ બબડી રહ્યો.

રાગિણી વચમાં પૂરાઈ: ‘ઘરમાં એકલા મૂંઝાઈ રહ્યા હોત એના કરતાં ફિલ્મમાં તેમને મનોરંજન મળશે.’

‘અરે, તું જાણતી નથી, એમને ફિલ્મ કરતાંય વધારે સારું

મનોરંજન એમના રેડિયો પર ચોવીસે કલાક મળે છે.' મેઘનાએ શાલિનીને ઉડાવતાં કહ્યું.

'અમારું બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન ચાલુ હોય એટલે માણસ ધારે તોય ઉદાસ રહી શકે ખરો?' શાલિનીએ એમાં સૂર પૂરાવ્યો ને બધાં હસી પડ્યાં.

'જીતુભાઈને ચાલવામાં તકલીફ પડતી લાગે છે. આપણે બે રીક્શા કરી લઈએ.' પ્રણવે જીતુભાઈને ધીમે ચાલતા જોઈને કહ્યું.

'ના રે, આપણે ક્યાં દૂર જવાનું છે? આ શેરીને નાકે નીકળ્યાં કે અમારાં મોટાભાગનાં થિયેટરો એક લાઈનમાં.' જીતુભાઈએ કહ્યું અને પોતાની ચાલવાની ઝડપ વધારી.

'તમે બધાં આગળ ચાલતાં થાવ. હું જીતુભાઈની સાથે ધીમે આવું છું.' મેઘનાએ કહ્યું. પ્રણવ અને રાગિણીએ એકબીજાસામે ત્રાંસી આંખે જોયું ને બેય મલકાઈ રહ્યાં. શાલિનીને માટે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું ન હતું પણ એને પ્રણવની હાજરીમાં મેઘનાનું આવું વર્તન પ્રણવની ઉપેક્ષા કરવા જેવું લાગ્યું ને તે મનમાં મલકાઈ રહી.

'તારે આમ ન કરવું જોઈએ. તારું મારી સાથે રહેવું પ્રણવના મનમાં નકામો વહેમ જગાવશે.' જીતુભાઈએ મેઘનાને ટકોર કરી.

'કેવો વહેમ?'

'હજુ મારા વિવાહ થયા નથી નહીં તો હું તને સમજાવત કે પ્રણવના મનમાં કેવો વહેમ જાગી શકે. છતાં હું એટલું તો કહી શકું છું કે તું પ્રણવ સાથે યોગ્ય રીતે વર્તતી નથી.'

'હૈયાને બે મોં હોતાં નથી.'

'હું બે મોંની વાત નથી કરતો પણ તારે જે એક મોં છે એય તું એના તરફથી એટલી ઝડપથી ફેરવી રહી છે કે તેને આઘાત લાગ્યા વિના ના રહે. વળી તું રાગિણીની હાજરીમાં આવું કરે તો એને શરમાવાનું થાય એટલે એને વધારે આઘાત લાગે.'

'એટલે તો હું આમ કરી રહી છું. એ જ જો સામેથી લગ્નની

ના પાડી દેતો હોય તો મારે એને ના કહેવાનો વારો જ ન આવે. ને મને પ્રણવ અને રાગિણી વચ્ચે પ્રેમ પાંગરતો દેખાઈ રહ્યો છે.' મેઘના મલકાતાં બોલી. જીતુભાઈને આમાં મેઘનાનું પોતાના તરફ ઢળવું કારણભૂત લાગ્યું.

'તારેય હવે એમની અદેખાઈ કરવાનું કોઈ કારણ નથી. જૈસે કો તૈસા મિલા જેવો ઘાટ છે.'

'હું અદેખાઈ ક્યાં કરું છું! આ તો હું મનથી જેમ ઇચ્છતી હતી એમ જ થઈ રહ્યું છે એટલે મારે મન તો આનંદનો અવસર છે.' મેઘનાએ મલકાતાં કહ્યું.

થિયેટર પર કિશોર મળી ગયો. એને જોઈ શાલિની જરા ખચકાઈ ગઈ. જીતુભાઈની હાજરીમાં એની સાથે વાત કરતાં એને જાણે સંકોચ થતો હોય એમ લાગ્યું. પણ મેઘના તો જાણે એને વરસોથી જાણતી હોય એમ એની સાથે વાતે વળગી: 'આપણો એક વાયદો પેંડિંગ છે. તમે મને તે દિવસે ચોપાટી પર મળવાનો વાયદો કર્યો હતો એ યાદ છે કે ભૂલી ગયા છો?'

'એ વાયદો તો મને યાદ છે પણ પછી એ કામ બારોબાર પતી ગયું એટલે મેં યાદ નહોતો કર્યો.' કિશોરે શાલિની તરફ ઇશારો કરતાં કહ્યું.

'અમને ખબર નહીં કે તમારો બન્ને જણાંનો પિક્ચરનો પ્રોગ્રામ છે નહીં તો અમે બધાં આમ સહકુટુંબ ન આવત ને!' મેઘનાએ શાલિની તરફ ઇશારો કરતાં કહ્યું.

'એની વાત જ જવા દે ને! એના સુરતમાં આવ્યાની ખબર મને તે દિવસે ડુમ્મસમાં પડી. બે દિવસ હૉસ્પિટલમાં મળ્યો તે જ માફ. સુરતમાં આવીને એક ફોન કર્યો હોય તોય ગનીમત.' શાલિનીએ કહ્યું.

'આજે જ સુરતમાં આવ્યો છું ને રમતુને ત્યાં ઊતર્યો છું. એને આજે ઓવરટાઈમ છે ને દસ વાગ્યા સુધી ઘેર આવવાનો નથી એટલે આ તરફ નીકળી પડ્યો.' કિશોરે બચાવ કરતાં કહ્યું.

'એવું હોય તો અમારે ત્યાં આવ્યો હોત તોય તને કોઈ કાઢી ન મૂકત.' જીતુભાઈ વચમાં પૂરાયા.

‘આવવાની વાત જ શી જ્યાં એને ફોન કરવાનીય નવરાશ ન મળતી હોય ત્યાં?’ શાલિનીનો કચવાટ બહાર આવી ગયો.

‘એમ ગુસ્સો કરવાની જરૂર નથી. કાલે સવારથી જ મારી બેગ તમારે ત્યાં આવી જશે ને સાથે હું પણ.’

‘તું કેવડી બેગ લઈને આવ્યો છું એ જોયા પછી તું કેટલા દિવસ રહેવાનો છું એની ખબર પડશે.’

‘એ તો તું બેગ જોઈને જ નક્કી કરજે ને!’

ત્યાં થિયેટરમાં દાખલ થવાનાં બારણાં ખુલ્યાં એટલે બધાં અંદર જઈ બેઠાં.

# ૧૩. મેઘના ને જીતુભાઈ

રાગિણી ને પ્રણવ સુરત આવીને પાછાં ગયાં ત્યારે જો કોઈને સૌથી વધારે આનંદ થયો હોય તો તે શાલિનીને થયો હતો. જીતુભાઈની શુશ્રુષાની જવાબદારી મેઘનાએ ઉપાડી લીધી હતી ને એમાંથી એ બેય વચ્ચે પ્રેમ પાંગરતો જણાતાં શાલિનીનું મન હર્ષથી પુલકિત થઈ રહ્યું હતું. તેમાં પ્રણવ અને રાગિણીના આવવાથી ભંગાણ સર્જાવાની શાલિનીને ભીતિ હતી.

જો કે મેઘનાનો પ્રણવ પ્રત્યેનો વહેવાર જોયા પછી તેને એ ભીતિ અસ્થાને લાગી હતી છતાં એનું ગભરું મન તોય ગભરાઈ તો રહ્યું જ હતું. તેને મનમાં એમ લાગ્યા કરતું હતું કે પ્રણવ આવ્યો ત્યારે મેઘના જે રીતે વર્તી રહી હતી તેમાં પ્રણવના ગયા પછી ઘણો બદલાવ આવી ગયો હતો. એને લાગતું હતું કે પ્રણવ જો બે દિવસ વધારે રોકાયો હોત તો મેઘના એના પ્રત્યે પાછી ઢળી ગઈ હોત.

પ્રણવ અને જીતુભાઈની સરખામણી કરવા એનું મન તૈયાર જ ન હતું. એ તો મનથી માની જ બેઠી હતી કે મેઘનાને જીતુભાઈની વચમાં પ્રણવ ક્યારેય ન આવી શકે. પરંતુ પ્રણવ અને મેઘના વિવાહિત હતાં. પ્રણવ મેઘનાનો બાળપણનો ને કિશોરાવસ્થાનો દોસ્ત હતો. તે દૂર હતો ત્યારેય એ જીતુભાઈ અને મેઘનાની વચ્ચે અંતરાય બનીને ઊભો હતો એમ માનવાને શાલિની ઘણાં કારણો હતાં. અરે, એ સુરત આવ્યો ત્યાર પછી મેઘના ઘણી બદલાઈ ગયેલી ક્યાં લાગતી ન હતી!

તે દિવસે એ જીતુભાઈને પરાણે પિક્ચરમાં લઈ ગઈ પછી એમની તબિયત પણ કથળી હતી. છેલ્લા બે દિવસથી તો એમનો તાવ પણ ૧૦૧થી ૧૦૨ ડીગ્રી રહ્યા કરતો હતો. મેઘનાને એ વાતની ખબર હોવા છતાં એ એમની ખબર કાઢવા સુધ્ધાં ડોકાઈ ન હતી.

શાલિનીએ એને જીતુભાઈની કથળતી તબિયત વિષે ખબર

આપ્યા ત્યારે સાથે ચાલ્યાં આવવાને બદલે એણે આવવાનો વાયદો જ કર્યો હતો: ‘આજે તો મારે ઘેર ગયા સિવાય ચાલે તેમ નથી પણ કાલે કૉલેજમાંથી છૂટીને હું તારે ત્યાં આવીશ.’ એણે લુખ્ખુ થીંગડું મારવા પ્રયત્ન કરતાં કહ્યું હતું: ‘એમને બહુ બોલવા ન દેતી ને દવા સમયસર લે એની કાળજી રાખજે.’ કહેતાં એ વેવલું લાગે એવું હસી પણ હતી.

ને એના વેવલા થીંગડા પર હસતાં શાલિનીએ કહ્યું હતું: ‘રહેવા દે તારું એ ડહાપણ. જાણે મારા કરતાંય તને એમના પર વધારે લાગણી વરસી જાય છે તે!’ મેઘનાને આવો ચીમકીભર્યો જવાબ દઈને એ એનાથી છૂટી પડી હતી.

પરંતુ પ્રણવના આવી ગયા પછી મેઘનાના વર્તનમાં જે ફેરફાર આવી ગયો હતો એની તો એને આ અને આવા બીજા બેત્રણ પ્રસંગો પરથી જ ખબર પડી ગઈ હતી. એણે મેઘના ને જીતુભાઈના ગાઢ થતા જતા સંબંધથી મનમાં જે કલ્પનાઓ કરી હતી તે ભાંગી પડતી એ અનુભવી રહી.

એ ઘેર આવી ત્યાં જીતુભાઈએ પૂછ્યું: ‘હમણાંની મેઘના કેમ જણાતી નથી? એ અમદાવાદ તો નથી ગઈ ને!’

હવે એમને શો જવાબ આપવો એ જ શાલિનીને ન સમજાયું. મેઘના એની મિત્ર હતી ખરી પણ તે પારકી હતી ને જીતુભાઈ તો પોતાના ભાઈ હતા. તેમના વર્તનમાં છેલ્લા એક મહિનાથી થઈ રહેલા ફેરફાર શાલિનીની નજરથી ક્યાં છૂપા હતા! સૂકાઈ ગયેલી ડાળીઓ પર કૂંપળ ફૂટતી હોય તેમ એ ખીલી રહ્યા હતા.

તેમને ખોટો જવાબ આપતાં તેનું હૈયું વલોવાઈ રહ્યું પણ ભાઈના દિલનો વિચાર કરીને તેણે કહ્યું: ‘આજે એ મળી હતી ને તમારા ખબર પૂછતી હતી પણ તેને આજે વહેલાં ઘેર જવું પડે એમ હતું એટલે કાલે કૉલેજમાંથી સીધી અહીં આવશે એમ કહેતી હતી.’ કહેતાં એમે મનથી નક્કી કરી લીધું કે જરૂર પડશે તો એની સાથે લડીને પણ એને કાલે તો ઘેર પકડી જ લાવશે.

તે દિવસે જીતુભાઈનો તાવ ૧૦૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ક્યારેક તે હસતાં તો ક્યારેક લવરીમાં અસંબંધ વાતો કરતા

રહેતા હતા.

ડૉક્ટર કહેતા હતા કે એ તો એમની રમૂજી સ્વભાવને કારણે થતી પ્રક્રિયા છે એટલે એમાં ચિંતા કરવા જેવું નથી. છતાં શાલિની ગભરાતી હતી. એને મનમાં ચોક્કસ લાગવા માંડ્યું હતું કે મેઘના તરફથી થઈ રહેલી ઉપેક્ષા જ આને માટે કારણભૂત હતી.

'તેણે મારી ખબર કાઢવા આવવું જ જોઈએ એમ હું નથી માનતો. તેણે પોતાનાં કામ શા માટે ખોટી કરવાં જોઈએ!' કલાક પછી એમણે પોતાના સવાલના જવાબમાં હોય એમ શાલિનીને કહ્યું.

'એની મને તો શી ખબર પણ જો એણે આવવું જોઈએ એમ એ માનતી હશે તો કાલે એ જરૂર આવશે.' શાલિનીએ પોતાનો મેઘના પ્રત્યેનો ગુસ્સો છુપાવતાં કહ્યું.

'એક દિવસ રેડિયો પર હવામાનના સમાચાર સાંભળ્યા હતા.'

'એમાં નવું શું છે? હવામાનના સમાચાર તો રોજ આવે જ છે.'

'પણ એ બહુ ચોક્કસ હતા. એમાં એમણે જણાવ્યું હતું કે જો વરસાદ નહીં પડે તો હવામાન સૂકું રહેશે.' જીતુભાઈ પાછા પોતાના મૂળ સ્વભાવ પર આવી ગયા.

'એ સમાચાર કેમ આજે જ સાંભરી આવ્યા?'

'આજે આપણા ઘરના રેડિયો પર પણ એવા જ સમાચાર સાંભળ્યા એટલે એ યાદ આવી ગયા.'

'તમે હવે વાતો કરવાની ઓછી કરશો? આજે મેઘનાએ પણ તમારી બકબક કરવાની ટેવ વિષે ટીકા કરી હતી.'

'મેઘનાએ કહ્યું માટે, એમ કહીને તું શું એમ કહેવા માગે છે કે તારા કરતાં મારે મન મેઘનાના આદેશનું વધારે મહત્ત્વ છે?'

'એમ હોય તોય એમાં ખોટું શું છે?'

'ઘણું. તું આમ કરીને કહેવા શું માગે છે?'

‘તમારા દિલને જ પૂછી જુઓ ને! હૉસ્પિટલમાં મેઘનાને કહ્યે જે પરહેજી પાળતા હતા એવી પરહેજી ઘરમાં કોઈને કહ્યે તમે પાળો છો ખરા?’

‘તારી આવી સંકુચિત વિચારસરણીને કારણે જ એનો અહીં આવતાં કદાચ પગ નહીં ઊપડતો હોય.’

‘કોની વાત ચાલે છે?’ કહેતાં રૂમમાં આવી પહોંચેલાં બા વચમાં પુરાયાં.

‘કોઈની નહીં બા, અમે તો મેઘનાની વાતો કરતાં હતાં.’

‘હા, હમણાંની કોટલાય દિવસથી એ આવી નથી. આપણી દોડાદોડી કરતાં એવીએ ત્યાંક માંદી ન પડી ગઈ હોય!’ માનો સ્વભાવ બોલી ઊઠ્યો.

‘એમ કાંઈ એ માંદી પડે તેમ નથી. આપણને બધાંયને માંદાં પાડીને એ માંદી પડે એમ છે. પણ એ આવતી નથી ને મોટાભાઈનો તાવ ઊતરતો નથી.’ શાલિનીનો કચવાટ બોલી ગયો.

‘એ વળી દાક્તર ખરી ને!’ જીતુભાઈ વચમાં પુરાયા.

‘એ ભલે દાક્તર નથી પણ હૉસ્પિટલના પેલા દાક્તરનો એને માટેનો કેવો અભિપ્રાય હતો એની તો તમને ને મને બેયને ખબર છે ને!’

‘આપણું રેડિયો સ્ટેશન ક્યાં સુધી ચાલુ રહેવાનું છે?’ ખોટો કંટળો દર્શાવતાં જીતુભાઈએ કહ્યું.

‘જ્યાં સુધી કોઈક પરણી ન જાય ત્યાં સુધી.’

‘કોની તારી વાત કરે છે ને! તારી તો મને ખબર છે. હું હરતો ફરતો થઈ જાઉં એટલી જ વાર છે. તારાં લગ્ન પતાવી દઈશું, બસ? બહુ વાટ જોવી બરાબર નહીં.’

‘એ વિધાન તો તમને વધુ બંધબેસતું થાય છે.’

‘હું તારાં લગ્નની વાત કરું છું.’

‘ને હું તમારાં લગ્નની વાત કરું છું.’

'ને હું તમારાં બેયના લગ્નની વાત કરું છું. હું તમને બેયને ખીલે બાંધીને છૂટી થઈ જવા માગું છું.' છેવટે બાએ વાતનું પૂર્ણવિરામ મૂક્યું.

'બા એમાંનો એક ખીલો મજબુત ચોડાવજો.'

'હા બા, એ એમને માટે જ કહે છે. એમને મજબુત ખીલો જોઈશે.' શાલિની હાર સ્વીકારે એ વાતમાં જ શો માલ?

'ને તારે માટેય મજબુત ખીલો જોઈશે એવું કહેવું છે ને તારું?'

'તમે હવે ખોટી દલીલબાજી બંધ કરો તો હું તમારી દવા કાઢું.' હસતાં શાલિનીએ વાતનું પૂર્ણવિરામ મૂક્યું. મેઘના સાથે થયેલી વાતથી આજે એનું મન ચકરાવે ચઢી ગયું હતું. એટલે તો એ જીતુભાઈને બીજી વાતોમાં ખેંચી રહી હતી.

'અરે, પાછી દવા? ને તેય તારા જેવી કડવી હશે.'

'મેઘના કાઢી આપે તો મીઠી લાગતી હશે!'

'શાલિની તું મહેરબાની કરીને ફરીથી આવી મૂર્ખામીભરી વાત ન કરીશ. તું ભલે મજાકમાં આવું કહેતી હોય પણ મેઘનાને કેવું લાગે?'

'હું મૂર્ખામીમાં બોલતી હોઈશ એમ તમને લાગતું હોય તો એમ, હવે નહીં બોલું, બસ.'

'પાગલોના સવાલના જવાબ ભગવાન પણ આપી શકે નહીં એમ એક ફિલોસોફરે કહ્યું છે.'

'નિરાશવાદીનો હાથ ભગવાન પણ પકડતો નથી એમ પણ એક ફિલોસોફરે કહ્યું છે.'

'તમે બેય આમ સામસામે બોલબોલ નીં કરો ને.' છેવટે બાનો હુકમ છૂટ્યો ને થોડી વાર માટે ત્યાં શાંતિ સ્થપાઈ.

વાતને રોળીટોળી નાખવા જીતુભાઈ બહારથી ગમે તેટલા પ્રયત્ન કરે પણ મેઘનાનું આમ મોં ફેરવી જવું તેમને અંદરથી આઘાત આપવા માટે પુરતું હતું.

મેઘનાના વિવાહ પ્રણવની સાથે થઈ ગયેલા હતા એ વાત જ્યાં સુધી પ્રણવ સુરત આવ્યો ત્યાં સુધી જીતુભાઈ જાણતા ન હતા ને અકસ્માત થયા પછીનું મેઘનાનું વર્તન જોતાં એમને તો એમ પણ લાગી રહ્યું હતું કે મેઘનાના દિલમાં એમના પ્રત્યે કુણી લાગણી જન્મી ચૂકી હતી.

પણ પ્રણવના સુરત આવી ગયા પછી એમને મેઘનાની સાચી પરિસ્થિતીનું ને પાતાની ભાવનાઓનું સ્પષ્ટ દર્શન થઈ ગયું હતું. છતાં પેલું મન માંકડું હજુ મેઘનાનાં સ્વપ્નો જોવામાંથી પાછું હઠવા તૈયાર થતું ન હતું. એમનું વ્યહારું મન પોતાની સાથે પ્રણવની તુલના પણ કરતું હતું.

પોતાની ને મેઘનાની ઉંમરમાં લગભગ ત્રણેક વર્ષનો તફાવત હતો એ તો જાણે ચાલી જાય. પણ સામે પ્રણવ મેઘનાથી એક જ વર્ષ મોટો હતો. વળી તે દેખાવે પણ પોતાનાથી વધારે સુંદર અને ઘાટીલો હતો અને આ તો આજની છોકરીઓને જોઈતું હોય. એને છોડીને મેઘના પોતાના પર કળશ ઢોળે એ માન્યામાં આવે એવું ન હતું.

એક વખત પોતે હાથે કરીને જ પોતાના જીવનની હરિયળી ભૂમિને વેરાન બનાવી મૂકી પાનખર સાથે પ્રીતની ગોઠડી વહોરી લીધી હતી એ વાત પોતાના હૉસ્પિટલ વાસ દરમિયાન એમને હલમલાવી ગઈ હતી.

મેઘના સાથેના ટૂંકા પરિચયે એમનાં પાનખરનાં ઠુંઠાં પર જાણે પ્રેમની કૂંપળો ફૂટવા માંડી હતી. ત્યાં આ મનની માની લીધેલી મંઝીલ જ મૃગજળ સાબિત થઈ જતી લાગતાં એ મનથી ભાંગી પડ્યા હોય એમ અનુભવી રહ્યા હતા.

એટલે જ એમણે કૉલેજમાંથી આવેલી શાલિનીને આજે પહેલો જ પ્રશ્ન મેઘના વિશે જ પૂછ્યો હતો ને! ને શાલિનીના જવાબે એમને વિચાર કરતા કરી મૂક્યા હતા. એમણે મનમાં જ તર્ક કરવા માંડ્યા: એણે પ્રણવના સુરત આવ્યા પછી નવેસરથી વિચાર્યું હશે અને પોતાની અને પ્રણવ વચ્ચે સરખામણી પણ કરી હશે.

પણ એ વધારે વિચારે તે પહેલાં મેઘના આવી પહોંચી.

એણે આવતાં જ જીતુભાઈને કપાળે હાથ મૂક્યો ને બોલી ઊઠી: ‘એમને આટલો તાવ છે ને તું આમ ઊભી છે શું? બરફ લઈ આવ એમને કપાળે પોતાં મૂકવાં પડશે.’

‘લુચ્ચી, મેં કૉલેજમાં કહ્યું ત્યારે તો એમ કહેતી હતી કે તારે અગત્યનું કામ છે એટલે ઘેર ગયા સિવાય ચાલે તેવું નથી.’ શાલિની બોલ્યા સિવાય ન રહી શકી.

‘તે અગત્યનું કામ તો હતું જ. બે ચાર જોડી કપડાં લીધા વગર તારી સાથે કૉલેજમાંથી બારોબાર થોડું જ ચાલી અવાય?’

‘એટલે તું રહેવા જ આવી ગઈ છું, એમ જ ને.’ કહેતાં શાલિની બરફ લેવા અંદર ગઈ.

‘મેં હમણાં જ શાલિનીને પૂછ્યું હતું કે એણે તને મારી આ નવી માંદગીના સમાચાર આપ્યા કે નહીં. મારો એવો હક તો નથી પણ મન તારી હાજરી ઝંખતું હતું એ તો મારે કબૂલ કરવું જ રહ્યું.’

‘તમારો એવો હકેય છે ને મારી એ ફરજ પણ છે. એમાં કબૂલ કરવાની વાત ક્યાં આવી?’

‘પ્રણવને જોયા પછી ને એના સ્વભાવનો પરિચય થયા પછી મને લાગવા માંડ્યું છે કે એની ને તારી જોડી બહુ જામશે.’

‘તમે એવી જોડીઓ જમાવ્યા વગર તમારી તબિયતનું ધ્યાન રાખો.’

‘બે દિવસથી મને એવા વિચારો પણ આવવા લાગ્યા છે કે જીવનનું કશું ધ્યેય ન હોય એવું જીવન લંબાવ્યા કરવાથીય શો ફાયદો?’

‘એવા પાયા વગરના વિચારો કરીને જ તમે તમારી તબિયત પાછી બગાડી મૂકી છે. હવે એવું વિચારવાનું ને કામ વગરનું બોલવાનું બંધ કરો.’ મેઘનાએ જાણે હુકમ કર્યો.

‘ઓકે, જેમ તું કહે છે એમ, બસ?’ કહી જીતુભાઈએ કપાળ પર ફરતા મેઘનાના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

શાલિની બરફ લઈને આવી ને મેઘનાએ જીતુભાઈના કપાળે પોતાં મૂકવા માંડ્યાં. ને જાદુ થયો હોય એમ જીતુભાઈને

ઊંઘ આવી ગઈ.

'તું આવી ગઈ એ બહુ સારું થયું. આ બે ભાઈ બેન તો તું નથી હોતી તીયારે એવી કાગારોળ કરીયા કરે છે કે જીતુને ઊંઘ આવતી હોય તોય ભાગીન જાય?' બાએ કહ્યું ને શાલિની સલકાઈ રહી.

# ૧૪. રાગિણીની દ્વિધા

તો સામે પક્ષે અમદાવાદમાં રાગિણી પણ એવું જ ક્યાં વિચારતી ન હતી? એનેય લાગવા માંડ્યું હતું કે એમને બેચાર દિવસ સુરતમાં વધારે રહેવાનું થયું હોત તો પોતે પ્રણવને ખોઈ જ બેઠી હોત. એણે હવે મનથી નક્કી કરી લીધું હતું કે ગમેતેમ કરીને પણ પોતે પ્રણવને પોતાના વશમાં કરી લેવા નવો દાવ અજમાવવો જ પડશે.

પરીક્ષાઓ પત્યે મેઘના પાછી અમદાવાદ આવશે ત્યારે એ બેયને ઘણા દિવસ મળવાના હતા. જો કે વડીલોની પાબંધી તોડીને છાનાંછપનાં મળવાના અવસર એમને એટલા બધા મળવાના ન હતા. ને પોતેય એમને એવા અવસર ન મળે એ માટેના પ્રયત્ન કરવામાં પાછી પાની કરવાની ન હતી.

ને છતાંય એ લોકો એવા પ્રસંગ ઊભા કરે તો પોતે એમાં હાજર રહીને એમની વાતોને બીજે પાટે ચડાવી દેવા ક્યાં વચમાં ઊભી રહેવાની ન હતી!

પછીની બાકીની રાત એણે પ્રણવને મેઘનાની પકડમાંથી છોડાવવાના અવનવા પ્લાન ઘડવામાં જ વિતાવી.

બીજે દિવસે કૉલેજ ખુલવાના સમય પહેલાં રાગિણી પ્રણવની રાહ જોતી કૉલેજના મેઈન ગેટની બહાર આંટા મારતી હતી. જેવો પ્રણવ આવ્યો કે એ શરૂ થઈ ગઈ: ‘હું ક્યારનીય તારી રાહ જોતી હતી. ચાલ, ક્યાંક બહાર જઈએ. મારે તારી સાથે ઘણી વાતો કરવી છે.’

‘એ માટે આપણી પાસે ઘણો સમય છે. પહેલાં બે લેક્ચર એટેન્ડ કરી લઈએ.’

‘લેક્ચરને માર ગોળી, ચાલ.’ કહેતાં રાગિણી પ્રણવનો હાથ પકડી તેને ખેંચવા માંડી. એકબે જણાંએ એમને આમ ખેંચતાણ કરતાં જોઈને એકબીજા સામે ઇશારા કરતાં હસી પણ લીધું. પણ આજે એ ઇશારા જોવાના કે એનો મર્મ સમજવાના

મૂડમાં ન હતી.

'મારો હાથ છોડ. હું તારી સાથે આવું છું પછી આમ બધાંની વચ્ચે આપણને બેયને મજાકનાં કેન્દ્ર શા માટે બનાવે છે? બોલ, ક્યાં જવું છે?'

ને ક્ષોભ સાથે પ્રણવનો હાથ છોડી દેતાં રાગિણીએ કહ્યું: 'દૂર એકાંતમાં જ્યાં તારા ને મારા સિવાય બીજું કોઈ ન હોય ત્યાં.'

'અહીં અમદાવાદમાં તો એવી જગ્યા મળવી મુશ્કેલ છે. હા, મોઢેરા કરફ જઈએ તો આખું સ્ટેડિયમ આજે તો ખાલી છે.' પ્રણવે મજાક કરી.

રાગિણીની દોડ કાંકરિયા આવતાં ધીમી પડી. ને બેય જણાં કાંકરિયાને કિનારે એક પાટલી પર ગોઠવાયાં. 'બોલ હવે, એવી તે કઈ તે અગત્યની વાત તારા મનમાં ઘૂમરાઈ રહી છે કે તું મને છેક કૉલેજમાંથી ખેંચી લાવી?' પ્રણવે મલકાતાં પૂછ્યું.

પળભર તો રાગિણી વાત ક્યાંથી શરૂ કરવી એ વિચારતાં ગૂંચવાઈ રહી પણ છેવટે બોલી: 'મારે તને મેઘના વિશે વાત કરવી છે. તેં એનું જીતુભાઈ પ્રત્યેનું વર્તન જોયું હતું ને! એ ચોક્કસ એમના પ્રેમમાં પડી છે.'

'જો એમ હોય તો વધું સારું. આપણે એનાથી છૂટકારો મેળવવામાં તકલીફ ઓછી.'

'તું ત્યાં મારી સાથે બહુ અતડો ન રહ્યો હોત તો એના મનમાં પણ આપણે શંકા જન્માવી શક્યાં હોત. પછી વેવિશાળ તોડી નાંખવાની પહેલ કરવા માટે એને પણ સબળ કારણ મળત ને!'

'વેવિશાળ તોડી નાખવાની વાત તું માને છે એટલી સરળ નથી. વળી હું કે મેઘના અમારાં વડીલોને એવું કહી શકીએ એવી અમારામાં હિંમત પણ નથી.'

'એટલે તું કહેવા શું માગે છે? તું એમ કહીને સાવ પાણીમાં તો બેસી જવા નથી માગતો ને!'

'વહાલી સખી, તારી સાથે એમ કરવાનીય મારામાં હિંમત નથી. પણ આમાંથી માર્ગ કાઢવા આપણે કોઈ ચોક્કસ પ્લાન

ઘડવો પડશે.'

'તે ક્યારે? કંકોત્રીઓ છપાઈ જાય અને બેન્ડવાજાં વાગવા માંડે ત્યારે? તું કહેતો હો તો હું કૉલેજમાં વાત ફરતી કરી દઉં કે પ્રણવ ને મેઘનાનાં લગ્નની વાત કદાચ ઊડી જશે. મેઘના સુરતમાં કોઈના પ્રેમમાં પડી ગઈ છે ને આ વાતની પ્રણવને ને એના ઘરનાંને ખબર પડી ગઈ છે. બોલ, શું કહે છે?'

'હું શું કહું તારા આવા તુક્કા પર? આ વાત જાણીને મારાં માબાપ જ મારી પાછળ પડી જાય અને મને પૂછે કે આમાં સાચું શું છે, તો મારે એમને શો જવાબ આપવો?' પ્રણવ ગૂંચવાતાં બોલ્યો.

'તો વાત આસાન થઈ જાય. તારે આપણે સુરતમાં જે જોયું એ તારાં માબાપને જણાવી દેવાનું ને વધારામાં ઉમેરવાનું કે એના મન વગર એની સાથે પરણીને તું પણ સુખી નહીં રહી શકે. પછી જોજે ને કે તમારાં લગ્નની વાત ચપટી વગાડતાંમાં જ હવામાં ઊડી જશે.'

'મને નથી લાગતું કે મારાં માબાપને આવી વાત કરતાં મારી જીભ ઊપડે. આપણે કોઈ બીજો રસ્તો વિચારવો પડશે.'

'જો બધાં પ્રેમલગ્નમાં વડીલોના જ પ્રોબલેમ હોય છે. શરૂમાં એમને થોડું મનદુખ થાય છે પણ છેવટે એ લોકો એને સ્વીકારી લેતાં હોય છે.'

'એ બધી વાતો તો પછીની છે. અત્યારે તો આ વાત એમના ધ્યાન પર કેવી રીતે લાવવી કે જો વિવાહ તોડી નાખવામાં નહીં આવે તો મેઘના ને હું બેય દુખી થઈ જઈશું, એ જ મૂળ સવાલ છે.'

'ને એનો ઉપાય પણ તારે જ કરવાનો છે. મારાથી એમાં કાંઈ થઈ શકે તેમ હોય તો મને કહે. તું કહે એમ કરવા હું તૈયાર છું.'

'હજુ પરીક્ષાની આડે ચાર મહિના છે. ત્યાં સુધીમાં કોઈ ને કોઈ રસ્તો જરૂર નીકળી આવશે. તું ધીરજ રાખ.' પ્રણવે રાગિણીને સાંત્વન આપતાં કહ્યું તો ખરું પણ એય રસ્તો ક્યાંથી નીકળી આવશે એની જ અવઢવમાં હતો.

‘આપણે બીજી કોઈ રીતે મેઘના અને જીતુભાઈની લવસ્ટોરીને ચગાવીએ તો?’ રાગિણી જેટલી વધારે ગભરાતી હતી એટલા જ નવા તુક્કા લડાવવા એ તત્પર થઈ જતી હતી.

‘એવું કરતા પહેલાં મારે ફરીથી એક વખત અચાનક જ સુરત જઈને એ બે વચ્ચે પ્રેમસંબંધ છે કે સામાન્ય દોસ્તીનો વ્યવહાર છે એની ખાતરી કરી લેવી જોઈએ.’

‘તો આવતે અઠવાડિયે ફરીથી એક આંટો સુરતનો મારી આવીએ.’

‘આપણે બેય સાથે સુરત જઈએ એવું તો તું નથી વિચારતી ને!’

‘એમાં શો વાંધો છે? વળી મારે તો મારાં સગાં પણ સુરતમાં છે એટલે મારા સુરત જવાની મારાં બા પાસેથી મને રજા પણ મળી જશે.’

‘મારું કહેવું એમ નથી પણ આપણે બેય એક વખત તો સાથે સુરત જઈ આવ્યાં છીએ, વળી પાછાં બેય સાથે જઈએ તો મેઘના શું વિચારે!’

‘એ એવું વિચારે તો બીજું જોઈએ જ શું? ને આ વખતે તો હું પણ એની આંખમાં આવે એવી રીતે તારી સાથે વર્તીશ. પછી ભલે ને જલી મરતી. આપણેય એવું જ ઇચ્છીએ છીએ ને!’ રાગિણી તો છેલ્લે પાટલે જઈને બેઠી હતી પણ પ્રણવ મનમાં મૂંઝાઈ રહ્યો હતો.

પ્રણવ અને રાગિણીના બેયના મનમાં મેઘનાને ફૂટાડવાના આવા જાતજાતના પ્લાન ઘડાતા હતા પણ એમાંનો એકેય પ્લાન એમને અમલમાં મૂકવા જેવો લાગતો ન હતો. રાગિણીને લાગતું હતું કે પ્રણવ ગંભીરતાથી આ અંગે વિચારતો જ ન હતો.

છેવટે એણે મનથી નક્કી કર્યું કે પ્રણવને પૂછ્યા સિવાય એણે પોતે જ કોઈ અફવા વહેતી મૂવી પડશે. પછી એના જેવા પ્રત્યાઘાત પડવા હોય એવા ભલે પડતા. એમ વાતોનાં વડાં કર્યા કરવાથી આ સમસ્યાનો કાંઈ ઉકેલ આવી જવાનો ન હતો.

ને રાગિણી એક વખત કશું કરવાનું નક્કી કરે પછી એ

ભગવાનનુંય સાંભળે એવી ન હતી. બીજે જ દિવસે એણે એક બેનપણીના કાનમાં જાણે એને એકલીને જ કહેતી હોય એમ એક ખાનગી વાત કરી: ‘પ્રણવ ને મેઘનાનાં લગ્ન તૂટવાની અણી પર છે. મેઘનાએ સુરતમાં લફરું કર્યું છે ને પ્રણવને એની ખબર પડી ગઈ છે. એટલે તો પ્રણવ છેલ્લા દસેક દિવસથી ઉદાસ થઈને ફર્યા કરે છે.’

પછી તો આ વાત એક જ દિવસમાં એક કાનથી બીજા એમ સેંકડો કાનમાં ખાનગીના લેબલ નીચે વહેતી થઈ ગઈ. પ્રણવ આખી કૉલેજમાં જાણીતો હતો એટલે વાત ઝડપથી પ્રસરવા માંડી. કોઈક દોસ્તે પ્રણવને બાંધેભારે પૂછ્યુંય ખરું: ‘આ પરીક્ષા પત્યે તારાં લગ્ન નક્કી જ છે ને!’

‘અમારે તો વડીલો કહે એમ કરવાનું છે. એ લોકો તારીખ નક્કી કરે એટલે મારે તો ઘોડે ચઢી જવાનું છે. તનેય કંકોતરી લખીશ જ ને!’

‘ભાઈ, અમારી નાતમાં તો તમારી જેમ આમ વિવાહ અને લગ્નની વચમાં આખા વરસનો ગાળો ના ચાલે. કાલે સવારે શુંય થઈ જાય. અમારે તો મોડામાં મોડાં વિવાહને પછીને મહિને તો લગ્ન પતી જ જાય. મોડું કરીએ તો લગ્ન તૂટી જાય પણ ખરાં. અમારે તો તરત દાન ને મહા પૂન્ય કરવું જ પડે.’

છેવટે આ અફવા ફરતી ફરતી પ્રણવને કાને તેના મૂળ સ્વરૂપે પહોંચી ગઈ. એને થયું કે રાગિણીનું જ આ કારસ્તાન હોવું જોઈએ. એણે રાગિણીને પકડી: ‘તેં જ આ વાત ઉડાડી છે ને!’

‘ના, આપણે તે દિવસે વાત થઈ પછી મેં તો મનથી નક્કી કરી લીધું છે કે તું કોઈક રસ્તો કાઢે ત્યાં સુધી રાહ જોવી. મને લાગે છે કે આપણી કૉલેજના કોઈકનું સુરત કનેક્શન હશે ને તેણે આ વાત ઉડાડી હશે.’

‘મારાં માબાપને કાને આ વાત પહોંચશે તો એ મને આ અંગે પૂછશે તો મારે તો એમને જવાબ દેતાંય મુશ્કેલી પડશે.’

‘એમાં શું? તારે હિંમત રાખીને આપણે સુરતમાં જે જોયું તે વાત કરી દેવાની. એ લોકો સામેથી પૂછતાં હોય તો તું ખોટી શરમમાં ન રહેતો. તું એક વખત એમને જેવો તેવોય જવાબ

આપી દે ને બીજે દિવસે હું તારી વાતમાં હાજિયો પુરાવવા આવી જઈશ ને તારાથી શરમમાં જે નહીં કહેવાયું હોય એય એમને વિગતવાર જણાવી દઈશ.'

'એમને તો હજુ એ વાતનીય ખબર નથી કે તું મારી સાથે સુરત આવી હતી.'

'કેમ હું મારી બેનપણીને મળવા સુરત ન જઈ શકું? વળી મારે તો સુરતમાં મારાં સગાં પણ છે. તું એક વખત એમને જવાબ આપી પછીનું હું મારી રીતે સંભાળી લઈશ. તું ચિંતા ન કરતો.'

ને પ્રણવને જેની ચિંતા હતી એ જ વાત એની સામે આવી ગઈ. એના પિતાએ એને પૂછ્યું: 'હું આ શું સાભળું છું? તારી ને મેઘનાની વચમાં ભંગાણ પડ્યાની શી વાત છે?'

'મને તો કશી ખબર નથી. તમને આવી વાત કોણે કરી?' પ્રણવે અજાણ્યા હોવાનો દેખાવ કરતાં કહ્યું.

'તારી કૉલેજમાંથી જ કોઈએ વાત ઉડાવી હશે. મને તો આ વાત વ્રજરાય પાસેથી જાણવા મળી. એમાં સાચું શું છે?'

'મારે તપાસ કરવી પડશે કે આવી વાત કોણે ઉડાડી છે. હું સુરત ગયો ત્યારે મને એવું કાંઈ લાગ્યું ન હતું. હા મેઘનાની એક નવી બેનપણી થઈ છે તેને ત્યાં એ વારંવાર જાય છે. એટલે કોઈ કદાચ આવી વાત ઉડાડી હશે.'

'પણ આવી અફવા કોઈ ફેલાવે શું કામ? તું તપાસ કરીને મને જણાવજે. આમાં તો આપણે શરમાવાનું થાય.' એના બાપુજીએ કહ્યું. પ્રણવની પાસે જવાબ તૈયાર હતો પણ તેનાથી એ અપાય એવો ક્યાં હતો!

'હું તપાસ કરી લઈશ. જેણે આ વાત ઉડાડી હશે એને ઉઘાડો પાડીને એની પાસે માફી મંગાવી લઈશ.' એણે કહ્યું.

'એ જેણે ઉડાડી હોય એણે પણ એ વાતની ચકાસણી તો કરવી જ જોઈએ ને! એના કરતાં હું ને તારાં બા સુરત જઈ આવીએ એટલે વાત કેમ ઊડી એની ખબર પડી જશે. તારાં બા તો બે દિવસથી ગળામાં જીભ ઘાલતાં નથી. એમને તો એમ જ થઈ ગયું છે કે વિવાહ ટૂટી જશે ને સમાજમાં આબરૂ જશે.'

‘એમ લોકોની આવી વાતોથી વિવાહ થોડા તૂટે! તમે બેય વડીલો જો મક્કમ હો તો વિવાહ તૂટે કેમ? પણ આવી વાતો સાંભળીને મારેય શરમાવાનું થાય છે.’

‘એટલે જ કહું છું કે હું ને તારાં બા સુરત જઈ આવીએ એટલે સાચી વાતની ખબર પડી જશે. જો આ વાત સાચી હશે તો આપણે એનો ઘરમેળે નિકાલ કરીશું. આપણે એમની સાથે સંબંધ બગાડવો નથી.’

‘તમે ત્યાં જઈને શું કરશો? આપણાથી એને સામે બેસાડીને કાંઈ થોડું જ પૂછાશે? કે ન તો એનાં માબાપથી એને પૂછાશે.’

‘અમે તો જઈને વેવાઈને પૂછીશું કે આવી વાત ઉડી છે તે એની તપાસ કરીને તમે કહો તેમ કરીએ. એટલે એમનેય તપાસ કરવી પડશે. કદાચ એમને કાને આ વાત આવી ગઈ પણ હશે ને એમણે મેઘનાને પૂછી પણ લીધું હશે. જે હશે તેની ચોખવટ થઈ જશે.’

‘તમને ઠીક લાગે તેમ કરો પણ આવું થાય એટલે એ લોકો સાથેના સંબંધ તો બગડશે જ. તમે કહેતા હો તો હું રૂબરૂ જઈ આવું ને એને જ પૂછી લઉં. મારા બેચાર દોસ્તો પણ ત્યાં છે એટલે મારે જે તપાસ કરવી હશે એ થઈ શકશે.’ શરમને બાજુ પર મૂકીને પ્રણવે કહી નાખ્યું.

‘તમે બે કદાચ લઢી પડશો. એના કરતાં અમે જઈએ તો અમને વેવાઈની પાસેથી સાચી વાત કઢાવતાં ફાવશે. આ અફવા જો સાચી હશે તો એમનેય એની ગંધ તો આવી જ ગઈ હશે ને! અમે જ જઈએ એ બરાબર છે.’

‘તમે મેઘનાને જ સીધું પૂછી લેજો ને એનો વિચાર મોળો જણાય તો વાતનો ફેંસલો લાવી દેજો. એની મરજી વિરુધ્ધ લગ્ન કરીને હું ને આપણે બધાં ક્યાંથી સુખી થઈ શકવાનાં!’ પ્રણવે શરમ છોડીને આખરે કહી જ દીધું. એને થયું કે રાગિણી કહેતી હતી એમ વાત આગળ વધી રહી હતી.

એને રીગિણી પર વહેમ હતો જ કે એણે જ આ વાત ઉડાડી હશે. એને રાગિણી પર એક વખત તો ગુસ્સો પણ આવ્યો

હતો પણ આજે એને પિતાજીની સાથે આટલી વાત થઈ તેનાથી એને લાગ્યું કે હવે વાત એની ફેવરમાં વળાંક લઈ રહી હતી.

# ૧૫. વડીલોની દ્વિધા

આખરે પ્રણવનાં માબાપે સુરત જવાનો નિર્ણય લેવો જ પડ્યો. પ્રણવે એમને બદલે પોતે જવા ઘણું કહ્યું પણ તેમણે વિચાર્યું કે પ્રણવથી શરમમાં કાંઈ કહેવાશે નહીં ને વાતને નિવેડો આવશે નહીં એટલે એમણે જ જવાનો આગ્રહ રાખ્યો ને પ્રણવે નમતું જોખવું પડ્યું.

કુંદનરાય વેવાઈ ને વેવાણને પોતાને આંગણે જોઈ શરમાઈ રહ્યા. એમણેય મેઘનાની આવી ઊડતી વાત જાણી તો હતી પણ એમને એ વાત અમદાવાદ સુધી પહોંચી હોવાની ખબર ન હતી પણ આ બેયને આમ અચાનક પોતાને ત્યાં આવેલાં જોતાં એ થોડા છપાઈ તો ગયા જ.

‘આવો, આવો. અમેય અમદાવાદ આવવાનો જ વિચાર કરતાં હતાં. બેયની પરીક્ષાઓ પતે એટલે આગળ કેમ કરવું એની વાત કરવાની આપણા કરતાં બૈરાંને વધારે ચિંતા હોય ને!’

‘જેમ તમને હોય એમ અમનેય એની ચિંતા તો હોય ને! એટલે થયું કે તમે આવો કે અમે આવીયે બધું સરખું જ છે ને. એટલે અમે વગર કહાવ્યે જ આવી પહોંચ્યાં.’

‘ભલે આવ્યાં. બે દિવસ રોકાશો એટલે આપણે બધી વાત પાકી કરી દઈશું. બધું વહેલું નક્કી થઈ ગયું હોય તો અમનેય તૈયારી કરવાની સમજણ પડે. આજે જ મહારાજને બોલાવીને મૂરત કઢાવી લઈએ, પછી વાડી વગેરે પણ બૂક કરાવી દઈએ. અમારેય લગન તો અમદાવાદમાં જ રાખવાં છે. આપણા બેયના સંબંધો બધા ત્યાં જ છે એટલે.’ કુંદનરાયે કહ્યું.

‘એક બીજીય વાત છે તે થયું કે તમારે કાને આવી હોય તો એમાં સાચું શું છે તે જાણવું છે. આપણા અમદાવાદમાં વાત ઊડી છે કે પ્રણવ ને મેઘનાના વિવાહ તૂટવાની અણી પર છે. ત્યાં

તો એવીય વાતો ફેલાઈ છે કે મેઘનાનો વિચાર લગનની બાબતમાં મોળો છે.'

કુંદનરાયને જેની બીક હતી એ જ સવાલ સામો આવ્યો એટલે એક વખત તો એ છપાઈ જ ગયા. તોય એમણે વાતને રોળીટોળી નાખતાં કહ્યું: 'એવી કશી વાત નથી. એવી વાત હોય તો અહીં અમારા કાન પર આવ્યા વગર રહે ખરી? ને એવું હોય તો હું ચૂપ રહ્યો હોઉં ખરો?'

'એની તો અમને ખાતરી છે તોય મનમાં થયું કે તમને મળીને વાતની ચોકસાઈ કરી લીધેલી સારી એટલે આવી ગયાં. મનમાં થયું કે જો છોકરાંનાં મન ન હોય ને નાતની શરમે કે વટને કારણે પરાણે પરણાવી દઈએ તો છેવટે ભોગવવાનું તો આપણે જ ને!'

'મારે કાને એવી કોઈ વાત નથી આવી પણ આજે તમે કહ્યું એટલે હું પહેલાં તો અંગત રીતે તપાસ કરી લઈશ ને પછી મેઘનાને પણ પૂછી જાઈશ. તમે આ બે દિવસ ધીરજ રાખો. દૂધનું દૂધ ને પાણીનું પાણી જે હશે તે બહાર આવ્યા સિવાય થોડું રહેવાનું છે?'

'તમે તપાસ કરો. મેં પણ અમદાવાદમાં તપાસ કરવાનું બે જણને સોંપી જ દીધું છે. જેણે આવી વાત ઉડાડી હશે એને તો આપણે પછી જોઈ લઈશું પણ પહેલાં ખાતરી કરી લેવી સારી કે આપણાં છોકરાંનાં મન તો બદલાયાં નથી ને. આજનાં જુવાન છોકરાંનું ભલું પૂછવું.'

'આટલું ભણેલાં છોકરાંને જો એકબીજા સાથે ગોઠતું ન આવતું હોય તો આપણે એમને પરાણે પરણાવીને દુખી નથી કરવાં ને આપણો અંગત સંબંધ તૂટે એવુંય થવા દેવું નથી.' કુંદનરાયે કહ્યું ને મેઘનાની બેનપણી શાલિનીને પૂછવાનું વિચારી રહ્યા.'

'એ સાંજના બેય જણા શાલિનીને ત્યાં પહોંચ્યા. શાલિની એકબે વખત કુંદનરાયને મળી હતી એટલે એમને જાણતી હતી. એણે કહ્યું: 'આવો કાકા, બેસો હું પાણી લાવું.' કહેતાં એ પાણી લેવા

અંદર ગઈ.

કુંદનરાયે એ પાણી લઈને આવી એટલે એની સાથે સન્મુખરાયનું ઓળખાણ કરાવતાં કહ્યું: 'આ અમારી મેઘનાના સસરા સન્મુખરાય. તું પ્રણવને તો જાણે જ છે. ને આ અમારી મેઘનાની બેનપણી શાલિની. બેય એક જ ક્લાસમાં ભણે છે.'

'તમે આવ્યા તો આનંદ થયો. સાંજના અહીં જ જમજો.' એણે કહ્યું.

'ના બેન, અમે બીજા જ કામે આવ્યા છીએ. ત્યાં અમદાવાદમાં કોઈકે વાત ઉડાડી છે કે મેઘના ને પ્રણવના વિવાહ તૂટવાની અણી પર છે. તું તો મેઘનાની ખાસ બેનપણી છો એટલે તને ખબર હોય જ કે આપણે પક્ષે તો એને માટે કારણ નથી આપ્યું ને?'

'અરે, એવું હોતું હશે? મેઘનાની વાત હોય તો અહીં ઊડી હોય. પણ અમદાવાદમાં વાત ઊડી છે એટલે સામે પક્ષે કશું હોઈ શકે. તમને ખબર હશે જ કે અમારી કૉલેજના એન્યુઅલ ફંક્શન પર પ્રણવ અહીં આવેલો. તે વખતે એની સાથે રાગિણી નામની એક છોકરી પણ આવી હતી. એ બન્ને મારે ત્યાં જ ઊતરેલાં.'

'પ્રણવ સુરત આવેલો એ મને ખબર છે પણ એની સાથે રાગિણી આવી હતી એની તો મને ખબર નથી. એય મેઘનાની બેનપણી છે એટલે આવી હોય ને બેય સાથે થઈ ગયાં હોય. હું તપાસ કરી લઈશ.'

'વડીલ મારે કહેવું ન જોઈએ પણ હું મેઘનાની બેનપણી છું એટલે મારાથી કહ્યા રહેવાતું કે એ બેયના વર્તાવમાં દોસ્તી કરતાં કાંઈક વધુ હતું. મારી કેટલીક બેનપણીઓએ મેઘનાને બદલે મને કહ્યું હતું કે મેઘનાને પ્રણવના વિવાહ થયેલા છે પણ પ્રણવ ને રાગિણીનો વર્તાવ જોતાં તો એમ લાગે છે કે એ બેના વિવાહ થયેલા હોય.'

'રાગિણી, પ્રણવ ને મેઘના ત્રણેય દોસ્તો છે એટલે એમને કદાચ એવું લાગ્યું હોય. પણ અમદાવાદમાં તો એવી વાત ઊડી છે

કે મેઘના અહીં કોઈના પ્રત્યે ઢળી છે.'

'કાકા, મનેય પહેલાં તો એવું જ લાગેલું પણ જ્યારે બીજી બેનપણીઓએ મારું ધ્યાન દોર્યું ત્યારે મેં ચાંપતી નજર રાખી તો મને પણ એવું લાગ્યુ હતું. વડીલ તમારા વખતમાં ને આજની જુવાન પેઢીમાં ઘણી ભિન્નતા છે. તમે તપાસ કરશો તો તમને ઘણી નવી વાતો જાણવા મળશે.'

'તને આપણી મેઘના અંગે તો કશી વાત અહીં ઊડી હોય એવી ખબર નથી ને?' કુંદનરાયે પૂછ્યું.

'એ બાપડી અહીં છ મહિનાથી જ છે ને એ મારા સિવાય અહીં કોઈને જાણતી પણ નથી. ને અહીં એવી કોઈ વાત ઊડી પણ નથી. કદાચ ત્યાંની કૉલેજના કોઈએ આ વાત ઉડાડી હોય એવું મને તો લાગે છે.'

'તોય તું એને પૂછી તો જોજે. તારી સાથે એ ખુલ્લા દિલે વાત કરી શકશે. હું એને પૂછીશ તો એને એવી કશી વાત હોય તો કરતાં સંકોચ થશે.' કુંદનલાલે કહ્યું.

'મેં એને પૂછી જોયેલું પણ એણે મારી વાતનો સીધો જવાબ નહોતો આપ્યો. પણ પ્રણવના ગયા પછી ઘણા દિવસ એ ઉદાસ લાગતી હતી ખરી.' શારમાતાં શાલિનીએ મેઘનાનો ને સાથે જીતુભાઈનો પણ બચાવ કહ્યું.

એને મનમાં તો ખાતરી થઈ જ ગઈ હતી કે જો અમદાવાદમાં વાત ઊડી હોય તો એ મેઘના ને જીતુભાઈના સંબંધ વિષે જ ઊડી હોવી જોઈએ. પણ એ એટલી નાદાન ન હતી કે પોતાના ભાઈના પાંગળતા પ્રેમમાં આડખીલીરૂપ બને એવી કોઈ વાત કરે.

'પણ બેન અમારા અમદાવાદમાં તો ભળતી જ વાત ઊડી છે કે મેઘનાનું મન મોળું છે. એને અહીં કોઈના સાથે મન મળી ગયું છે.' સન્મુખરાયે કહ્યું.

'મારી વાત માનજો ને તમારે ત્યાં તપાસ કરાવજો. પ્રણવ

અને રાગિણીની વચ્ચે કશુંક છે એની તમને ખાતરી થઈ જશે. તમે એ બેયને સામે બેસાડીને પૂછશો એટલે તમને સાચી વાતની ખબર પડી જશે.'

'એની તો હું તપાસ કરી જ લઈશ. જો બેમાંથી એકનુંય મન મોળું જણાશે. તો અમે એમને પરાણે પરણાવવાની જીદ નહીં કરીએ. અમારે એમને આખી જિંદગી દુખી નથી કરવાં.'

'તમે વ્રજરાયને સંભાળી લેજો. આપણે વિવાહ તોડી નાખીએ તો એવોએ નાતમાં આપણી ફજેતી કરાવશે. મને એની બીક છે.' કુંદનરાયે કહ્યું.

'જો વિવાહ તોડવા પડે તો એને તો હું સંભાળી લઈશ. પણ હજુ મારું મન માનતું નથી. આ બેય જણાં નાનપણથી સાથે ઉછરેલાં તોય એમનાં મન બદલાઈ કેમ ગયાં હોય! મારે તપાસ કરવી પડશે.' સનમુખરાયે સ્વગત બોલતા હોય એમ કહ્યું.

એમનો આવો બડબડાટ સાભળી રહેલી શાલિની મનમાં જ હરખાઈ રહી. એને તો મનમાં જીતુભાઈ અને મેઘનાનાં લગ્નનાં વાજાં વાગતાં સંભળાવા લાગ્યાં હતાં.

'જેમ બીજાં બધાંની નજરમાં પ્રણવ અને રાગિણીને માટે શંકા આવી તેમ મેઘનાની નજરમાં પણ આવી હોય તો એનું મન પણ મોળું પડ્યું હોય. તમને જે હશે તેની તપાસ કરીને હું કાલે સાંજ સુધીમાં સાચી વાત જણાવી દઈશ.

'તમે બેય વડીલો સમજણથી વાતને નિવેડો લાવવા માગો છો એ સારી વાત છે. બેય પરણનારનાં મનનો રાગ ન હોય તો નાતની બીકને કારણે એમને પરણાવીને દુખી કરવાની જ વાત છે.એ તમે સ્વીકારો છો એ આનંદની વાત છે.'

આ બે દોસ્તો ગયા ત્યાં જીતુભાઈ ઑફિસેથી આવી પહોંચ્યા. શાલિનીને થયું કે સારું થયું કે એ પહેલાં પેલા બેય જતા રહ્યા હતા. જીતુભાઈને એમની વાતમાં વચમાં પુરાવું પડ્યું હોત તો કદાચ વાતનું સુકાન જ ફેરવાઈ ગયું હોત.

આખે રસ્તે સન્મુખરાય પ્રણવ અને રાગિણીના જ વિચાર કરતા હતા. મેઘના અમદાવાદમાં હતી ત્યાં સુધી તો બરાબર પણ તે પછીય તે અવારનવાર પ્રણવને મળવા આવ્યા કરતી હતી તે આજ સુધી એમને સામાન્ય વ્યવહાર જેવું લાગતું હતું તેને બદલે હવે તેમને એમાં રાગિણીનો પ્રણવને પોતાનો કરી લેવાની ચાલ વર્તાવા માંડી.

આ બાજુ કુંદનરાય પણ મનમાં વિચારતા હતા કે શાલિનીએ ભલે પાતની બેનપણીનો બચાવ કરવા ગમે તેમ કહ્યું હોય પણ એમને કાને તો વાત આવી જ હતી કે મેઘના એ શાલિનીના ભાઈ પ્રત્યે જ ઢળી રહી હતી.

સાંજના એમણે સન્મુખરાયની હાજરીમાં જ મેઘનાને પૂછ્યું: ‘તારી ને પ્રણવકુમારની વચમાં કશો ખટરાગ થયો છે એવી વાત અમદાવાદમાં ઊડી છે. એનું શું છે? તું મને તો  કશું કહેતી નથી.’

‘પપ્પા, એવું કશું નથી. તમને આવી વાત કોણે કરી?’ ગૂંચવાયા છતાં મેઘનાએ મક્કમતાથી કહ્યું.

‘વાત ગમે તેણે કરી હોય પણ મારે જાણવું છે કે એમાં સાચું શું છે? લોકો તો એમાં તને સંડોવે છે.’

‘મારું નામ! પણ વાંધો તો સામે પક્ષે છે. ત્યાં પ્રણવ ને રાગિણી વચ્ચે...’ મેઘના આ વડીલોની હાજરીમાં આગળ બોલતાં અચકાઈ ગઈ.

‘એવું તને કોણે કહ્યું?’

‘એ બેય અહીં આવ્યાં ત્યારે બધાંએ તેમના વ્યવહાર પરથી જોયું જ છે. એ બેય અમારા વિવાહ તોડાવીને પરણી જવાનો ત્રાગડો રચી રહ્યાં છે. મારી કેટલીય બેનપણીઓએ મને એ લોકોના વર્તન પરથી ટોકી હતી.’ કહેતાં એની આંખોમાં આંસુ તગી રહ્યાં.

‘તારે રડવાની જરૂર નથી હું એની ખબર લઈશ. એ આવું કરે એ હું નહીં સાંખી લઉં.’

'પણ બાપુ, એનો વિચાર ન હોય તો એને પરાણે મારી સાથે પરણાવવાથી તો એય સુખી નહીં થાય કે હુંય સુખી નહીં થાઉં. મને તો એ જ નથી સમજાતું કે મારી બહેન જેવી રાગિણી આવું કરે એ હું માની જ નથી શકતી.'

'અમે તમારી વાત માની ને લગન મોડાં લેવાનું રાખ્યું એમાં જ આ મોકાણ થઈ ને અમારાં ધોળાંમાં ધૂળ ભરાવા જેવું થયું. મને તો આમાંથી નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નથી. આ છોકરાંએ કર્યું છે એવું કે આપણે બેયને નાતમાં ભૂંડા દેખાવાનું થવાનું છે.' કુંદનરાયે ગૂંચવાતાં કહ્યું.

'નાતને તો હું ભરી પીશ. પણ આ ગૂંચમાંથી નીકળવાનો રસ્તો તો મનેય દેખાતો નથી. જો વિવાહ ફોક કરીશું તો નાતની વાત બાજુ પર મૂકીએ તોય સમાજમાં ને ઓળખીતાઓમાં તો આપણે બદનામ થઈ જ જઈશું.'

'જો બેયને સમજાવી શકાય તો ઘીના ઠામમાં ઘી પડી રહે.'

'પણ મેઘના કહે છે એમ બેયને પરાણે પરણાવીએ તોય એમનો મેળ ક્યાંથી પડવાનો? મને એ વાતે તો ખાતરી છે કે હું દાબીને કહીશ તો પ્રણવ મારો બોલ નહીં ઉથાપે. પણ મારે પહેલાં રાગિણીની ને એની વચ્ચે દોસ્તી છે કે મેઘના કહે છે એવો સંબંધ છે એની પાકે પાયે ખાતરી કરી લેવી પડશે.'

એ દિવસે તો વાત ત્યાંથી અટકી. સન્મુખરાય અમદાવાદ પાછા ગયા. એમને મનમાં લાગવા જ માંડ્યું કે અમદાવાદમાં જે વાત ઊડી છે એમાં પ્રણવ ને રાગિણીના આ સંબંધ જ કારણભૂત હોવો જોઈએ.

આ તરફ કુંદનરાયે પણ મેઘનાને સમજાવીને વાત કઢાવવા પ્રયત્ન કરવા માંડ્યા. એમાં ધારી સફળતા ન મળતાં એ એક દિવસ સાંજના રોહિણીબેન સાથે શાલિનીને ત્યાં જઈ ચઢ્યા.

આ વખતે તો જીતુભાઈ પણ નોકરી પરથી ઘેર આવી ગયેલા હતા. કુંદનરાયને કાને વાત આવી હતી તેમાં જીતુભાઈનું

નામ પણ આવતું હતું એટલે એમણે જીતુભાઈને પણ મોઘમ પૂછવા પ્રયત્ન કર્યો: ‘અમારી મેઘનાને માટે અમદાવાદમાં કોઈ વાત ઉડાડી છે કે એ અહીં સુરતમાં કોઈની સાથે હળી ગઈ છે ને એના વિવાહ તૂટવાની અણી પર છે.’

‘એ મારી બેન શાલિની સાથે ઘણી વખત મારે ત્યાં આવે છે ને હું જાણું છું ત્યાં સુધી આ વાત સાચી હોય તેવું લાગતું નથી. વળી પ્રણવકુમાર અહીં આવ્યા ત્યારે અમારે ત્યાં જ રહ્યા હતા. એમની સાથે મેઘનાની બેનપણી રાગિણી પણ આવી હતી.’

‘તમને એ બે વચ્ચેના સંબંધ અંગે કશો વહેમ આવ્યો હતો?’

‘એ તો મેઘનાની પણ બેનપણી છે એટલે પ્રણવ સાથે પણ એની દોસ્તી હોય જ ને! કૉલેજમાં તો છોકરી હોય કે છોકરો બધાંય સામાન્ય દોસ્તી રાખતાં હોય છે.’

# ૧૬. પ્રણવનો કેસ પિતાની કોર્ટમાં

સન્મુખરાયે બીજે દિવસે સવારમાં જ પ્રણવને પકડ્યો: ‘તું સુરત ગયો ત્યારે તારી સાથે કોઈ છોકરીને લઈને ગયેલો?’

પ્રણવ એમના આવા સીધા સવાલથી પહેલાં તો મનમાં છપાઈ ગયો પણ તરત જ સ્વસ્થ થતાં એણે કહ્યું: ‘હું એને સાથે લઈને ગયો ન હતો પણ એ મેઘનાની બેનપણી છે ને મેઘનાએ એને પણ કૉલેજના એન્યુઅલ ફંક્શન પર બોલાવેલી એટલે એ મને ટ્રેનમાંથી ઉતર્યા પછી સુરતના સ્ટેશન પર મળી ગયેલી.’

‘કોણ છે એ છોકરી? મેઘનાની બેનપણી હોય તો એને અમેય જાણતાં હોઈશું.’

‘રાગિણી. એ પણ એન્યુઅલ ફંક્શન માટે જ સુરત ગઈ હતી. એનાં તો કોઈ સગાં સુરતમાં રહે છે એમ એ કહેતી હતી.’ પ્રણવની જીભ ખુલવા માંડી હતી.

‘જો એનાં સગાં સુરતમાં રહેતાં હતાં તો પછી એ એમને ત્યાં રહેવાને બદલે તારી સાથે મેઘનાની બેનપણીને ત્યાં કેમ રહેલી?’

‘એ તો થયું એવું કે મેઘના ને એની બેનપણી શાલિની મને લેવા સ્ટેશન પર સામાં આવેલાં તે એ એને તાણ કરીને શાલિનીને ત્યાં રહેવા લઈ ગયેલાં.’

‘પણ ત્યાં તો વાત ઊડી છે કે તારી ને રાગિણીની વચ્ચે કશોક સંબંધ છે. અને એટલે તો ત્યાં એવી વાત ઊડી છે કે તમારે કારણે સંબંધ તૂટવાનો છે.’

‘જો એમણે ત્યાં એવી વાત ઉડાડી હોય તો તે તદ્દન ખોટી છે. એની સામે મેઘનાએ જ ત્યાં શાલિનીના ભાઈ જીતુભાઈ સાથે સંબંધ બાંધવા માંડ્યો છે. મેં અને રાગિણીએ એનો એ વ્યવહાર નજરે જોયેલો છે એટલે એમણે આવી ઊંધી વાત ઉડાડી હશે.

તમારે ખાતરી કરવી હોય તો હું આજે કૉલેજ છૂટ્યા પછી રાગિણીને બોલાવી લાવીશ. તમે એને પૂછી જોજો ને!' પ્રણવે રીગિણીને દાવ આપતાં કહ્યું.

'મારે એને પૂછવું પડશે. બિચારા કુંદનરાયને તો ખાવાનુંય ન ભાવે એવો ઘાટ થઈ ગયો છે. તમને આ બધી રમત લાગતી હશે પણ અમારે તો નાતમાં મોઢું સંતાડવાનું થયું છે. હજુ તો ફક્ત વાત જ ઊડી છે તોય લોકો અમારી સામે તાકી તાકીને જોયા કરે છે.'

'પિતાજી, એમાં આપણો કોઈ વાંક નથી. મનેય કૉલેજમાં બધા આ અંગે પૂછીને હેરાન કર્યા કરે છે.'

'તું કહે છે એમ સાંજે તું રાગિણીને મારી પાસે બોલાવી લાવ. હું એને મળવા માગું છું.'

'તમારી એવી ઈચ્છા છે તો હું એને સાંજે બોલાવી લાવીશ. એણે સુરતમાં જે જોયું છે તે તમે એને પૂછશો એટલે તમારી શંકાનું સમાધાન થઈ જશે.' કહી પ્રણવ કૉલેજમાં ગયો.

એણે રાગિણીને બહાર લઈ જઈને બધી વાત કરી. 'મને ચોક્કસ લાગે છે કે આ અફવા તેં જ ઉડાડી છે. હવે આજે તારે મારા પિતાજીની સામે ઉપસ્થિત થઈને રજૂઆત કરવાની છે.'

'હું તો એમને સુરતની બધી વાત કરી દઈશ. તેં એમને શરમમાં જે વાત નથી કરી એય હું એમને કરી દઈશ. હું તો એમને એમ પણ કહીશ કે જો તમને એ પરાણે પરણાવશે તો બેમાંથી કોઈ સુખી નહીં થાય.'

◇

આમ સંતલસ કરીને એ સાંજે બેય સન્મુખરાયની કૉર્ટમાં ઉપસ્થિત થયાં.

સન્મુખરાયે શરૂ કર્યું: 'જો રાગિણી એ લોકો તનેય આ વિવાહ તૂટવાની વાતમાં સંડોવે છે. તું ત્યાં પ્રણવની સાથે ગઈ હતી?'

‘ના મારા પર મેઘનાનો પત્ર આવ્યો હતો ને એણે મને એન્યુઅલ ફંક્શન પર સુરત બોલાવી હતી. વળી મારાં માસી સુરતમાં રહે છે એય મને કાયમ સુરત બોલાવ્યા કરતાં હતાં એટલે હું સુરત ગઈ હતી. પ્રણવ ને હું તો છેક સુરત ટ્રેનમાંથી ઉતર્યા પછી ભેગાં થયાં.’

‘પણ ત્યાં તો એવી વાતો ચાલે છે કે તારા ને પ્રણવની વચ્ચે કાંઈક છે.’

‘વડીલ, મને કહેતાં શરમ આવે છે પણ મેઘના એની બેનપણી શાલિનીના ભાઈ સાથે હળી ગઈ છે. મેં અને પ્રણવે અમારી નજરે એ જોયું છે એટલે એણે પોતાની જાતને બચાવવા આવું હડહડતું જુઠાણું વહેતું કર્યું છે. તોય તમને વિશ્વાસ ન આવતો હોય તો શાલિનીના મોટા ભાઈ જીતુભાઈ અંગે એને કે એનાં માબાપને પૂછી જોશો એટલે સાચી વાતની ખબર પડી જશે.’ રાગિણીએ શરમ મૂકીને કહી દીધું.

‘અમે બેય વેવાઈ શાલિનીને મળી આવ્યા છીએ. એણે તો વચમાં તારું નામ દઈને દોષનો બધો ટોપલો તારા પર ઢોળી દીધો છે.’

‘એ તો એમ જ કરે ને. પોતાના ભાઈનું નામ વચમાં લાવે જ શાની? એણે જ ઉપર રહીને મેઘનાને ભોળવી છે. એ જેટલી બહાર જણાય છે એટલી ભોળી નથી. તમે સુરત જતા પહેલાં મને પૂછ્યું હોત તો તમે એને એના ભાઈ વિષે સીધું જ પૂછી શક્યા હોત.’

‘તારું નામ વચમાં આવ્યું એ વાતની મને સુરત ગયા પછી ખબર પડી નહીં તો હું તને જ પહેલું પૂછત ને!’

‘તમે જે વિચારતા હો એ ખરું પણ એક વખત દૂધમાં મોળવણ પડી ગયા જેવી વાત છે. બેમાંથી એકનુંય મન મોળું હોય તો મને લાગે છે કે એમને પરણાવશો તો એ તો દુખી થશે ને સાથે તમને બધાંને દુખી કરશે. મારું માનો તો નાતની બીક રાખ્યા વગર કોહ્યું ત્યાંથી કાપી નાખો એ જ બરાબર છે.’

'તમારે છોકરાંને મન તો આ બધું ભાજી મૂળા જેવું લાગે છે પણ જો વિવાહ ફોક કરીએ તો અમારાં બેય કુટુંબોને તો સમાજમાં મોં બતાવવાનુંય નહીં રહે.'

'વડીલ, તમે નાતને તો પહોંચી વળશો પણ આટલી વાત ચર્ચાયા પછીય જો એ બે પરણશે એમનાં દોસ્તો ને કૉલેજમાં એમની કિંમત કોડીની થઈ જશે. પ્રણવ જેવા આગેવાનનેય પછી તો કોઈને મોં બતાવવા જેવુંય નહીં રહે. એ બેયને સુખી રાખવાં હ'ય તો તમારે કડવો ઘુંટડો ભરવો પડશે.'

'તું ગમે તેમ કહે પણ મને તો બેય પક્ષે વાંધો દેખાય છે. બેયનાં મન બદલાઈ ગયાં હોય એવું મને લાગે છે. ભલું હશે તો કુંદનરાય વેવાઈ બેચાર દિવસમાં અહીં આવવા જોઈએ. જો એ નહીં આવે તો હું સુરત જઈને બધી વાતની ચોખવટ કરી આવીશ ને અમે બેય જણા વાતનો ફેંસલો કરી દઈશું.' સન્મુખરાયે કહ્યું.

◇

પ્રણવ રાગિણીને વળાવવા બહાર ગયો એટલે ક્યારનાં ચૂપ બેઠેલાં માલતીબેને કહ્યું: 'તમને જણાયું હોય કે નહીં પણ મને તો આ છોકરીની વાત પરથી લાગે છે કે સુરતમાં જે વાત ઊડી છે એ ખોટી નહીં હોય.'

'મનેય એવું જ લાગ્યું છે પણ એક છોકરી સામે મેં એવું કહેવાનું ટાળ્યું. આપણા પ્રણવની સાથે આ છોકરી શોભે એવી પણ છે. પણ વાત આટલી આગળ વધી ગયા પછી આમણે આવું ઉપાસણ કર્યું એટલે આપણે નાતને જવાબ આપવાનો થશે. જો સામે પક્ષે મેઘનાની જે વાત ઊડી છે એ પણ સાચી હોય તો વિવાહ ફોક કરીને બેયનાં મન સચવાય એવું છે. જોઈએ કુંદનરાય શું કહે છે.'

'વાંક હોય તો બેય પક્ષે છે એટલે કોઈ આપણી સામે આંગળી ચિંધી શકે તેમ નથી. ને હું માનું છું કે આપણે બેય સુરત જઈને કુંદનરાયને બધી વાત કરીને એમની સાથે સમજૂતી કરીને સંબંધ ફોક કરીએ તો આપણાં બેય કુટુંબોમાં જે મેળ છે એય

સચવાઈ જશે.’

‘આપણે મન તો મેઘના આપણી દીકરી સમાન છે પણ આજનાં છોકરાંની વાત જ જુદી છે. પ્રણવ ને મેઘનાને દૂર જવાનું થયું તેમાં જ વાત ડહોળાઈ ગઈ. તોય હું તો માનું છું કે વેળાસર વાત બહાર પડી એ સારું જ થયું છે. જો લગન પછી આવું કંઈક થયું હોત તો છોકરાની સાથે આપણેય દુખી થઈ ગયાં હોત ને!’

‘બેય નાનપણથી સાથેનાં સાથે ઉછરેલાં તોય એમનાં મન કેમનાં બદલાઈ ગયાં એ જ મને તો નથી સમજાતું. પ્રણવ આપણને કશું સ્પષ્ટ કહેતો નથી પણ એનોય વિચાર મેઘના સાથે પરણવામાં મોળો છે એમ મને લાગે છે.’

‘મને તો આમાં કશું સમજાતું નથી. આવું થયું એ જ મને તો શરમાવા જેવું લાગે છે. મને લાગે છે કે આ વખતે આપણે ફરીથી સુરત જઈને મેઘનાને સમજાવી જોઈએ.’

‘એનો કશો અર્થ નથી. એ પ્રણવનો વાંક કાઢશે. એ એનો વાંક થોડો બતાવવાની છે! અમે જ્યારે એની નવી બેનપણી શાલિનીને પૂછ્યું તો એણે જે વાત કરી તેમાં એના ભાઈનો જરા સરખોય ઉલ્લેખ એણે કર્યો ન હતો.’

‘એ તો ના જ કરે ને! એના ભાઈના પગ નીચે રેલો આવતો હોયું તો એ વાત કરે જ શાની? આ વખતે તો હું મેઘનાની ને એની બેયની બરાબરની ખબર લઈ નાખીશ. પછી ભલે ને કુંદનરાય સાથે સંબંધ બગડતો. એને કારણે આપણેય છપાવાનું થવાનું છે ને.’

‘એમાં બિચારા એમનોય શો વાંક? એમની જાણ બહાર આવું થયું હોય તે એય શું કરે? એમનેય શરમાવાનું તો થવાનું જ છે ને.’ સન્મુખરાયે પત્નીના જુસ્સાને ઠંડો પાડતાં કહ્યું.

રાગિણીને વળાવીને પાછા આવીને પ્રણવે કહ્યું: ‘હું કાલે જ સુરત જઈને મેઘનાને જ સીધું પૂછી લઈશ ને હું આખી વાતનો ફેંસલો કરી નાખીશ.’

સન્મુખરાયને એની વાત ન રુચી હોય એમ એમણે કહ્યું: ‘તારાથી કંઈક અજુગતું બોલાઈ જાય તો આપણાં બે ઘર વચ્ચેનો જે સંબંધ છે એ નહીં રહે. એના કરતાં અમે બે મોટાં જઈ આવીએ એ જ બરાબર છે.’

‘તમે લોકો જશો તો મેઘના તમારી સાથે શરમમાં એના મનની વાત નહીં કરી શકે. એના કરતાં હું જઈશ તો એના મનમાં મારે માટે જે શંકા હશે તેનું હું સમાધાન કરવા પ્રયત્ન કરીશ ને એની જે વાત અહીં ઊડી છે તેની પણ ચોખવટ કરી લઈશ. તમને એમ હશે તો હું કુંદનમાસાને કાંઈ નહીં કહું. હું આવીને જોવું હશે તેવું તમને જણાવીશ. પછી તમે જ તમારી રીતે એમને જે જવાબ આપવો હોય એ આપી દેજો.’

‘તને એમ લાગતું હોય તો તું પહેલાં જઈ આવ.’ છેવટે સન્મુખરાયે નમતું જોખ્યું.

◇

પ્રણવ ક્રીમ જવાને બદલે સીધો શાલિનીને ત્યાં પહોંચ્યો. એને પોતાને ત્યાં આમ અચાનક આવેલો જોતાં પહેલાં તો એ થોડી છપાઈ ગઈ પણ તરત સ્વસ્થ થતાં બોલી: ‘આવો. આજે તમે બેયે મારે ત્યાં મળવાનું ગોઠવ્યું છે કે શું? મેઘનાએ પણ મને કશું કહ્યું નથી. એ હમણાં જ આવવી જોઈએ.’

‘મને કશું સમજાતું નથી કે બધું શું રંધાઈ રહ્યું છે. તમને તો ખબર હશે જ.’ પ્રણવે કહ્યું.

‘શાનું રંધાઈ રહ્યાની વાત કરો છો? તમે મને સમજાય એવું પૂછો તો જવાબ આપું ને!’ શાલિનીને પ્રણવનું મેઘનાને ત્યાં જવાને બદલે આમ અચાનક સીધું પોતાને ત્યાં આવવું ગૂંચવતું હતું.

‘અહીં વાત ઊડી છે કે મારી અને રાગિણીની વચ્ચે કંઈક છે. તો અમદાવાદમાં વાત ઊડી છે કે મેઘનાને જીતુભાઈ વચ્ચે કાંઈક છે. કાંઈક હોય ને વાત ઊડે તો બરાબર છે પણ આમ ખોટી વાત ઊડે તો મારું તો સમજ્યા પણ રાગિણીને તો શરમાવાનું જ

થાય ને! એની જે બદનામી થાય એના છાંટા તો એના ભવિષ્ય પર પડે ને એનાં લગ્નમાંય વિઘ્ન આવે.'

'એમાં સાચું શું છે એની તો તમને બેય પરણનારને ખબર પડે. હમણાં મેઘના આવે એટલે તમે બેય તમારી જાતે જ નક્કી કરી લેજો કે એમાં સાચું શું છે ને ખોટું શું છે?' શાલિનીએ કાને હાથ દઈ દીધા.

'એ માટે તો મારે અહીં આવવું પડ્યું છે. એ આવે એટલે મારે આ વાતનો ફેંસલો જ કરી નખવો છે. આ તો તમને એ માટે પૂછ્યું કે તમારા ધ્યાનમાં કશું આવ્યું હોય તો ખબર પડે.'

'મેઘના ને મારે સારી દોસ્તી છે પણ મારા ધ્યાનમાં એવું કાંઈ આવ્યું નથી. અહીં તમારી વાતો ઊડી છે ખરી પણ એ કોણે ઉડાડી તેની ખબર પડી નથી. તમારે ત્યાં કોણે વાત ઉડાડી એની કદાચ તમને ખબર પડી હોય.'

'તમે તો એવું જ કહો ને! પણ આ વાત કોઈ ચોક્કસ હેતુસર જ ઉડાડવામાં આવી છે. જેણે આ વાતો ઉડાડી હોય એનો હેતું અમારાં લગ્નની વાતમાં ભંગાણ પડાવવાનો જ છે એ વાત તો ચોક્કસ જ છે.'

'જેણે આ વાત ઉડાડી હોય એ તમારાં દુશ્મન જ હશે. મેઘના તો અહીં હજુ નવી છે ને એને મારા સિવાય કોઈની સાથે પરિચય પણ નથી તો એનું દુશ્મન કોણ હોય? તોય વાત ઊડી છે એ તો ચોક્કસ છે. તમારે ત્યાંથી કોઈએ અહીં વાત ઉડાડી હોય એમ ન બની શકે?'

આ વાતો ચાલતી હતી ત્યાં જ મેઘના આવી પહોંચી. પ્રણવને અહીં જોતાં એ સહેજ ખચકાઈ ગઈ પણ તરત સ્વસ્થ થતાં એણે કહ્યું: 'તું ક્યારે આવ્યો? કેમ અચાનક આવવું થયું? અમારે ત્યાં સીધો કેમ ન આવ્યો?'

'હું તારી સાથે વાત કરવા જ આવ્યો છું. ત્યાં ઘેર કાકા ને માસીની સામે આપણે ખુલાસાથી વાત ન કરી શકીએ એટલે અહીં જ સીધો આવ્યો છું. આપણા બેયને માટે અહીં ને એમદાવાદમાં જે

વાતો ઊડી છે એનો આપણે બેયે મળીને નિકાલ કરવાનો છે.' પ્રણવે કહ્યું.

'અમદાવાદમાં શી વાતો ઊડી છે એની તો મને ખબર નથી પણ અહીં સુરતમાં જે વાત ઊડી છે એ તો મારા કાન પર પણ આવી છે. લોકો એમને મન ફાવે એવા ગપગોળા ઉડાવે એમાં આપણે શું કરી શકીએ?'

'આમ તો એનો વાંધો પણ નહીં જો આપણે બેય મક્કમ હોઈએ તો, પણ આપણાં માબાપને કાનેય આ વાત આવી છે એટલે એમને મનમાં ઉચાટ થાય એ તો ખરું જ ને!'

'એટલે તારા મનમાં મારી મક્કમતા અંગે શંકા છે એમ તો તું કહેવા નથી માગતો ને? આપણે છેક બાલમંદિરથી તે કૉલેજ સુધી સાથેનાં સાથે છીએ ને આપણા વિવાહ પણ આપણી સંમતિથી થયા છે છતાં તું આવું માનતો હોઉં તો મને તારી મક્કમતા પર શંકા આવે છે.' મેઘનાએ પ્રણવને માથે ટોપલો ઢોળતાં કહ્યું.

'એમ તો મનેય તારા પર શંકા આવે એવું ક્યાં નથી? એટલે તો હું આજે બધી ચોખવટ કરવા અહીં આવ્યો છું. આપણા બેમાંથી કોઈનાય મનમાં ખટકો હોય તો હજુ સમય છે. પછી એવું ન થાય કે કંકોત્રીઓ લખાઈ જાય ને વાજાં વાગવા માંડે ત્યારે કોઈ અવળું ફરીને ઊભું ન રહી જાય.'

'તું આમ કહીને તારા મનની વાત તો નથી કરી રહ્યો ને! હું મક્કમ છું એ વાતની ધરપત રાખજે. તારી વાત તું જાણે.' મેઘનાએ કહ્યું.

પ્રણવ તેની આવી વાતથી મનમાં ગૂંચવાઈ રહ્યો. એણે કહ્યું: 'હું મક્કમ ન હોત તો અહીં દોડી ન આવ્યો હોત. મને તો આપણાં માબાપની ચિંતા થાય છે. એ લોકો તો આ વાતોને સાચી માનીને આપણા થયેલા વિવાહ તૂટવાથી નાતમાં કેટલી નામોશી થશે એની ચિંતામાં પડી ગયાં છે.'

'તું સુરત દોડી આવ્યો છું એની પાછળ મને તો બીજું

કારણ દેખાય છે. તારો અને રાગિણીનો વ્યવહાર મેં નજરે જોયો છે. તારે મારી પાસે આપણા વિવાહ ફોક કરવાનું કહેવરાવવું છે. જો તારે અને રાગિણીએ પરણી જવું હોય તો હું એમાં વચમાં નહીં આવું પણ હું મારાં માબાપને આપણા વિવાહ તોડી નાખવાનું નહીં કહી શકું. તારો વિચાર મોળો હોય તો એ તો તારે જ કરવું પડશે.' મેઘનાએ સ્પષ્ટ કહી દીધું.

'એમ તો તારા ને જીતુભાઈ વચ્ચે કેવા સંબંધો છે એ મેંય નજરે જોયેલા જ છે ને! એટલે વિવાહ તોડવા હોય તો પહેલ તો તારે જ કરવી પડશે અને તેય જેમ બને તેમ જલ્દી.' પ્રણવે મેઘનાને માથે જવાબદારી મારતાં કહ્યું.

એટલે બેય સંબંધ તોડવા ઉત્સુક હતાં એ વાત તો બેય મનમાં સમજી ગયાં. મેઘનાએ કહ્યું: 'આમ એક બીજા પર આક્ષેપ કરીને આપણે શું પુરવાર કરવા માગીએ છીએ એ જ મને નથી સમજાતું. ચાલ તું ચોખવટથી કહે કે તું શું ઈચ્છે છે?'

'દૂધમાં મોળવણ પડી ગયું છે. મને નથી લાગતું કે આપણે બેય હવે લગ્ન કરીને સુખી રહી શકીએ. તું જેમ ઈચ્છે તેમ કરવા હું તૈયાર છું.'

'તું પુરુષ છું. તારે કહી દેવું જોઈએ કે તું મારી સાથે લગ્ન કરવા માગતો નથી. પછી હુંય કહેવા માંડીશ કે મારો વિચાર પણ તારી સાથે લગ્ન કરવાનો નથી. પછી આપણાં વડીલો આપણને પરાણે પરણાવવાનો આગ્રહ નહી જ રાખે એનો મને વિશ્વાસ છે.'

'પણ આપણા બેમાંથી કોઈ વડીલોને એમ કહી શકીએ એમ મને લાગતું નથી. કદાચ કોઈ ત્રીજી વ્યક્તિ મારફતે એમને કાને આપણી નામરજીની વાત એમના સુધી પહોંચાડી શકીએ. પછી એ આપણને પૂછે તો આપણે એમને આપણા મનની વાત કહી દઈએ. મને લાગે છે કે આપણે એમ જ કરવું જોઈએ. તને શું લાગે છે?'

'મને નથી લાગતું કે એમ થઈ શકે. આપણે જ વડીલોને વાત કરવી જોઈએ એમ મને તો યોગ્ય લાગે છે.' પ્રણવે કહ્યું.

‘જો તારું માનવું એમ હોય તો પહેલાં તારે જ તારાં માબાપને આ વાત કરવી જોઈએ. તું પુરુષ છું એટલે નહીં પણ તારે જ મારી સાથે લગ્ન કરવાં નથી એટલે.’ મેઘનાએ કહી દીધું.

‘તું આમ મને દોષ ન દેતી. મારી સાથે લગ્ન ન કરવાનો વિચાર તો તારો છે ને હું તો વચમાંથી ખસીને તમને માર્ગ કરી આપવા માગું છું. એટલે તું પહેલાં કાકા ને માસીને સ્પષ્ટ કહી દે પછીનું બધું હું સંભાળી લઈશ.’

‘તું મને શું બુધ્ધુ સમજે છે? મેં તારો રાગિણી સાથેનો વ્યવહાર જોયો છે. તમારી વચ્ચેથી ખસી જઈને માર્ગ તો હું કરી આપવા માગું છું. મને તો એ વાતનીય ખાતરી છે કે તું તારી પરીક્ષાની તૈયારી કરવાને બદલે અહીં એટલા માટે તો આવ્યો છું. હવે આમ કુલડીમાં ગોળ ભાગવા જેવી વાત પડતી મૂકીને સીધી વાત કર.’

‘હું મારા માટે નથી આવ્યો, તારા માટે આવ્યો છું. તું ખોંખાળીને જવાબ દઈ દેતી હોય તો હું વળતી ગાડીએ પાછો ચાલ્યો જવાય તૈયાર છું. બોલ, તને આપણાં લગ્ન થાય તેમાં કશો વાંધો તો નથી ને?’ પ્રણવે કહી તો દીધું પણ એના સવાલનો શો પડઘો પડશે એની ચિંતા સાથે એ મેઘનાનો જવાબ સાંભળવા કાન માંડી રહ્યો.

‘તારા મનમાં કશી ગૂંચ ન હોય તો મારે તો લગ્ન ઊભાં રહે ને આપણાં વડીલોનાં મનમાં શાંતિ રહે એવી જ ઈચ્છા છે. હવે જવાબ તારે આપવાનો છે. તું શું ઈચ્છે છે?’ મેઘનાએ પણ એવો જ જવાબ આપ્યો, એ આશાએ કે હમણાં પ્રણવ ઢીલો પડીને પોતાના મનની વાત કરશે.

‘તો હું સાંજની ફાસ્ટમાં પાછો જાઉં છું ને મારાં માબાપને કહી દઉં છું કે આપણાં લગ્ન નક્કી કર્યા પ્રમાણે પરીક્ષા પછી વહેલી તકે લેવામાં આવે એવી આપણા બેઉની ઈચ્છા છે. બરાબર છે ને?’

પ્રણવની આવી વાતથી એક વખત તો મેઘનાના મનમાં

ભાવનાઓનું ઘમસાણ મચી રહ્યું પણ એણે પ્રણવને જવાબ આપવા ઘણી મથામણ કરી પણ એનાથી કાંઈ બોલી શકાયું નહીં. છેવટે એણે કહ્યું: 'મને તો એમાં વાંધો જ ક્યાં હતો? વાંધો તો તારે હતો એમ મને લાગતું હતું.'

'હવે એક વાત તો નક્કી થઈ ગઈ કે આપણે બેય એકબીજા સાથે લગ્ન કરવામાં પૂરા મનથી સંમત છીએ.' પ્રણવે લગ્નની વાત પર સંમતિની મહોર તો મારી દીધી પણ જ્યારે રાગિણી એને પૂછશે તો એને શો જવાબ આપશે તેની ચિંતામાં એ પડી ગયો. તો સામે પક્ષે મેઘનાના મનમાં પણ જીતુભાઈના વિચારો ઘમસાણ ક્યાં મચાવી રહ્યા ન હતા!

બેય જણાં એકબીજા પર વાત ઢોળતાં હતાં એટલે છેવટે મેઘનાએ કહ્યું: 'તારા મનમાં જે હોય તે તું તારાં માબાપને જણાવી દેજે. મારી તો તારી વાતમાં સંમતિ છે જ. જો તને આપણાં લગ્નમાં વાંધો ન હોય તો મને પણ કોઈ વાંધો નથી.'

'તો મનેય એમાં ક્યાં વાંધો છે?' પ્રણવે કહ્યું.

બેયની વાતો સાંભળતી શાલિની મનમાં ગૂચવાઈ રહી હતી પણ એનાથી વાચમાં પુરાઈ શકાયું નહીં. ને એ સાંજની ગાડીમાં જ પ્રણવ વાતનો નિવેડો લાવ્યા સિવાય પાછો અમદાવાદ ઊપડી ગયો.

એ ગયો એટલે મેઘના ને શાલિની બેય મનમાં ગૂંચવાઈ રહ્યાં. 'તેં એને ચોખ્ખું કેમ ન કહી દીધું કે તું એની સાથે લગ્ન કરવા માગતી નથી?' શાલિનીએ પૂછ્યું.

'મને એમ હતું કે એ એને મોંએ જ એમ કહેશે. એ અહીં સુધી એ માટે તો દોડી આવ્યો હતો એમ હું માનતી હતી.'

'હવે શું?'

'એનું જે હશે તે બે દિવસમાં બહાર આવ્યા સિવાય નહીં રહે.'

'ને બે દિવસમાં એના તરફથી કોઈ વાત બહાર નહીં આવે

તો તું શું કરીશ?’

‘મને ખબર નથી કે હું શું કરીશ પણ મને શ્રધ્ધા છે કે એ કાંઈક એવું જરૂર કરશે કે એના મનમાંની વાત ઉઘાડી પડી જશે. નહીં તો આપણે કાંઈક કરવું પડશે.’ મેઘનાએ કહ્યું તો ખરું પણ એમ ન થાય તો પોતે શું કરી શકવાની હતી એનો આછોય ખ્યાલ એના મનમાં ન હતો.

પણ બે દિવસને બદલે અઠવાડિયું એમ જ વીતી ગયું. મેઘનાના પિતા કુંદનરાયે લગ્ન માટે તૈયારીઓ શરૂ કરી દીધી. હવે મેઘના ખરેખરની ગૂંચવાઈ ગઈ.

◇

શાલિનીને તો જાણે પોતાનાં બારેય વહાણ ડૂબી જતાં હોય એમ લાગી રહ્યું હતું.

# ૧૭. પછી શું થયું?

દસેક દિવસ પહેલાં જીતુભાઈને રાગિણી મળી ગઈ ને એ પ્રણવ ને મેઘનાના વિવાહ અંગે જાણવાની જિજ્ઞાસા ન રોકી શક્યા.

એમણે એની સાથે સામાન્ય વાતો કરતાં પૂછી જ નાંખ્યું: ‘પછી પ્રણવ ને મેઘના પરણ્યાં કે એમના વિવાહ તૂટી ગયા?’

‘પ્રણવ પાણીમાં બેસી ગયો ને એ બેય પરણી ગયાં. મને વધારે કાંઈ ખબર નથી.’ રાગિણીએ સાવ નિરસ ભાવે કહ્યું.

‘તને તો ખબર હોવી જ જોઈ ને! તું એમનાં લગ્નમાં ગઈ જ હોઈશ ને!’

‘ના, મારા પર એમનાં લગ્નની કંકોત્રી આવી હતી પણ હું એમનાં લગ્નમાં હાજર રહી ન હતી.’

‘કેમ?’

‘મારે એમનાં મન વગરનાં લગ્નમાં સાક્ષી બનવું ન હતું એટલે હું અમદાવાદથી બહાર ચાલી ગયેલી.’ એણે કહ્યું પણ જીતુભાઈને તો ખબર હતી જ કે આ પ્રેમના ચતુષ્કોણમાંનો ચોથો પાયો એ જ હતી.

‘એમણે તને આમ ચાલી જવા દીધી ખરી?’ એમણે પૂછ્યું.

‘મને એમ લાગ્યું કે એ બેયને લગ્નમાં મારી હાજરીની જરૂર જ ન હતી એટલે જ હું એમને જણાવ્યા સિવાય ભાગી નીકળેલી ને!’ એણે આમ કહ્યું તો ખરું પણ એના મોં પરથી જીતુભાઈને ન લાગ્યું કે એ ખરા મનથી આમ કહી રહી હતી.

એમને લાગ્યું કે પ્રણવ કે મેઘના એમનાં માબાપની સામે પોતાની લગ્નમાં નારાજગી દર્શાવી શક્યાં ન હતાં કે પછી બેયે પોતાનાં માબાપને દિલગીર કરવાને બદલે પોતે જ દિલ સાથે

સમજુતિ કરી લીધી હતી.

એ તો હતી રાગિણીની વાત પણ જીતુભાઈ પોતાનું દુખ કોની આગળ રડે! શાલિનીની પાસે તો આ વાત કરાય જ નહીં. એ તો મેઘના પરની ચીઢ કેમેય છુપાવી શકતી ન હતી. મનમાં તો એ એમ જ માની રહી હતી કે પોતે મેઘનાને દબાણ કરીને તેના પિતાની સમક્ષ ચોખવટ કરવા મક્કમ ન કરી એમાં પોતાની જ ભૂલ હતી.

તો સામે પક્ષે મેઘના ને પ્રણવ પણ ક્યાં સુખી હતાં! એમણે શરમમાં ને પોતાના અહંમાં પોતાનાં વડીલોની સામે ચોખવટ ન કરતાં પરિસ્થિતિ વણસી જવા દીધી હતી એમાં એ બેય એકબીજાને દોષિત માની રહ્યાં હતાં.

◇

**વર્ષો વીતતાં જાય છે. આમાં સંડોવાયેલાં ચારેય જણે મનોમન સમજૂતી કરી લીધી હોય એમ જીવ્યા કરે છે. માનો કે જિંદગી ઘસેડ્યા કરે છે.**

◇◇◇